CITYNEWSRAJKOT@GMAIL.COM | @CITY NEWS RAJKOT LIVE | @CITY NEWS RAJKOT | +91 81409 88883



Page 13

# સિટી ન્યૂઝ

સૌરાષ્ટ્રનો ધબકાર...

Digital Editions

2002-2026 25 વર્ષ લગાતાર પ્રજાનો વિશ્વાસ

Year : 04, Issue : 111, Dt. 10-09-2026 (THURSDAY) Rs. 02/- Page : 34, RNI No. GUJGUJ/2023/84789

### વંદે માતરમ મુદ્દે ખેડાવાલા સામે શિસ્તભંગની કાર્યવાહી કરવા માંગ

# વિધાનસભાને બોમ્બથી ઉડાવવાની ધમકી

# અંદર રાજકીય બોમ્બ ફૂટ્યા

સિટી ન્યૂઝ@અમદાવાદ

ગુજરાત વિધાનસભા, ગાંધીનગર કોર્ટ અને અમદાવાદમાં સ્કૂલોને આજે ૧૦ સપ્ટેમ્બરે બોમ્બથી ઉડાવવાની ધમકી મળી છે. 'ગુજરાત બોલશે ખાલિસ્તાન ઝિંદાબાલ' લખીને બપોરે ૧ વાગ્યાને ૧૧ મિનિટે સ્કૂલમાં અને ૨ વાગ્યાને ૧૧ મિનિટે કોર્ટમાં બોમ્બ બ્લાસ્ટ કરવાનો આ ધમકીભર્યો મેઈલ કરવામાં આવ્યો હતો. જો કે સુરક્ષાને લઈ ડોગ સ્ક્વોર્ડ અને પોલીસની તપાસ દરમિયાન



વિધાનસભામાં કોઈ શંકાસ્પદ વસ્તુ મળી આવી નથી અને વિધાનસભાની કાર્યવાહી રાબેતા મુજબ અને સમયસર શરૂ થઈ હતી. અમદાવાદના વેજલપુરની ઝાયડસ સ્કૂલ, બોપલની DPS અને થલતેજની ઉદગમ સ્કૂલને બોમ્બથી ઉડાવવાનો મેઈલ મળ્યો હતો. જે બાદ વાલીઓને તાત્કાલિક બાળકોને ઘરે લઈ જવા સૂચના આપી દેવામાં આવી હતી. જેના કારણે વાલીઓમાં દોડધામ મચી હતી. બોમ્બ થ્રેટના મેઈલની જાણ થતા જ બોમ્બ સ્ક્વોર્ડ, ફાયર વિભાગ, પોલીસ અને ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમ પણ ઝાયડસ સ્કૂલ પર પહોંચી હતી અને તાત્કાલિક સ્કૂલને ખાલી કરવા માટેની સૂચના આપી દેવામાં આવી હતી. જો કે ત્યાંથી પણ કોઈ શંકાસ્પદ વસ્તુ મળી નથી.

ઝાયડસ સ્કૂલને ધમકી મળતા જ સવારની પાળીના વિદ્યાર્થીઓને તાત્કાલિક રજા આપી દેવામાં આવી હતી. વાલીઓને મેસેજ કરીને બાળકોને લઈ જવા માટે સૂચના આપવામાં આવી હતી. જેથી વાલીઓ પણ ભયના માહોલ વચ્ચે દોડતા દોડતા શાળાએ પહોંચી બાળકને લઈને ઘરે લઈ ગયા હતા. જ્યારે બપોરની પાળી રાબેતા મુજબ ચાલુ છે. DEO રોહિત ચૌધરીએ જણાવ્યું હતું કે, તમામ સ્કૂલને ધમકી અંગેનો ઈમેઈલ મળ્યો હોય તો તે તપાસવા જણાવ્યું હતું. જે સ્કૂલમાં ઈમેલ મળ્યો હોય તે સ્કૂલે પોલીસને જાણ કરવાની રહેશે.

**ભાજપ**

## GST અને ખાનગી સ્કૂલોમાં નિયમો બદલાશે

### વંદેમાતરમ મુદ્દે ગૃહમંત્રીનો પોઈન્ટ ઓફ ઓર્ડર સ્વીકાર્યો

ગુજરાત સરકારે GSTના નિયમોમાં કેટલાક મહત્વના ફેરફાર કરવા માટે બિલ લાવ્યું છે. આ ફેરફારથી ખાસ કરીને વેપારીઓ અને નિકાસ કરતા લોકોને ફાયદો થશે. કંપની કે વેપારી માલ વેચ્યા પછી ગ્રાહકને ડિસ્કાઉન્ટ આપે તો હવે તેની પ્રક્રિયા સરળ બનશે. આ માટે કંપની ક્રેડિટ નોટ આપશે અને ગ્રાહકે જેટલા ડિસ્કાઉન્ટ પર GSTનો લાભ લીધો હોય તેટલો ITC પરત કરવો પડશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨માં સુધારા માટેના બિલમાં મહત્વની જોગવાઈઓ કરવામાં આવી છે. સરકારી અનુદાનિત ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલો પણ કાયદાના દાયરામાં આવશે. વિધાનસભામાં વંદે માતરમ્ ગાન દરમિયાન બનેલી ઘટનાને લઈને અધ્યક્ષે ગૃહમાં જણાવ્યું કે નાયબ મુખ્યમંત્રીએ રજૂ કરેલો પોઈન્ટ ઓફ ઓર્ડર તેઓ સ્વીકારે છે.

**આપ**

### વિધાનસભામાં ગોપાલ ઈટાલિયાનો પ્રશ્ન

## પાટીદાર અનામત આંદોલનનો રિપોર્ટ કેમ દબાવી રાખ્યો ?

### ભાજપ સરકારે પાટીદાર યુવાનો પર ગોળીબાર કરનાર પોલીસ અધિકારીને બચાવી લીધો : ગોપાલ

ગાંધીનગરમાં ચાલી રહેલ વિધાનસભા મોન્સુન સત્ર દરમિયાન થયેલ પ્રશ્નોત્તરી અંગે મીડિયા સાથે વાત કરતા આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું હતું કે, સૌથી પહેલો મુદ્દો પાટીદાર અનામત આંદોલનનો છે. મને યાદ છે કે અમે પોતે આંદોલનમાં જોડાયેલા હતા અને ૨૫મી તેમજ ૨૬મી ઓગસ્ટ ૨૦૧૫ના રોજ ભયાનક હિંસા થઈ હતી. ભાજપના ગુંડાઓએ પોલીસ સાથે મળીને અનેક જગ્યાએ પાટીદાર સમાજના નિર્દોષ યુવાનો, માતાઓ અને બહેનોને ઢોર માર માર્યો હતો. સરકારે આ રિપોર્ટ દબાવીને કેમ રાખ્યો છે? જે કમિશને પાટીદાર યુવાનો અને મહિલાઓ ઉપર પોલીસે કરેલા અત્યાચારની તપાસ કરી, તેમાં કયા પોલીસવાળાનો વાંક હતો, કોણે ઓર્ડર આપ્યા, કોના કહેવાથી આપ્યા, કઈ કઈ જગ્યાએ કેવો અત્યાચાર થયો--- આ બધું જ લખીને ૨૦૨૦માં સરકારને સોંપવામાં આવ્યું છે.



**કોંગ્રેસ**

## હપ્તાખોરીવાળી સરકારને ખૂલ્લી પાડીશું : ચાવડા

### દારૂબંધીને લઈને કોંગ્રેસનું વિરોધ પ્રદર્શન

ગુજરાત વિધાનસભાના ચોમાસુ સત્રના બીજા દિવસે કોંગ્રેસે રાજ્યની કથળેલી કાયદો-વ્યવસ્થાની સ્થિતિ અને દારૂબંધીના અમલને મુદ્દો બનાવી સરકાર સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું. કોંગ્રેસના ધારાસભ્યો અને કાર્યકરોએ દારૂબંધી હોવા છતાં રાજ્યમાં ગેરકાયદે દારૂનું વેચાણ ખુલ્લેઆમ થતું હોવાનો આક્ષેપ કરી સરકાર સામે સૂત્રોચ્ચાર કર્યા હતા. અમિત ચાવડાએ કહ્યું હતું કે 'ઉડતા' ગુજરાત બની ગયુ છે. વારંવાર લઠ્ઠાકાંડથી લોકોના જીવ જાય છે અને ગૃહમંત્રી રીલ બનાવે છે.

## જિલ્લા ભાજપ પ્રમુખ ઢોલરિયાએ પ્રદેશમાં લેટર લખી બળવાખોરો સામે આકરા પગલા લેવાનો પત્ર લખતા રાજકારણ ગરમાયું

# સૌરાષ્ટ્રમાં ભાજપ સંગઠનનો ‘ઢોલ બુંગિયો’ થવાના એંધાણ?

### વિજય સખીયા, વિજય કોરાટ, જયેશ બોઘરા અને ભુપતસિંહ જાડેજા સામે હાઈકમાન્ડ જો ઉતાવળે પગલા લેશે તો સૌરાષ્ટ્રના રાજકારણમાં મોટી ઉથલપાથલના સંકેત દેખાઈ રહ્યા છે

રાજકોટ-લોધિકા સહકારી સંઘની ચૂંટણીના પરિણામોએ માત્ર સહકારી રાજકારણનું ચિત્ર બદલ્યું નથી, પરંતુ રાજકોટ જિલ્લા ભાજપની અંદર વર્ષોથી દબાયેલો અસંતોષ અને જૂથવાદ પણ સપાટી પર લાવી દીધો છે. બે બેઠકો પર બળવાખોર ગણાતા ઉમેદવારોની જીત બાદ શરૂ થયેલા આક્ષેપ-પ્રતિઆક્ષેપ હવે માત્ર ચૂંટણી પૂરતા સીમિત રહ્યા નથી. ભાજપ સામે ભાજપનું વોર શરૂ થયું હોવાની સ્થિતિ ઊભી થઈ છે.

ચૂંટણીના પરિણામો બાદ જિલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશ ઢોલરિયાએ વિજય સખીયા ભાજપના કાર્યકર્તા ન હોવાનો દાવો કર્યો. આ નિવેદન બાદ વિજય સખીયાએ જિલ્લા પ્રમુખ સામે ટિકિટ ફાળવણીમાં આર્થિક વ્યવહાર થયો હોવાનો ગંભીર આક્ષેપ કર્યો. આ આક્ષેપો થી  રાજકીય રીતે તેની અસર ચોક્કસપણે મોટી છે.




મામલો અહીં અટક્યો નહીં. જિલ્લા ભાજપ પ્રમુખ દ્વારા પ્રદેશ પ્રમુખને લખાયેલા પત્રમાં લોધિકા સંઘની ચૂંટણીમાં પાર્ટીના મેન્ડેટ અને વ્હિપનો અનાદર કરી પાર્ટી વિરુદ્ધ કામગીરી કર્યાના આક્ષેપ સાથે વિજય સખીયા, વિજય કોરાટ, જયેશ બોઘરા અને ભૂપતસિંહ જાડેજાના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો  છે. હવે પ્રદેશ ભાજપ સમક્ષ સવાલ છે કે આ મામલે કાર્યવાહી કરવી કે પછી સંગઠનની અંદરની આગને રાજકીય રીતે ઠારવાનો પ્રયાસ કરવો ?અહીં સૌથી મોટો પ્રશ્ન વ્યક્તિઓનો નહીં, સંગઠનની એકતાનો છે. જો પાર્ટીના જ આગેવાનો જાહેરમાં એકબીજા સામે ગંભીર આક્ષેપો કરવા લાગે, ચૂંટણીમાં વ્હિપ ભંગના આરોપો થાય અને પછી પ્રદેશ કક્ષાએ ફરિયાદો પહોંચે, તો સામાન્ય કાર્યકર્તા સુધી કયો સંદેશ પહોંચે?

રાજકોટ સૌરાષ્ટ્રના રાજકારણનું મહત્વનું કેન્દ્ર છે. તેથી રાજકોટ ભાજપમાં સર્જાયેલો આ આંતરિક ઉકળાટ માત્ર રાજકોટ પૂરતો રહેશે એવું માનવું જોખમી છે. ખાસ કરીને સહકારી ક્ષેત્રમાં પ્રભાવ ધરાવતા નેતાઓના જૂથો આમને-સામને આવે તો તેની રાજકીય અસર ગ્રામ્ય વિસ્તારોમાં પણ જોવા મળી શકે છે.

પાર્ટી વિરુદ્ધ કામ કરનાર લોકો ધારાસભ્ય જયેશ રાદડિયા જૂથ સાથે જોડાયેલા છે. સહકારી ક્ષેત્રમાં જૂથોની સક્રિયતા અને વર્ચસ્વની લડાઈ અંગેની ચર્ચા હવે ખુલ્લેઆમ થવા લાગી છે.

લોધિકા સંઘની ચૂંટણી પહેલાં જ ચોક્કસ હોદ્દાઓ અંગે સમજૂતી થઈ ગઈ હતી અને ત્યારબાદ બળવાખોરીનો ગેમ પ્લાન ઘડાયો હોવાની બાઝી પલ્ટી દેવામાં આવીછે.

હવે હાઈકમાન્ડ માટે સૌથી મોટો પડકાર છેકડક કાર્યવાહી અને સંગઠન બચાવવું, બંને વચ્ચે સંતુલન કેવી રીતે સાધવું? એક તરફ વ્હિપ ભંગને અવગણવામાં આવે તો શિસ્તનો પ્રશ્ન ઊભો થાય, અને બીજી તરફ ઉતાવળમાં કાર્યવાહી કરવામાં આવે તો જૂથવાદ વધુ ભડકી શકે.

રાજકારણમાં જીતેલી એક બેઠક કે હારેલી એક બેઠક કરતાં સંગઠનની લાંબા ગાળાની એકતા વધુ મહત્વની હોય છે. રાજકોટમાં આજે જે ઉકળતો ચરુ દેખાઈ રહ્યો છે તેને સમયસર ઠારવામાં નહીં આવે તો તેની વરાળ સૌરાષ્ટ્રના અન્ય વિસ્તારો સુધી પહોંચે તે અસંભવ નથી.0

લોધિકા સંઘની ચૂંટણી કદાચ પૂરી થઈ ગઈ છે, પરંતુ રાજકોટ ભાજપની અંદરની રાજકીય લડાઈ હજુ પૂરી થઈ નથી. હવે આગામી ચાલ પ્રદેશ ભાજપની છેકારણ કે એક વાત સ્પષ્ટ છેઃ ભાજપ સામે ભાજપનો આ જંગ હવે બંધ દરવાજા પાછળ રહ્યો નથી.



## બળવાખોર વિજય સખીયાના સનસનીખેજ આક્ષેપો

# રાજકોટ જિલ્લા ભાજપ પ્રમુખે ટિકિટ વેંચણીમાં ‘વહિવટ’ કર્યાનો આરોપ!

### જિલ્લાના લોકો ઢોલરિયાથી નારાજ છે તેના કારણે જ જિલ્લા ભાજપમાં અસંતોષની આંધી ફેલાય છે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ-લોધિકા સંઘની ચૂંટણીને લઈને રાજકીય માહોલ ગરમાયો છે. ચૂંટણી પ્રક્રિયા બાદ જિલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશ ઢોલરિયા સામે અસંતોષ હોવાના દાવા સાથે અનેક આક્ષેપો સામે આવ્યા છે. જોકે,

આક્ષેપ મુજબ, સંઘની ચૂંટણીમાં ઉમેદવારોને ટિકિટ ફાળવવાના મામલે જિલ્લા ભાજપ પ્રમુખ સહિત કેટલાક આગેવાનો દ્વારા વહીવટ કરવામાં આવ્યો હોવાની ચર્ચા ચાલી રહી છે. ટિકિટ ફાળવણીની પ્રક્રિયાને લઈને કેટલાક કાર્યકરો અને મતદારોમાં નારાજગી હોવાનું પણ જણાવાઈ રહ્યું છે. આ ઉપરાંત, રાજકોટ-લોધિકા સંઘના મતદારો પર દબાણ લાવવાનો અને તેમને ડરાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાના પણ આક્ષેપો થયા છે. આ મુદ્દે ચૂંટણી બાદ સંગઠનની કામગીરી અને સ્થાનિક નેતૃત્વ સામે સવાલો ઊભા થયા છે.આ આરોપ વિજય sakhiya લગાવ્યા હતા

ચૂંટણીના પરિણામો બાદ પક્ષની અંદર રહેલો અસંતોષ હવે ખુલ્લેઆમ ચર્ચામાં આવતો જોવા મળી રહ્યો છે. ખાસ કરીને ટિકિટ ફાળવણી અને મતદારો સાથેના વ્યવહારને લઈને થયેલા આક્ષેપોએ રાજકીય ચર્ચાને વધુ વેગ આપ્યો છે.

હવે જોવાનું એ રહેશે કે આ સમગ્ર મામલે જિલ્લા ભાજપ નેતૃત્વ અથવા સંબંધિત આગેવાનો તરફથી કોઈ સત્તાવાર સ્પષ્ટતા કરવામાં આવે છે કે નહીં. જો આક્ષેપો અંગે કોઈ પુરાવા અથવા સત્તાવાર ફરિયાદ સામે આવે, તો સમગ્ર મામલો વધુ ગંભીર બની શકે છે.





## લખમણ વિરાણીએ કહ્યું નાગદાન ચાવડાએ મારું અપહરણ કર્યું

રાજકોટ-લોધિકા સંઘની ચૂંટણીને લઈને ચાલી રહેલા રાજકીય વિવાદ વચ્ચે મતદાર લખમણ વિરાણી દ્વારા ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. વિરાણીએ દાવો કર્યો છે કે રાજકોટ જિલ્લા ભાજપના પૂર્વ પ્રમુખ નાગદાન ચાવડા અને યુવા આગેવાન ચેતન પણ દ્વારા તેમનું અપહરણ કરવામાં આવ્યું હતું. લખમણ વિરાણીના જણાવ્યા મુજબ, તેમને સહી કરવાના બહાને બોલાવવામાં આવ્યા હતા. ત્યારબાદ તેમને ગાડીમાં બળજબરીપૂર્વક બેસાડવામાં આવ્યા હોવાનો તેમનો આક્ષેપ છે. વિરાણીએ વધુમાં દાવો કર્યો છે કે તેમને રાજકોટથી દ્વારકા પંથક તરફ લઈ જવામાં આવ્યા હતા. ચૂંટણીના માહોલ વચ્ચે સામે આવેલા આ આક્ષેપોથી સ્થાનિક રાજકારણમાં ખળભળાટ મચ્યો છે. જો કોઈ વ્યક્તિને તેની ઈચ્છા વિરુદ્ધ લઈ જવામાં આવ્યો હોવાનો દાવો સાચો હોય, તો આ બાબત ગંભીર કાયદાકીય પ્રશ્ન ઊભો કરે છે. તપાસ અથવા અન્ય સત્તાવાર કાર્યવાહી થઈ છે કે નહીં તે અંગેની માહિતી સામે આવવાની બાકી છે.

## સિટી ન્યૂઝે કહ્યું હતું ચૂંટણી પછી જિલ્લા ભાજપમાં જૂથવાદના લબકારા શરૂ



સિટી ન્યૂઝ સૌરાષ્ટ્રનો ધબકાર... Rajkot 03 | 08 SEPTEMBER 2026, TUESDAY

મતદાન પૂર્ણ; ચૂંટણીમાં ભાજપના વ્હીપ વચ્ચે 21માંથી 20નું મતદાન

**લોધિકા સંઘની ચૂંટણીના રિઝલ્ટ બાદ જૂથવાદના લબકારા લાલચોળ દેખાશે**

**શૈલેષ પરસાણાએ મતદાન ન કર્યું, રાદડિયા જૂથના હોવાથી બંગલોમાં બેસાડી રાખ્યાની ચર્ચા**

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ લોધિકા સહકારી સંઘની હાઈવોલ્ટેજ ચૂંટણીમાં આજે પાંચ બેઠક માટે ૯૫.૨૩ ટકા મતદાન થયું હતું. કુલ પાંચ પૈકી ચાર બેઠકોમાં ૧૦૦ ટકા મતદાન થયું હતું, જ્યારે કોઠારીયા- ખોખડદળ બેઠકમાં રાજકોટ મહાપાલિકાના ભાજપના વોર્ડ નં.૧૮ના કોર્પોરેટર ભારતીબેનના પતિ શૈલેષભાઈ પરસાણા મતદાર હતા પરંતુ તેમણે મતદાન નહીં કરતા કોઠારીયા ખોખડદળ બેઠક ઉપર ૭૫ ટકા મતદાન નોંધાયું હતું.રાજકોટ-લોધિકા સહકારી ખરીદ વેચાણ સંઘની ચૂંટણીમાં કુલ ૧૫ પૈકી ૧૦ બેઠકો બિનહરીફ થયા બાદ આજે પાંચ બેઠકો માટે મતદાન શરૂ કરાયું છે.

ભાજપે વ્હિપ જાહેર કરીને પોતાના ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા હતા જેમાં પક્ષ દ્વારા કુવાડવા જૂથ બેઠક પરથી અરવિંદ રૈયાણી, માધાપર જૂથ બેઠક પરથી પૃથ્વીસિંહ (ઘોઘુભા) જાડેજા, ખોખડદડ જૂથ બેઠક પરથી બાબુ નસીત, ત્રંબા જૂથ બેઠક પરથી નિતીન રૈયાણી, હલેન્ડા જૂથ બેઠકથી મહેશ આસોદરિયા સહિતના નામો જાહેર કરવામાં આવ્યા હતા. ચૂંટણી કાર્યક્રમ મુજબ, આજે સવારે ૯થી બપોરે બે વાગ્યા સુધી મતદાન થયું હતું જેમાં ૯૫.૨૩ ટકા મતદાન નોંધાયું હતું. હવે આવતીકાલે તા.૯ સપ્ટેમ્બરના રોજ સવારે ૯ વાગ્યાથી મતગણતરી શરૂ કરી ફાઈનલ રિઝલ્ટ જાહેર કરાશે.

પાંચ બેઠકો માટે કુલ ૧૦ ઉમેદવારો વચ્ચે સીધો જંગ ખેલાયો છે.અત્રે ઉલ્લેખનીય છે કે રા.લો.સંઘમાં ભાજપના ધારાસભ્ય જયેશ રાદડિયા અને ભાજપના પ્રદેશ મહામંત્રી પ્રશાંત કોરાટ વચ્ચે રાજકીય જંગ ખેલાઈ રહ્યો છે. ભાજપ દ્વારા અપાયેલા મૌખિક મેન્ડેટનો ઉલાળીયો કરીને રાદડિયા જૂથના ઉમેદવારોએ બળવો કરીને ઉમેદવારી નોંધાવતા ચૂંટણી યોજવાની નોબત આવી હતી. છેલ્લા એક પખવાડિયાથી આ ચૂંટણીને લઈને ખેલાઈ રહેલા દાવપેચથી સહકારી ક્ષેત્રના રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે.

રાજકોટ લોધિકા સંઘની ચૂંટણીમાં કોઠારીયા બેઠકના મતદાર શૈલેષભાઈ પરસાણા ને છેવટ સુધી જિલ્લા પંચાયત પ્રમુખના બંગલો ખાતે બેસાડી રાખવામાં આવ્યા હોવાની ચર્ચા છે. તેઓ ભાજપના ધારાસભ્ય જયેશ રાદડિયા જૂથ તરફ મતદાન કરે તેવી શંકા હોય આવું બન્યું હોવાનું ચર્ચાય રહ્યું છે. મતદાન માટે છેવટ સુધી દાવપેચ ખેલાયા હતા.

**કઈ બેઠક ઉપર કેટલું મતદાન ?**

મોટામવા-માધાપર ગ્રુપ બેઠક
વિજયભાઈ કોરાટ ( મોટા મવા)
લક્ષ્મણભાઈ વિરાણી ( રામનગર)
વિજયભાઈ સખીયા ( રૈયા)
પૃથ્વીસિંહ જાડેજા ( માધાપર)
ભૂપેન્દ્રસિંહ જાડેજા (વાજડીગઢ)
૧૦૦ ટકા મતદાન

કુવાડવા ગ્રુપ બેઠક
અરવિંદભાઈ રૈયાણી (કુવાડવા)
નીતિન ચોવટિયા (ખીજડીયા)
મહેશભાઈ ખોયાણી (રાણપુર)
હરેશ પાનસુરીયા (જીયાના)
૧૦૦ ટકા મતદાન

કસ્તુરબા ધામ ત્રંબા ગ્રુપ
નીતિનભાઈ રૈયાણી (ત્રંબા)
ભૂપતસિંહ જાડેજા (ઢાંઢણી)
પંકજભાઈ ગઢિયા (ગઢકા)
અનિરુધ્ધસિંહ જાડેજા ( વડાળી)
૧૦૦ ટકા મતદાન

પાડાસણ-હલેન્ડા ગ્રુપ
મહેશભાઈ આસોદરિયા (પાડાસણ)
ધીરુભાઈ રોકડ (હલેન્ડા)
રામભાઈ જળું (હલેન્ડા)
ઘનશ્યામભાઈ મેતા (ઉમરાળી)
૧૦૦ ટકા મતદાન

કોઠારીયા-ખોખડદળ ગ્રુપ
બાબુભાઈ નસિત (ખોખડદળ)
હરજીભાઈ પીપળીયા( ખેરડી)
ગૌરવસિંહ જાડેજા (હેબતપુર)
૯૫ ટકા મતદાન

## વિજય સખિયાએ કહ્યું અરવિંદ રૈયાણીએ અગાઉ પાર્ટી વિરુધ્ધ કામ કર્યુ હતું




રાજકોટ-લોધિકા સંઘની ચૂંટણી બાદ ભાજપમાં આંતરિક રાજકારણ ગરમાયું છે. ચૂંટણીના પરિણામો બાદ વિજય સખિયાએ અરવિંદ રૈયાણી સામે પાર્ટી વિરુદ્ધ અગાઉ કામ કર્યું હોવાનો આક્ષેપ કર્યો છે. ચૂંટણી બાદ સામે આવેલા આ આક્ષેપ-પ્રતિઆક્ષેપને કારણે સ્થાનિક ભાજપના રાજકારણમાં ચર્ચા તેજ બની છે. એક તરફ સખિયા દ્વારા રૈયાણીની ભૂમિકા સામે સવાલો ઉઠાવવામાં આવ્યા છે, જ્યારે બીજી તરફ રૈયાણીએ પોતે પાર્ટી વિરોધી પ્રવૃત્તિ કરી હોવાનો દાવો નકારી કાઢ્યો છે. હવે બંને પક્ષના દાવાઓ વચ્ચે ભાજપનું સ્થાનિક સંગઠન આ મામલે શું વલણ અપનાવે છે અને કોઈ સત્તાવાર સ્પષ્ટતા થાય છે કે નહીં તેના પર સૌની નજર છે.

## જિલ્લા ભાજપ પ્રમુખે લેટરમાં નામ લખી પ્રદેશ પ્રમુખને પત્ર મોકલ્યો

# વિજય કોરાટ, સખીયા, જયેશ બોઘરા, ભૂપતસિંહ જાડેજાએ 'પાર્ટી વિરોધી' ખેલ પાડ્યો !

## જિલ્લા ભાજપમાં ભૂકંપ હાઈકમાન્ડને રજે રજની માહિતી પહોંચાડવામાં આવી


ભારતીય જનતા પાર્ટી
રાજકોટ જીલ્લો
અલ્પેશભાઈ જી. ઢોલરીયા
પ્રમુખશ્રી, રાજકોટ જીલ્લા ભાજપ
કાર્યાલય : ''શ્રી કમલમ્'', વિરાણી બહેરા મુંગા શાળાની સામે, ઢેબર રોડ, સ્વામિનારાયણ ગુરૂકુળની પાછળ, પાંણીના ટાંકા પાસે, રાજકોટ - ૩૬૦૦૦૨.
E-mail : alpeshdholariya80@gmail.com | Mo. 98250 73217

રજી.ક્રમાંક :-૧૩૫/૨૦૨૬
તા. ૧૦/૦૯/૨૦૨૬

પ્રતિ શ્રી,
જગદીશભાઇ વિશ્વકર્માજી
માનનીય પ્રદેશ અધ્યક્ષશ્રી
ગુજરાત પ્રદેશ ભાજપા

વિષય : રાજકોટ-લોધિકા સહકારી સંઘ ની ચુંટણી મા ભારતીય જનતા પાર્ટી દ્વારા અપાયેલ મેન્ડેડ વિરુદ્ધ કરાયેલ કામગીરી અંગે

માન.પ્રદેશ અધ્યક્ષશ્રી

જય ભારત સાથ જાણવાનું કે રાજકોટ-લોધિકા સહકારી સંઘ ચુંટણીમા ભારતીય જનતા પાર્ટી એ પૃથ્વીસિંહ જાડેજા ને સીટ નંબર ૩ મા મેન્ડેડ વ્હીપ આપેલ તેની વિરુદ્ધ તેમજ ચૂંટણીમાં પાર્ટી વિરુદ્ધ કામગીરી કરનાર ની યાદી.

૧) વિજયભાઇ સખીયા – ડિરેક્ટર રાજકોટ ડેરી તેમજ પ્રતિનિધિ રાજકોટ ડિસ્ટ્રિક બેંક લી
૨) વિજયભાઈ કોરાટ - વાઇસ ચેરમેન રાજકોટ માર્કેટયાર્ડ
૩) જયેશભાઈ બોઘરા - ચેરમેન રાજકોટ માર્કેટયાર્ડ
૪) ભૂપતસિંહ જાડેજા – પ્રમુખ વાજડી ગામ સેવા સહકારી મંડળી

(અલ્પેશભાઈ ઢોલરીયા)
જીલ્લા અધ્યક્ષ
ભારતીય જનતા પાર્ટી- રાજકોટ જીલ્લો




**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ-લોધિકા સહકારી સંઘની ચૂંટણીને લઈને ભાજપમાં આંતરિક વિવાદ વધુ વકર્યો છે. ચૂંટણીમાં પાર્ટીના વ્હિપનો અનાદર કરી પાર્ટી વિરુદ્ધ કામ કરનારા આગેવાનોની યાદી જિલ્લા ભાજપ પ્રમુખ દ્વારા પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માને મોકલવામાં આવી હોવાની માહિતી સામે આવી છે.

મળતી માહિતી મુજબ, જિલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશ ઢોલરિયાએ પ્રદેશ પ્રમુખને લેખિતમાં સમગ્ર મામલે જાણ કરી છે. પત્રમાં રાજકોટ ડેરીના ડિરેક્ટર તેમજ રાજકોટ ડિસ્ટ્રિક્ટ બેંકના પ્રતિનિધિ વિજય સખીયા, રાજકોટ માર્કેટિંગ યાર્ડના વાઇસ ચેરમેન વિજય કોરાટ, યાર્ડના ચેરમેન જયેશ બોઘરા તેમજ વાજડી ગામ સેવા સહકારી મંડળીના પ્રમુખ ભુપતસિંહ જાડેજા સહિતના આગેવાનોના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

રાજકોટ-લોધિકા સહકારી સંઘની ચૂંટણીમાં માધાપર જૂથની બેઠક માટે ભાજપ દ્વારા પૃથ્વીસિંહ જાડેજા ઉર્ફે ઘોઘુભા જાડેજાને મેન્ડેટ અને વ્હિપ આપવામાં આવ્યો હતો. જોકે, કેટલાક ભાજપ આગેવાનો દ્વારા પાર્ટીના નિર્ણય અને વ્હિપનો અનાદર કરી પાર્ટી વિરોધી કામગીરી કરવામાં આવી હોવાનો આક્ષેપ જિલ્લા ભાજપ પ્રમુખ દ્વારા કરવામાં આવ્યો છે.

હવે આ સમગ્ર મામલે પ્રદેશ ભાજપ શું કાર્યવાહી કરે છે તેના પર સૌની નજર છે. ચૂંટણી બાદ ભાજપના જ આગેવાનો સામે વ્હિપ ભંગના આક્ષેપો સાથે યાદી પ્રદેશ કક્ષાએ પહોંચતા રાજકોટના સહકારી અને રાજકીય વર્તુળોમાં ચર્ચા તેજ બની છે.



# સોશિયલ મીડિયામાં રાદડિયા-રૈયાણી સમર્થકનું પોસ્ટર વોર

### જયેશ રાદડિયાના સમર્થકોએ પોસ્ટ મૂકી

## જંગલ કોઈ પણ હોય, સિંહ તો એક જ રહેશે







### રૈયાણીના સમર્થકોએ પણ પોસ્ટો વાયરલ કરી

## સત્તા કે ખુરશી પર બેસવું એ મારૂ લક્ષ્ય નથી, સંઘર્ષ જ મારી જીત છે

**રૈયાણીએ મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે હું વિરોધીઓને સ્પષ્ટ કહેવા માંગુ છું કે પગ વાળીને બેસવાનો નથી**

## લોધિકા સંઘની ચૂંટણી બાદ ભાજપમાં ઉકળતો ચરૂ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ-લોધિકા સંઘની ચૂંટણીના પરિણામો જાહેર થયા બાદ સૌરાષ્ટ્રના સહકારી રાજકારણમાં ફરી ગરમાવો જોવા મળી રહ્યો છે. ચૂંટણીના પરિણામો બાદ હવે રાજકીય ચર્ચા માત્ર બેઠકો અને પરિણામો સુધી સીમિત ન રહેતાં સોશિયલ મીડિયા સુધી પહોંચી છે. સહકારી આગેવાન અને રાજકોટ જિલ્લા બેંકના ચેરમેન જયેશ રાદડિયાના સમર્થનમાં સોશિયલ મીડિયા પર વિવિધ પોસ્ટર અને સંદેશાઓ વાયરલ થઈ રહ્યા છે.

ચૂંટણી બાદ સમર્થકો દ્વારા કરવામાં આવી રહેલી આ પોસ્ટ્સમાં જયેશ રાદડિયાની રાજકીય અને સહકારી ક્ષેત્રમાં રહેલી પકડને દર્શાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. ખાસ કરીને યુવાનો અને સમર્થકો દ્વારા ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને વોટ્સએપ સહિતના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર તેમના ફોટા સાથે વિવિધ સ્લોગન શેર કરવામાં આવી રહ્યા છે.

જયેશ રાદડિયાના સમર્થનમાં વાયરલ થઈ રહેલી પોસ્ટ્સમાં એક સ્લોગન ખાસ ચર્ચામાં છે, જંગલ કોઈ પણ હોય, સિંહ તો એક જ રહેશે. આ ઉપરાંત કેટલીક પોસ્ટ્સમાં જયેશ રાદડિયાને સૌરાષ્ટ્રના સાવજ તરીકે સંબોધવામાં આવ્યા છે. તેમના ફોટા અને આક્રમક અંદાજના સ્લોગન સાથે તૈયાર કરવામાં આવેલી પોસ્ટ્સને સમર્થકો દ્વારા સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવી રહી છે. આ પોસ્ટ્સ ચૂંટણીના પરિણામો બાદ સમર્થકોમાં જોવા મળી રહેલા ઉત્સાહ અને જયેશ રાદડિયાના પ્રભાવને રજૂ કરતી હોવાનું માનવામાં આવી રહ્યું છે.

રાજકોટ-લોધિકા સંઘની ચૂંટણી દરમિયાન સહકારી ક્ષેત્રમાં રાજકીય ખેંચતાણની ચર્ચા વચ્ચે હવે પરિણામો બાદ સોશિયલ મીડિયા પર પણ તેના પડઘા જોવા મળી રહ્યા છે. સમર્થકો અને યુવા ચાહકો દ્વારા પોતાના નેતાના સમર્થનમાં પોસ્ટર શેર કરવામાં આવતાં સોશિયલ મીડિયા પર એક પ્રકારનું પોસ્ટર વૉર જોવા મળી રહ્યું છે. અલગ-અલગ ડિઝાઈન અને સ્લોગન સાથેની આ પોસ્ટ્સ વોટ્સએપ ગ્રુપ, ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ પર ફરતી થઈ છે.

રાજકોટ જિલ્લાના સહકારી ક્ષેત્રમાં જયેશ રાદડિયાનું નામ લાંબા સમયથી ચર્ચામાં રહ્યું છે. રાજકોટ-લોધિકા સંઘની ચૂંટણીના પરિણામો બાદ ફરી એકવાર તેમનું નામ રાજકીય અને સહકારી વર્તુળોમાં ચર્ચાના કેન્દ્રમાં આવ્યું છે. ચૂંટણી બાદ સમર્થકો દ્વારા કરવામાં આવેલા સોશિયલ મીડિયા અભિયાનથી એ વાત પણ સ્પષ્ટ થઈ રહી છે કે સહકારી રાજકારણની અસર હવે ડિજિટલ પ્લેટફોર્મ પર પણ જોવા મળી રહી છે. જોકે, સોશિયલ મીડિયા પર વાયરલ થતી પોસ્ટ્સ સમર્થકો દ્વારા કરવામાં આવી રહી છે, તેથી તેમાં કરવામાં આવેલા દાવા કે રાજકીય વિશ્લેષણને સત્તાવાર નિવેદન તરીકે જોવું નહીં.

### શુક્રવારે હડતાલ, શનિ-રવિ રજાથી ગુજરાતમાં 15000 કરોડના ટ્રાન્જેક્શનને અસર થશે

# રાજકોટમાં કાલે બેંક હડતાલ 3 દિવસ સેવા બંધ રહેશે



## કર્મચારીઓની માંગણીઓ સ્વીકારવામાં નહીં આવે તો 26 ઓક્ટોબરથી અનિશ્ચિત મુદ્દતની હડતાળ

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

દેશભરનાં બેંક કર્મચારીઓ આગામી ૧૧ સપ્ટેમ્બરે હડતાળ પર જવાના છે. ૧૧ સપ્ટેમ્બરે શુક્રવાર હોવાને કારણે પછી શનિ અને રવિવારની રજા સાથે કુલ ૩ દિવસ બેંકો બંધ રહેશે. એવામાં મોટી સંખ્યામાં નાણાકીય વ્યવહારોને મુશ્કેલી થઈ શકે છે. પાંચ દિવસ વર્કિંગ રાખવાની માગ મુદ્દે હડતાલ અધુરી માંગ પૂર્ણ ન થતા બેંક કર્મચારીઓ હડતાલ કરવા જઈ રહ્યાં છે.બેંક કર્મચારીઓ દ્વારા સતત સપ્તાહમાં પાંચ દિવસ વર્કિંગ રાખવા અને મહિનાના તમામ શનિવાર રજા આપવાની માંગ કરવામાં આવી રહી છે. હવે બેંક કર્મચારીઓ લડી લેવાના મૂડમાં છે અને જો માંગણીઓ સ્વીકારમાં નહીં આવે તો આગામી ૨૮ થી 30 સપ્ટેમ્બર દરમિયાન ત્રિ-દિવસીય હડતાલ કરવાની ચીમકી આપવામાં આવી છે.ગુજરાતમાં ૧૫000 કરોડના ટ્રાન્જેક્શનને અસર થશે. દેશભરના ૭ બેન્કિંગ યુનિયન આ હડતાલમાં જોડાશે. ૧૧ સપ્ટેમ્બર શુક્રવારે હડતાલ અને ૧૨ સપ્ટેમ્બરે બીજો શનિવાર તથા ૧૩ સપ્ટેમ્બરે રવિવાર ત્રણ દિવસ બેન્કિંગ સેવા બંધ રહેશે. જ્યારે ગુજરાતમાં ૧૫000 કરોડના ટ્રાન્જેક્શનને તેની અસર થઈ શકે છે. ગુજરાત રાજ્યમાં ૫૪00 વિવિધ બેંકની બ્રાન્ચ બંધ રહેશે. ૧૧ સપ્ટેમ્બરે ગુજરાતના ૭૫ હજાર બેંક કર્મચારીઓ હડતાલ પર જશે.બેંક કર્મચારીઓના પડતર પ્રશ્નો ઉકેલવામાં સરકારે કરેલા વિલંબ અને સમજૂતી ભંગના વિરોધમાં આગામી ૧૧મી સપ્ટેમ્બરે દેશવ્યાપી હડતાળનું એલાન કરાયું છે.દ્વિપક્ષીય સમજૂતીઓનો અમલ ન થતાં આ અઠવાડિયે શુક્રવારે બેંકોના ૭ મુખ્ય યુનિયનો સાથે મળીને કામકાજ ઠપ કરશે.ગુજરાત બેંક વર્કર્સ યુનિયનના મહામંત્રી જે.જે. ધોળકિયાના જણાવ્યા મુજબ, માગણીઓ સ્વીકારવામાં નહીં આવે તો ૨૬મી ઓક્ટોબરથી અનિશ્ચિત મુદતની હડતાળ કરાશે. બેંકિંગ ક્ષેત્રમાં તમામ શનિવારે જાહેર રજા આપીને અઠવાડિયામાં ૫ દિવસની કામકાજની વ્યવસ્થા અમલી બનાવવા સરકાર સંમત થઈ હતી, પરંતુ લાંબો સમય વીતી જવા છતાં આ અંગે અંતિમ મંજૂરી આપવામાં આવી નથી. બીજી તરફ, નવેમ્બર ૨૦૨૪થી નાણા મંત્રાલય દ્વારા અમલમાં મુકાયેલી પર્ફોર્મન્સ લિંક્ડ ઇન્સેન્ટિવ (PLI) યોજના અસમાન અને ભેદભાવપૂર્ણ છે, જેના કારણે ૯૫% કરતાં વધુ કર્મચારીઓ આ લાભથી વંચિત રહી જાય છે. અગાઉ આ યોજના સમગ્ર બેંકની કાર્યક્ષમતા પર આધારિત હતી, જ્યારે નવી યોજના વ્યક્તિગત મૂલ્યાંકન પર આધારિત બનાવી કર્મચારીઓમાં અસમાનતા ઊભી કરવામાં આવી છે.

### આંદોલનનો આગળનો રોડમેપ

- ૧૧ સપ્ટેમ્બરઃ દેશવ્યાપી એક દિવસીય હડતાળ
- ૨૮થી 30 સપ્ટેમ્બરઃ સતત ૩ દિવસની હડતાળ
- ૨૬ ઓક્ટોબરથીઃ અનિશ્ચિત મુદતની દેશવ્યાપી હડતાળ
- વિવાદના મુખ્ય બે મુદ્દાઃ ૫-ડે વર્કિંગ અને PLI સ્કીમ

### મિડલ ઈસ્ટમાં ફરી તણાવ થતાં 10 દિવસમાં બીજીવાર પ્રોપેન ગેસના ભાવમાં ભડકો

# મોરબી સીરામીક ઉદ્યોગ શટડાઉન તરફ, ગેસનો ભાવ વધતા દૈનિક 1.66 કરોડને વધારાનો બોજ

**પ્રોપેન ગેસના ભાવમાં થયેલ વધારો (કંપની મુજબ)**

| કંપની | સ્થળ | ભાવવધારો (પ્રતિ ટન) | નવો ભાવ (પ્રતિ ટન) |
|---|---|---|---|
| આઈઓસીએલ | મુન્દ્રા | રૂ.૩,૭૦૦ | રૂ.૯૫,૨૫૦ |
| આઈઓસીએલ | કંડલા | રૂ. ૩,૭૦૦ | રૂ. ૯૫,૨૫૦ |
| આઈઓસીએલ | દહેજ | રૂ.૩,૭૦૦ | રૂ. ૯૫,૨૫૦ |
| એજીસ | પીપાવાવ | રૂ.૫,૯૦૦ | રૂ.૯૧,૫૫૦ |
| એચપીસીએલ | કંડલા | રૂ.૫,૯૦૦ | રૂ.૯૧,૫૫૦ |
| ગો-ગેસ | દહેજ | રૂ.૪,૯૦૦ | રૂ.૯૧,૫૫૦ |
| ગો-ગેસ | પોરબંદર | રૂ.૪,૯૦૦ | રૂ.૯૧,૫૫૦ |

## વૈશ્વિક અશાંતિ અને રેડ સી કટોકટી વચ્ચે LOCL સહિતની કંપનીઓએ ભાવ વધારો કર્યો



**સિટી ન્યૂઝ@મોરબી**

અમેરિકા અને ઈરાન વચ્ચે વધી રહેલા યુદ્ધ તેમજ મિડલ ઈસ્ટમાં સર્જાયેલી અસ્થિરતાની સીધી માઠ અસર વિશ્વના બીજા નંબરના સૌથી મોટા મોરબી સીરામીક ક્લસ્ટર પર પડી છે. ઈરાન દ્વારા ટેન્કરો અને રિફાઈનરીઓ પર કરાયેલા વળતા પ્રહારોને કારણે ક્રૂડ ઓઈલ, એલએનજી અને પ્રોપેનના ભાવમાં ઉછાળો આવ્યો છે. સપ્ટેમ્બરના પ્રારંભમાં પ્રતિ ક્યુબિક મીટરે રૂ. ૬નો વધારો થયા બાદ, ૧૦ સપ્ટેમ્બરે આઈઓસીએલ (IOCL) દ્વારા પ્રતિ ટન રૂ. ૩,૭૦૦ અને અન્ય ખાનગી કંપનીઓ દ્વારા રૂ. ૪,૯૦૦થી રૂ. ૫,૯૦૦ સુધીનો તોતિંગ ભાવવધારો ઝીંકી દેવામાં આવ્યો છે. આ વધારાથી સીરામીક ઉદ્યોગકારો પર પ્રતિ ક્યુબિક મીટર રૂ. ૨.૭૮નો વધારાનો બોજ પડ્યો છે. મોરબીમાં પ્રોપેન ગેસનો દૈનિક વપરાશ ૬૦ લાખ ક્યુબિક મીટર હોવાથી, આ નવા ભાવવધારાને કારણે સમગ્ર ઉદ્યોગ પર રોજનું રૂ. ૧.૬૬ કરોડનું વધારાનું ભારણ આવી પડ્યું છે. એક તરફ રેડ સી કટોકટીને લીધે નૂરભાડાં વધતા એક્સપોર્ટ ઠપ્પ થઈ ગયું છે, તો બીજી તરફ કન્ટેનર યાર્ડની હડતાળ અને ડોમેસ્ટિક માર્કેટમાં મંદીને કારણે તૈયાર માલનો ભરાવો થયો છે. જો પરિસ્થિતિમાં વહેલી તકે સુધારો નહીં થાય, તો આગામી દિવસોમાં મોરબીના અનેક સીરામીક એકમો સ્વૈચ્છિક શટડાઉન તરફ ફેંકાય તેવી ચિંતાજનક સ્થિતિ નિર્માણ પામી છે.

સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...
Saurashtra


# દ્વારકાધીશ મંદિરમાં ભાજપ માટે કાયદો અલગ !




## ભાજપના મંત્રી સામે પોલીસ ઘૂંટણીયે

## ભાજપ નેતા જીતુ વાઘાણીએ મંદિરની અંદર ફોટોશૂટ કરાવી વીડિયો ઉતાર્યા

## પોલીસની બેવડી નીતિથી લોકોમાં રોષ

**સિટી ન્યૂઝ@દ્વારકા**

યાત્રાધામ દ્વારકામાં કાયદાના અમલીકરણને લઈને એક મોટો વિવાદ અને જનઆક્રોશ ઊભો થયો છે. દેશનું બંધારણ કહે છે કે કાયદો દરેક નાગરિક માટે સમાન હોવો જોઈએ, પરંતુ દ્વારકાધીશના નિજમંદિરમાં વીડિયોગ્રાફી અને ફોટોગ્રાફી પરના પ્રતિબંધના નિયમમાં પોલીસના બેવડા ધોરણો ખુલ્લા પડ્યા છે. એક તરફ સામાન્ય નાગરિક માટે પોલીસ સિંઘમ બની રહી છે, તો બીજી તરફ રાજકીય નેતાઓ સામે પોલીસ મૂકપ્રેક્ષક બની જતા વહીવટી તંત્રની કામગીરી પર ગંભીર સવાલો ઊભા થયા છે.તાજેતરમાં જ ન્યૂઝીલેન્ડથી આવેલા એક ગુજરાતી યુવકે મંદિર પરિસરમાં દર્શનનો વીડિયો બનાવીને વાયરલ કર્યો હતો. આ મામલે દ્વારકા પોલીસે ભારે તત્પરતા દાખવીને તાત્કાલિક કાર્યવાહી કરી હતી. યુવક વિરુદ્ધ જાહેરનામાના ભંગનો ગુનો નોંધી, તેને પકડીને તેનો 'બિફોર-આફ્ટર' (Before-After) વીડિયો બનાવવામાં આવ્યો અને તેની પાસે જાહેરમાં માફી મંગાવવામાં આવી. આ ઘટનામાં પોલીસે કાયદાનો કડક અમલ કરાવ્યાનો અને શિસ્ત જાળવ્યાનો દેખાવ કર્યો હતો.

પરંતુ, પોલીસની આ જ કડકાઈ અને કાયદાનું જ્ઞાન ત્યારે ગાયબ થઈ ગયું જ્યારે ભાજપના નેતા જીતુભાઈ વાઘાણી દ્વારકા મંદિરે દર્શનાર્થે પહોંચ્યા. આશ્ચર્યની વાત એ છે કે, તેઓ આખી કેમેરાની ટીમ લઈને નિજમંદિરમાં ગયા હતા અને ત્યાં બકાયદા ફોટોશૂટ કરાવ્યું હતું. એટલું જ નહીં, આ નિયમભંગની તસવીરો અને વીડિયો તેમણે ગર્વભેર પોતાના ઓફિશિયલ સોશિયલ મીડિયા પેજ પર પણ પોસ્ટ કરી હતી. છતાં, સામાન્ય માણસ પર કાયદાનો કોરડો વીંઝનારી પોલીસ આ રાજકીય નેતા સામે સંપૂર્ણપણે મૌન સેવી રહી છે. કાયદાના રક્ષકોના હાથ નેતાજી સામે અચાનક બંધાઈ ગયા હોય તેવું સ્પષ્ટ ચિત્ર ઉપસી આવ્યું છે. આ સમગ્ર ઘટનાક્રમ બાદ સોશિયલ મીડિયા અને સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

## સામાન્ય પ્રજાની સામે પોલીસની લાલઆંખ

## ન્યુઝીલેન્ડથી આવેલા યુવકે વીડિયો ઉતાર્યા સિંઘમ પોલીસે કાયદાનો પાઠ ભણાવ્યો

## સામાન્ય જનતા પાસે પોલીસે બિફોર-આફ્ટર વીડિયો બનાવડાવ્યો






**સિટી ન્યૂઝ@દ્વારકા**

ન્યુઝીલેન્ડથી આવેલા ગુજરાતીને કાયદો લાગે, સામાન્ય માણસ માટે કાયદો લાગે પણ આ કાયદો નેતાઓને લાગે કે નહીં. એમાંય ભાજપના નેતાઓને તો ક્યાં લાગે જ! અને પોલીસના પણ અહીં મોઢા સિવાય જાય અને હાથ બંધાઈ જાય દ્વારકામાં હમણાં નિજ મંદિર પરિસરમાં એક ગુજરાતી યુવક ના વાયરલ વિડીયો ને લઈ પોલીસે કાર્યવાહી કરી અને બિફોર આફ્ટર પણ કરી નાખ્યું , પણ આજ પોલીસ ભાજપ ના નેતાઓ માટે ગુલામી કરે એવું લાગે છે , દ્વારકા મંદિરે આવેલા ભાજપ નેતા જીતુભાઈ વાઘાણી તમે નિજમંદિર માં ગયા હતા, આખી આ કેમેરાની ટીમ લઈને, અને ફોટોશૂટ કરાવ્યા પછી તમે એને તમારા ઓફિશિયલ પેજ પર પોસ્ટ પણ કર્યું છે, તો અહીં કાયદો કાયદા નો કામ કેમ નથી કરતો , શું કાયદો અને કાયદાના રક્ષકો કેમ અહીંયા હાથ બંધાઈ જાય ?? કેમ મંદિર આ નેતાઓના બાપ ની જાગીર છે કેમ કેમના ફોટો સૂટ થાય અને સામાન્ય માણસ માટે કાયદો બને , શરમ કરો ભગવાન માફ નહીં કરે કાયદો કાયદા નું જો કામ કરતો હોય ને તો કરી જુઓ ભાજપ નેતા જીતુ વાઘાણી પર વીડિયો લઈ કાર્યવાહી તો અમે માનીએ કે કાયદો કાયદા નું કામ કરે છે , બાકી સામાન્ય માણસ પર કાયદો બેસાડવા નું બંધ કરો અને નેતાઓ ની ગુલામી તો બંધ જ કરજો ભગવાન જુએ છે એમનો તો કામ સે કમ ડર રાખજો.

# ચોટીલા હાઈવે પરથી 1 કરોડનો વિદેશી દારૂ પકડાયો



## ટ્રક માલિક-દારૂ મંગાવનાર અજાણ્યો શખ્સ ફરારઃ આરોપીઓની શોધખોળ

**સિટી ન્યૂઝ@સુરેન્દ્રનગર**

ચોટીલા હાઈવે પરથી ૧ કરોડનો વિદેશી દારૂનો જથ્થો પોલીસે ઝડપી પાડચો છે. જયારે ટ્રક માલિક અને દારૂ મંગાવનાર અજાણ્યા શખ્સ ફરાર થઈ જતાં તેની શોધખોળ હાથધરી છે.

સુરેન્દ્રનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચે લીંબડી-ચોટીલા નેશનલ હાઈવે પરથી ૧ કરોડ રૂપિયાથી વધુની કિંમતનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો છે. રાસ્કા બોડીયા ગામના પુલ પાસે હાઈવે પરથી ક્નટેનર ટ્રકમાંથી મોટી માત્રામાં વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો છે.આ મામલે લીંબડી પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન કાયદા હેઠળ ગુનો નોંધવાયો છે.

બાતમીના આધારે આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. લીંબડી-ચોટીલા નેશનલ હાઈવે પર રાસ્કા બોડીયા ગામના પુલ પાસે શંકાસ્પદ ક્નટેનર ટ્રકને રોકવામાં આવી હતી. તપાસ દરમિયાન ક્નટેનરમાંથી ૩૧,૪૫૨ કાચની સીલબંધ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. વિદેશી દારૂ રૂ. ૧,૦૦,૯૩,૯૮૦ (૩૧,૪૫૨ બોટલ), ક્નટેનર ટ્રક રૂ. ૨૫,૦૦,૦૦૦, મોબાઈલ ફોન રૂ. ૨૦,૦૦૦ (બે નંગ), વધારાની વસ્તુઓ બે નંબર પ્લેટ, કુલ મુદ્દામાલ રૂ. ૧,૨૬,૧૩,૯૮૦. પોલીસે ટ્રક ચાલક જુજારામ રીડમલરામ ગોદારા જાટ (રહે. પુરાવા ગામ, તાલુકો ધોરીમના, જિલ્લો બાલોતરા, રાજસ્થાન)ની ધરપકડ કરી છે.જયારે આ કેસમાં ટ્રકનો માલિક, નાસિકનો રમેશકુમાર (દારૂનો જથ્થો મોકલનાર) અને દારૂ મંગાવનાર અજાણ્યો શખસ હાલ ફરાર છે. પોલીસે આ તમામ વોન્ટેડ આરોપીઓને ઝડપી પાડવા માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.હેડ કોન્સ્ટેબલ અમરકુમાર ગઢવી અને પોલીસ કોન્સ્ટેબલ કુલદીપ બોરીયાને મળેલી ચોક્કસ બાતમીથી આ દરોડાની સફળ કાર્યવાહીમાં LCB PI બી.એચ. શીંગરખીયા, PSI આર.જે. ગોહિલ, પેરોલ ફર્લો સ્કોડ PSI એન.એ. રાયમા તેમજ હેડ કોન્સ્ટેબલ અમરકુમાર ગઢવી, જયપાલસિંહ રાઠોડ અને પોલીસ કોન્સ્ટેબલ કૃણાલસિંહ ઝાલા, કુલદીપ બોરીચા, સરદારસિંહ બારડ, ભરત સભાડ, મેહુલ મકવાણા, ગીરીરાજસિંહ જાડેજા, પ્રદ્યુમનસિંહ પરમાર સહિતની ટીમ જોડાઈ હતી.

### મોરબી પોલીસે ગોરખધંધાનો કર્યો પર્દાફાશ

# મોંઘા દારૂની ખાલી બોટલોમાં સસ્તો દારૂ ભરવાનો ખેલ

## બૂટલેગરો આર્થિક ફાયદા માટે લોકોની જીંદગી સાથે ખીલવાડ કરી રહ્યા છે

**સિટી ન્યૂઝ@મોરબી**

મોરબીમાં સસ્તા દારૂને મોંઘો બનાવીને વેંચાવના ગોરખધંધાનો પોલીસે પર્દાફાશ કર્યો છે દારૂની સસ્તી બોટલોમાં મોંઘી બોટલોમાં દારૂ ભરીને તેનું વેચાણ કરવામાં આવતું હોવાનું સામે આવ્યું હતું જેથી સ્થળ ઉપરથી પોલીસે દારૂની મોટી ૮ જેની કિંમત ૪૫૬૦ રૂપિયા અને નાની ૩૬ ખાલી બોટલ કબજે કરી હતી જોકે, રેડ કરવામાં આવી હતી ત્યારે આરોપી હાજર ન હોય હાલમાં પોલીસે ગુનો નોંધીને આરોપીને પકડવા તજવીજ શરૂ કરેલ છેબી ડિવિઝન પોલિસની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે વીસીપરા વિસ્તારમાં કેશવાનંદ બાપુના આશ્રમની સામેના ભાગમાં રહેતા સાજીદભાઈ લધાણીના ઘરમાં દારૂનો જથ્થો હોવાની ચોક્કસ હકીકત મળી હતી જેના આધારે પોલીસે ત્યાં દારૂની રેડ કરી હતી


ત્યારે સ્થળ ઉપરથી ગ્રીન લેબલ વિસ્કીની ૧૮૦ એમએલની પ્લાસ્ટિકની બોટલોમાં રહેલો દારૂ જૂની વપરાયેલ ૧૦૦ પેપરસ બ્લેન્ડર સ્કોચ વિસ્કી ફોર ડિફેન્સ સર્વિસ ઓન્લી ૭૫૦ લખેલી વપરાઈ ગયેલ કાચની ખાલી બોટલોમાં ભરવામાં આવતો હોવાનું સામે આવ્યું હતું અને આરોપી દ્વારા આર્થિક ફાયદા માટે નીચી ગુણવત્તા વાળો દારૂ ઉંચી ગુણવત્તા વાળી દારૂની ખાલી બોટલોમાં ભરીને વેચવા માટેની તૈયારી કરવામાં આવી હતી તેવામાં બી ડિવિઝન પોલીસે દ્વારા રેડ કરીને કૌભાંડનો પર્દાફાશ કરવામાં આવેલ છે.અને સ્થળ ઉપરથી દારૂ ભરેલી મોટી ૮ બોટલ જેની કિંમત ૪૫૬૦ રૂપિયા તથા નાની ૩૬ ખાલી બોટલ કબજે કરવામાં આવેલ છે જોકે પોલીસ દ્વારા દારૂની રેડ કરવામાં આવી હતી ત્યારે સ્થળ ઉપર આરોપી હાજર ન હોય હાલમાં મોરબી બી ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે સાજીદભાઈ કાદરભાઈ લઘાણી રહે. વીસીપરા ધોળેશ્વર રોડ કેશવાનંદ બાપુના આશ્રમની સામે ગુનો નોંધીને પોલીસે આરોપીને પકડવા માટે તજવીજ શરૂ કરેલ છે






## ગુજરાતના GEN-Zનો સરકારને સણસણતો સવાલ

# ટિકટોક પર 'પ્રતિબંધ' ; 'મોતની પડીકી' તમાકુ ઉપર કેમ નહીં ?



**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

શહેરમાં શેરીએ-ગલીએ ધમધમતા પાન પાર્લરો અને ત્યાં ખુલ્લેઆમ વેચાતા ગુટખા-તમાકુના મુદ્દે ગુજરાતના યુવાનોએ હવે ખુલીને પોતાનો અવાજ બુલંદ કર્યો છે. યુવાનોનો સીધો તર્ક છે કે, જો યુવા પેઢીનું ધ્યાન ભટકાવનારી 'ટિકટોક' (TikTok) જેવી ડિજિટલ એપ પર સરકાર રાતોરાત પ્રતિબંધ મૂકી શકતી હોય, તો સીધા મોતને નોતરું આપતા તમાકુ અને ગુટખા પર પ્રતિબંધ કેમ નહીં? આ માત્ર એક સવાલ નથી, પરંતુ દેશના યુવાધનને શારીરિક બરબાદીથી બચાવવા માટેની એક ગંભીર માંગ છે.

યુવાનોની સ્પષ્ટ માંગ છે કે શાળા-કૉલેજોની આસપાસ અને જાહેર સ્થળોએ મળતા ગુટખા-તમાકુના વેચાણ પર સરકારે કડક પ્રતિબંધ લાદવો જોઈએ. જો દુકાનો અને પાન-ગલ્લાઓ પરથી આ વસ્તુઓનો સપ્લાય જ બંધ કરી દેવામાં આવે, તો યુવાનોની પહોંચ ત્યાં સુધી જશે નહીં. સરકાર દ્વારા માત્ર કાગળ પર નિયમો બનાવવા પૂરતા નથી, પરંતુ જમીની સ્તર પર તેના કડક અમલીકરણની અને કસૂરવારો સામે આકરા પગલાં લેવાની તાતી જરૂરિયાત છે.

માત્ર પ્રતિબંધ જ સંપૂર્ણ ઉકેલ નથી. જો લોકોની માનસિકતા નહીં બદલાય, તો આ પ્રતિબંધિત વસ્તુઓ પણ ખાનગી રાહે કે કાળાબજારમાં ઊંચા ભાવે વેચાવા લાગશે.

આજનો યુવા વર્ગ 'સ્ટ્રેસ' દૂર કરવાના ખોટા બહાના હેઠળ આ વ્યસનના રવાડે ચઢી રહ્યો છે અને પોતાના જીવનના અમૂલ્ય વર્ષો ગુમાવી રહ્યો છે. જો આજના યુવાનો પોતે જાગૃત થઈને આ 'મોતની પડીકીઓ' ખરીદવાનું બંધ કરી દેશે, તો વેપારીઓ આપમેળે જ તેનું વેચાણ બંધ કરવા મજબૂર બનશે. નિષ્કર્ષમાં કહી શકાય કે, વ્યસનમુક્ત સમાજના નિર્માણ માટે તાલી બંને હાથે વાગવી જરૂરી છે. એક તરફ સરકારે કડક કાયદા દ્વારા ખુલ્લેઆમ થતા વેચાણની સપ્લાય ચેઈન તોડવાની જરૂર છે, તો બીજી તરફ યુવાનોએ પોતાના સ્વાસ્થ્ય અને ભવિષ્યની ગંભીરતા સમજીને સ્વયં આ ઝેરને જાકારો આપવો પડશે.

- **તમાકુ પર લગાવો લગામ યુવાનોની સરકાર પાસે માંગ**
- **દુકાનો ઉપર સપ્લાય જ બંધ કરી દે તો બજારમાં લોકો સુધી પહોંચે નહીં**
- **સ્કૂલો–કોલેજોની બાજુમાં કડક નિયમોનું પણ ગુજરાતમાં કડક પાલન થતું નથી**

### ખાનગીકરણ; ત્રણેય સર્કિટ હાઉસ મેકવે મેનેજમેન્ટને સોંપવામાં આવ્યા

# સોમનાથ, અંબાજી, દ્વારકાના સર્કિટ હાઉસ ખાનગી કંપનીને સોંપાયા




- **75% રૂમનું ભાડું ખાનગી પાર્ટી નક્કી કરશે**
- **25% રૂમ સરકારી નિયત દરે ઉપલબ્ધ કરાવવાના રહેશે**
- **સરકારને વર્ષે 1.43 કરોડની આવક થશે**

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

ગુજરાતના ત્રણ મહત્વના યાત્રાધામો સોમનાથ, અંબાજી અને દ્વારકામાં આવેલા સરકારી સર્કિટ હાઉસ હવે ખાનગી સંચાલન હેઠળ ચાલી રહ્યા છે. રાજ્ય સરકારે આ ત્રણેય સર્કિટ હાઉસ ખાનગી કંપનીને ભાડે આપ્યા છે, જેના બદલામાં સરકારને વાર્ષિક કુલ ૧૪૩.૨૮ લાખ રૂપિયાની આવક થઈ રહી છે.આ માહિતી બુધવારે વિધાનસભામાં પ્રશ્નોત્તરી દરમિયાન પૂછાયેલા પ્રશ્નના લેખિત જવાબમાં સામે આવી હતી.સરકાર દ્વારા કરવામાં આવેલા કરાર મુજબ ખાનગી સંચાલકને ત્રણેય સર્કિટ હાઉસના ૭૫ ટકા રૂમનું ભાડું પોતાની રીતે નક્કી કરવાની છૂટ આપવામાં આવી છે. જ્યારે બાકીના ૨૫ ટકા રૂમ સરકારી નિયત દરે ઉપલબ્ધ કરાવવાના રહેશે.સરકારી માહિતી મુજબ આ ત્રણેય સરકિટ હાઉસને ખાનગી સંચાલન માટે આપવાનો નિર્ણય હાલ પ્રાયોગિક ધોરણે (Pilot Basis) લેવામાં આવ્યો છે. ૩૧ જુલાઈ ૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન આ ત્રણેય સરકિટ હાઉસ ખાનગી પાર્ટીઓને સંચાલન માટે સોંપવામાં આવ્યા છે.વિધાનસભામાં આપેલા લેખિત જવાબમાં સરકારે જણાવ્યું હતું કે રાજ્યના મહત્વના સ્થળોએ આવેલા સરકિટ હાઉસના સંચાલનમાં સતત સુધારો લાવવા માટે ખાનગી ક્ષેત્રની કુશળતા, અનુભવ અને નિષ્ણાતોની મદદ લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.સરકારનો દાવો છે કે આ વ્યવસ્થાથી મુલાકાતીઓને વધુ સારી આતિથ્ય સેવાઓ મળી શકે અને સરકારી મૂડીનો ઉપયોગ અન્ય પ્રાથમિકતાવાળા વિકાસ કાર્યોમાટે કરી શકાય.મળતી માહિતી મુજબ સોમનાથ, અંબાજી અને દ્વારકાના ત્રણેય સરકિટ હાઉસ એક જ ખાનગી કંપની મેકવે મેનેજમેન્ટને સોંપવામાં આવ્યા છે. આ કંપની નિલાયા ગ્રૂપ સાથે સંકળાયેલી હોવાનું જણાવાયું છે. કંપનીના ભાગીદારો તરીકે વિજય ચૌધરી અને વિપુલ ચૌધરીના નામ સામે આવ્યા છે.ગાંધીનગરનું પથિકાશ્રમ પણ આ જ પાર્ટીને સંચાલન માટે આપવામાં આવ્યું હોવાનું જણાવાયું છે. અગાઉ પથિકાશ્રમના ૨૫ ટકા રૂમ સરકાર પોતાના નિયંત્રણમાં રાખતી હતી, પરંતુ હવે આ રૂમનું સંચાલન પણ ખાનગી પાર્ટીને સોંપવામાં આવ્યું છે.આ સમગ્ર મામલે એક વધુ ચર્ચાસ્પદ દાવો પણ સામે આવ્યો છે. મળતી માહિતી મુજબ પાલનપુરમાં બ્રિજ ધરાશાયી થવાની ઘટનાના સંદર્ભમાં આ ગ્રૂપને બ્લેકલિસ્ટ કરવામાં આવ્યું હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. જોકે, આ દાવા અંગે સત્તાવાર સ્થિતિ અને સંબંધિત કાર્યવાહી અંગે સ્પષ્ટ માહિતી અલગથી સામે આવવાની બાકી છે.ખાનગી સંચાલનથી સરકારી સુવિધાઓની ગુણવત્તા સુધરશે કે નહીં અને મુલાકાતીઓને તેનો કેટલો લાભ મળશે, તે હવે આગામી સમયમાં સ્પષ્ટ થશે.






### મુંબઈના ખાર વિસ્તારમાં પોલીસનો દરોડો મોડલિંગની આડમાં ચાલતા હતા ગોરખધંધા

# મોડેલોને લકઝુરિયસ લાઈફની લાલચ આપી સેક્સ રેકેટમાં ધકેલવાનો પર્દાફાશ!

## ફોટોશૂટથી શરૂ કરી મોટી કમાણીના સપના બતાવી યુવતીઓને ફસાવી ગંદા ખેલ કરાવી મહિલા દલાલનો ભાંડો ફૂટ્યો

**સિટી ન્યૂઝ@મુંબઈ**

મુંબઈના પશ્ચિમી ઉપનગર ખાર વિસ્તારમાં મોડલિંગ અને ગ્લેમર જગતમાં કારકિર્દી બનાવવાની ઘેલછા ધરાવતી નિર્દોષ યુવતીઓને ફસાવતા એક હાઈપ્રોફાઈલ દેહવ્યાપાર રેકેટનો ખાર પોલીસે પર્દાફાશ કર્યો છે. પોલીસે બાતમીના આધારે છટકું ગોઠવીને રેકેટ ચલાવતી એક મહિલા દલાલને રંગેહાથ ઝડપી પાડી છે. આ કાર્યવાહી દરમિયાન દેહવ્યાપારની ચુંગાલમાં ફસાયેલી એક સંઘર્ષશીલ મોડલને સુરક્ષિત રીતે મુક્ત કરાવીને રિહેબિલિટેશન સેન્ટરમાં મોકલવામાં આવી છે.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આ નેટવર્ક મુખ્યત્વે આર્થિક તંગીનો સામનો કરી રહેલી અને મુંબઈમાં મોડલિંગ ક્ષેત્રે સંઘર્ષ કરતી યુવતીઓને ટાર્ગેટ બનાવતું હતું. આરોપી મહિલા દલાલ યુવતીઓને ઝડપથી મોટી કમાણી અને લક્ઝુરિયસ લાઈફસ્ટાઈલની લાલચ આપીને



**પોલીસે સંઘર્ષ કરતી મોડેલને મુક્ત કરાવી**

ક્લાયન્ટ્સ પાસે મોકલતી હતી. મોડલિંગ અસાઈનમેન્ટ્સ અને ફોટોશૂટના બહાને યુવતીઓનો વિશ્વાસ જીતી લીધા બાદ તેમને બ્લેકમેલ કરીને કે નાણાકીય મજબૂરીનો લાભ ઉઠાવીને આ કાળા કારોબારમાં ધકેલી દેવામાં આવતી હતી. ખાર પોલીસને આ ગેરકાયદેસર નેટવર્ક અંગે ગુપ્ત બાતમી મળી હતી, જેના આધારે વરિષ્ઠ પોલીસ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ એક સ્પેશિયલ ટીમની રચના કરવામાં આવી હતી. પોલીસે એક ડમી ગ્રાહક તૈયાર કરીને મહિલા દલાલનો સંપર્ક કર્યો હતો. સોદો નક્કી થયા બાદ ખાર વિસ્તારમાં નિયત સ્થળે દરોડો પાડીને પોલીસે મહિલા એજન્ટને રંગેહાથ ઝડપી લીધી હતી અને પીડિત યુવતીને તાત્કાલિક સુરક્ષા કવચ પૂરું પાડી બચાવી લીધી હતી.

દરોડા દરમિયાન પોલીસે ઘટનાસ્થળેથી રોકડ રકમ, શંકાસ્પદ દસ્તાવેજો અને ગુનામાં વપરાયેલા હાઈ-એન્ડ સ્માર્ટફોન સહિત કુલ ૧.૭૩ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ખાર પોલીસ સ્ટેશનમાં અનૈતિક વેપાર નિવારણ કાયદા હેઠળ ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરાઈ છે. જપ્ત કરાયેલા મોબાઈલ ફોનની કોલ ડિટેઈલ્સ અને ચેટ્સના આધારે આ રેકેટમાં મુંબઈની અન્ય કોઈ કાસ્ટિંગ એજન્સીઓ, મોટા દલાલો કે સિન્ડિકેટ્સ સામેલ છે કે કેમ તે દિશામાં પોલીસે ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી છે.

## સિધ્ધાર્થ-કિયારાની પરિણીતી-રાઘવ સુધી સોશિયલ મીડિયામાં ફોટા શેર કર્યા

# 1980ના રેટ્રો લૂકે સોશિયલ મીડિયા ગાંડું કર્યુ



અમિષા પટેલ



સિધ્ધાર્થ-કિયારા



પરિણીતી-રાઘવ



કાજલ અગ્રવાલ




અનિતા હસનંદાની



કરિશ્મા તન્ના



શ્રુતિ હસન

## લોકોની સાથે બોલિવૂડ સેલેબ્સ પર છવાયો 80ના દાયકાનો ટ્રેન્ડ

સોશિયલ મીડિયા પર ૮૦ના દાયકાનો રેટ્રો ટ્રેન્ડ વાયરલ થઈ રહ્યો છે. આમાં લોકો AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ)ની મદદથી પોતાની તસવીરોને ૮૦ના દાયકાની શૈલીમાં બદલીને શેર કરી રહ્યા છે. કિયારા અડવાણી, સિદ્ધાર્થ મલ્હોત્રા, શ્રુતિ હાસન સહિત ઘણા સેલેબ્સે પણ આ ટ્રેન્ડમાં ભાગ લીધો છે.

કિયારા અડવાણીએ ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર પતિ સિદ્ધાર્થ મલ્હોત્રા સાથે AI દ્વારા બનાવેલી તસવીર શેર કરી. આમાં બંને રેટ્રો અવતારમાં જોવા મળ્યા. સિદ્ધાર્થે ડબલ-ડેનિમ લુક સાથે ડાર્ક એવિએટર સનગ્લાસ પહેર્યા હતા. જ્યારે કિયારાએ ૮૦ના દાયકાની રંગીન ફેશન અપનાવી. તે પિંક આઉટફિટમાં જોવા મળી, જેમાં પફ સ્લીવ્સ હતી. તેણે મોટી હૂપ ઈયરિંગ્સ અને બંગડીઓ પહેરી હતી. કિયારાએ પોસ્ટમાં સિદ્ધાર્થની આગામી ફિલ્મ ધ વ્વાનના રોમેન્ટિક ટ્રેક સમજો નાને પણ ઉમેર્યો હતો.

એક ફોટોમાં પરિણીતી અને રાઘવ બેઠેલા જોવા મળી રહ્યા છે. પરિણીતીએ રાઘવના વાળ પર હાથ રાખ્યો છે, જ્યારે રાઘવ તેના ખોળામાં માથું રાખીને વોકમેનથી ગીત સાંભળી રહ્યા છે.

અમીષા પટેલ પણ રેટ્રો લુકમાં જોવા મળી. તેણે વન-શોલ્ડર ટોપ અને ડેનિમ શોર્ટ્સ સાથે નિયોન પિંક આઉટફિટ પહેર્યો હતો.

બીજી તરફ, શ્રુતિ હાસન ૮૦ના દાયકાથી કેટલાક દાયકા પાછળ ૧૯૬૦ના દાયકાના લુકમાં જોવા મળી. તસવીરમાં તે પ્રિન્ટેડ ટોપ, મેચિંગ હેડસ્કાર્ફ અને બ્લુ જીન્સ પહેરેલી દેખાઈ. રણબીર કપૂરની બહેન અને એક્ટ્રેસ રિદ્ધિમા કપૂર સાહની પણ ૮૦ના દાયકાના AI ટ્રેન્ડમાં જોડાઈ ગઈ છે.



ડેઝી શાહ



રિધ્ધિમા કપૂર

## બિહારમાં છેલ્લા પાંચ દિવસથી વરસાદના કારણે 40 લાખ લોકો અસરગ્રસ્ત થયા

# બિહારમાં પૂર; 5 હજાર સ્કૂલ પાણીમાં ડૂબી જવાથી બંધ



## સૌથી વધુ પટના, ભોજપુર, સારણ, વૈશાલી, ભાગલપુર, બેગુસરાયનાં લોકો અસરગ્રસ્ત

**સિટી ન્યૂઝ@બિહાર**

બિહારમાં સતત પાંચ દિવસથી થઈ રહેલા વરસાદને કારણે ૧૪ જિલ્લામાં પૂરની સ્થિતિ સર્જાઈ છે. ૪૦ લાખથી વધુ લોકો અસરગ્રસ્ત થયા છે. પાંચ હજારથી વધુ સ્કૂલ પૂરના પાણીમાં ડુબી જવાને કારણે બંધ કરવામાં આવી છે.આમાં સૌથી વધુ પટના, ભોજપુર, સારણ, વૈશાલી, ભાગલપુર અને બેગુસરાયના લોકો છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, સપ્ટેમ્બરમાં અત્યાર સુધી બિહારમાં ૮૩.૬ મિમી વરસાદ નોંધાયો છે. આ સામાન્ય કરતાં ૨૪% વધુ છે.

ભાગલપુરના સુલતાનગંજમાં ગંગાનું પાણી ૩૬.૭૮ મીટર સુધી પહોંચી ગયું છે. આ ૨૦૨૧માં નોંધાયેલા ૩૬.૭૫ મીટરના સૌથી ઊંચા સ્તર કરતાં પણ વધુ છે.

અહીં તિલકા માંઝી યુનિવર્સિટીમાં ગંગાનું પાણી ઘૂસી ગયું છે. શિક્ષકો અને વિદ્યાર્થીઓ અવરજવર માટે હોડીનો સહારો લઈ રહ્યા છે.

આ તરફ, યુપીના ૨૬ જિલ્લા પૂરની ઝપેટમાં છે અને લગભગ ૪ લાખ લોકો અસરગ્રસ્ત થયા છે. સતત વરસાદથી નદીઓ ગાંડીતૂર બની છે. બરેલીમાં પ્રાચીન મંદિર રામગંગા નદીમાં સમાઈ ગયું, જ્યારે બારાબંકીમાં સરયૂના પાણીમાં લગભગ ૧૨ મકાનો ડૂબી ગયા.

ફર્રુખાબાદમાં ૧૦ દિવસમાં ૧૫ મકાનો ગંગામાં સમાઈ ગયા છે.જ્યારે, એમપી અને રાજસ્થાનમાં હાલ વરસાદ થંભી ગયો છે. એમપીમાં આગામી ૩ દિવસ ભારે વરસાદની સંભાવના નથી. રાજસ્થાનમાં ૧૧ સપ્ટેમ્બરથી વરસાદ શરૂ થવાનો અંદાજ છે. બુધવારે અહીં ૧૦ શહેરોમાં તાપમાન ૩૫ ડિગ્રીથી ઉપર રહ્યું.હવામાન વિભાગે રાજસ્થાનમાં ૧૧ સપ્ટેમ્બરથી વરસાદનો દોર શરૂ થવાની સંભાવના વ્યક્ત કરી છે. શુક્રવારે ૫ જિલ્લામાં ભારે વરસાદનું યલો એલર્ટ છે. આ પછી ૧૨ અને ૧૩ સપ્ટેમ્બરે ભરતપુર, જયપુર, અજમેર, કોટા અને ઉદયપુર સંભાગના વિસ્તારોમાં પણ વરસાદની ચેતવણી જાહેર કરવામાં આવી છે.બુધવારે રાજ્યના તમામ શહેરોમાં સવારથી મોડી સાંજ સુધી તડકો રહ્યો. રાજ્યના ૧૦ શહેરોમાં મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રીથી ઉપર નોંધાયું.

# ગુજરાતમાં વરસાદી સિસ્ટમ સક્રિયઃ શનિવારથી 4 દિવસની આગાહી

### ધ્રોલમાં 2 ઈંચ, મહુવામાં, અબડાસામાં વરસાદ ચાલુ

**સિટી ન્યૂઝ@બિહાર**

૧૨ સપ્ટેમ્બરથી રાજ્યમાં ધોધમાર વરસાદની આગાહી કરવામાં આવી છે. દક્ષિણ ગુજરાત સહિત વડોદરામાં હવામાન વિભાગે યલો એલર્ટ જાહેર કર્યું છે. તો ૧૩ સપ્ટેમ્બરથી નવસારી, વલસાડ અને ડાંગમાં અતિભારે વરસાદનું ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. લાંબા સમય સુધી વરસાદ ખેંચાયા બાદ રાજ્યના કેટલાક જિલ્લામાં ભારે વરસાદની આગાહીથી ખેડૂતોને પણ રાહત થઈ શકે છે.તો આ તરફ અમરેલી જીલ્લામાં સતત બીજા દિવસે વાતાવરણમા પલટો આવ્યો છે. ખાંભા ગીર પંથકમાં ગામ્ય વિસ્તારમાં વરસાદી ઝાપટુ. ખાંભાના ભાડ ગામે ધોધમાર વરસાદ વરસ્યો હતો. જેનાથી ગામની શેરીઓમાં વરસાદી પાણી વહેતા થયા હતા. જ્યારે કપાસ, મગફળી સહિત પાકને જીવનદાન મળશે. વરસાદ ઝાપટા બાદ હવે સારા વરસાદની ખેડૂતોને રાહ છે.આજે ૧૦ સપ્ટેમ્બરના રોજ દક્ષિણ ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં હળવાથી મધ્યમ અને ગાજવીજ સાથે વરસાદની શક્યતા છે, જ્યારે અમદાવાદ સહિત ઉત્તર ગુજરાતના તમામ જિલ્લાઓ અને સૌરાષ્ટ્ર-કચ્છના તમામ જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ વરસાદની આગાહી કરવામાં આવી છે.હવામાન વિભાગના ડાયરેક્ટર ડૉ એ.કે દાસના જણાવ્યા અનુસાર, ૧૨થી ૧૪ સપ્ટેમ્બર વચ્ચે નવી વરસાદી સિસ્ટમ સક્રિય થતા ભારેથી અતિભારે વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. ૧૨ સપ્ટેમ્બરે વડોદરા, છોટાઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલીમાં ભારે વરસાદને પગલે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે



## ઓપરેશન કરી જોખમી વસ્તુઓ પેટની બહાર કાઢી

# મહિલાના પેટમાંથી પાંચ પેન અને બોલ્ટ નીકળતાં ડોક્ટકો ચોંકી ઉઠ્યા



## એક વર્ષ પહેલા બોલપેન ગળી હતી એક વર્ષ પછી દુઃખાવો ઉપડ્યો

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

આંધ્રપ્રદેશના પલનાડુ જિલ્લાના નરસારાવપેટની એક ૩૩ વર્ષીય પરિણીત મહિલાને છાતીની ડાબી બાજુએ ભારે દુખાવો થઈ રહ્યો હતો. જ્યારે તેણી સારવાર માટે હોસ્પિટલ ગયા ત્યારે ડોકટરોએ પેટનો અલ્ટ્રાસાઉન્ડ કર્યો અને તેના પેટમાં પેન, બોલ્ટ અને અન્ય વસ્તુઓ જોઈને તેઓ આશ્ચર્યચકિત થઈ ગયા. તેની ગંભીર સ્થિતિને કારણે ડોકટરોએ આ વસ્તુઓ કાઢવા માટે સર્જરી કરી.

મહિલાની સારવાર કરનારા ડો. રામચંદ્ર રેડ્ડીના જણાવ્યા અનુસાર, આ તેમની કારકિર્દીમાં પહેલી વાર હતું જ્યારે તેમને દર્દીના પેટમાં લગભગ ૨૫ સેન્ટિમીટર લાંબી કોઈ વસ્તુ મળી હોય. મોં અને અન્નનળીમાંથી આટલી લાંબી વસ્તુ પેટ સુધી પહોંચે તે અત્યંત દુર્લભ માનવામાં આવે છે; આ પ્રક્રિયા પેટથી આંતરડા સુધી ઈજાઓનું કારણ બની શકે છે. એક અહેવાલ મુજબ, તેના પિતા સાથેના વિવાદ બાદ મહિલાએ ગુસ્સામાં આ વસ્તુઓ ગળી હતી. તપાસમાં સમાન વર્તનનો ઈતિહાસ બહાર આવ્યો; લગભગ એક વર્ષ પહેલા, તેણે ચાર પેન ગળી હતી, જેને સર્જિકલ રીતે દૂર કરવાની પણ જરૂર હતી.

ડૉ. રેડ્ડીએ જણાવ્યું હતું કે આવું વર્તન માનસિક સ્વાસ્થ્ય સમસ્યાનું કારણ બની શકે છે. મહિલા તેના પિતા સાથેના ઝઘડાને કારણે માનસિક તણાવમાં હતી. પરિણામે, સર્જરી પછી, તેને માનસિક સ્વાસ્થ્ય નિષ્ણાત (મનોચિકિત્સક) પાસે રીફર કરવામાં આવી હતી અને હાલમાં તે સારવાર હેઠળ છે. ડૉક્ટરો ચેતવણી આપે છે કે પેન, બોલ્ટ અને અન્ય લાંબી અથવા તીક્ષ્ણ વસ્તુઓ ગળી જવી અત્યંત જોખમી હોઈ શકે છે. જો કોઈ વસ્તુ નીચે ઉતરતી વખતે ગળા અથવા અન્નનળીને નુકસાન પહોંચાડે છે, તો તે આંતરિક ઈજામાં પરિણમી શકે છે. વધુમાં, પેટ અથવા આંતરડામાં એકવાર, તીક્ષ્ણ વસ્તુઓ આંતરડાની દિવાલને છિદ્રિત કરી શકે છે.

## મધ્યપ્રદેશમાં કોંગ્રેસ વિધાનસભ્ય મિશ્રાનો ગંભીર દાવો

# હોસ્પિટલમાં સુંદર મહિલાના શબ સાથે રેપ થાય છે




**સિટી ન્યૂઝ@રીવા**

મધ્ય પ્રદેશના રીવામાં સંજય ગાંધી સ્મૃતિ ચિકિત્સાલયને લઈને કૉન્ગ્રેસના વિધાનસભ્ય અભય મિશ્રાએ એક અત્યંત સનસનીખેજ અને ગંભીર દાવો કર્યો છે. તેમણે આરોપ લગાવ્યો હતો કે હૉસ્પિટલના શબઘરમાં જ્યારે કોઈ સુંદર મહિલાનું શબ પોસ્ટમૉર્ટમ માટે જાય છે ત્યારે તેની સાથે દુષ્કર્મ જેવાં ઘૃણાસ્પદ કૃત્યો કરવામાં આવે છે. આ દાવાનો એક વિડિયો હાલ સોશ્યલ મીડિયા પર ખૂબ વાઈરલ થઈ રહ્યો છે.

વિધાનસભ્યએ જણાવ્યું હતું કે જ્યારે મૃત મહિલાના પરિવારજનો બહાર રાહ જોતા હોય છે ત્યારે અંદર શબ સાથે આ પ્રકારનું વિકૃત કામ થાય છે. જોકે આ અત્યંત ગંભીર આરોપોની હજુ સુધી કોઈ સ્વતંત્ર પુષ્ટિ થઈ નથી અને વહીવટી તંત્ર દ્વારા કોઈ સત્તાવાર નિવેદન પણ આવ્યું નથી. નોંધનીય છે કે આ હૉસ્પિટલમાં તાજેતરમાં પ્રસૂતિ દરમ્યાન માતા અને બાળકનાં મોત થયા બાદ ભારે વિવાદ પેદા થયો હતો. આ ગંભીર બેદરકારી બદલ બે ડૉક્ટર અને બે નર્સિંગ સ્ટાફને સસ્પેન્ડ કરાયા હતા. આ ઉપરાંત ડીન અને અધીક્ષકને પણ પદ પરથી હટાવી દેવાયા હતા. હૉસ્પિટલની વ્યવસ્થા સામે ચાલી રહેલા આંદોલન વચ્ચે વિધાનસભ્યના આ નવા દાવાએ ચકચાર મચાવી દીધી છે.



### લેખક, ડેન્ટલ સર્જન અને સનાતની ડો. કૌશિક ચૌધરીએ કહ્યું

# ગુજરાતે સાધુઓને માથે ચડાવ્યા છે...

# પેરિસ એફિલ ટાવરમાંથી મહિલાઓ દૂર કરાતા વિવાદ



## BAPS 'એફિલ ટાવર' વિવાદ સંપ્રદાયમાં સ્ત્રીઓથી દૂર રહેવાનો નિયમ, દૂર કરવાનો નહીં

### ડો.કૌશિક ચૌધરીએ કહ્યું, ધર્મમાં સ્ત્રીઓને સંતાડી દેવા જેવી વાત તો ક્યાય હતી જ નહીં

'નકલી નારાયણ- સહજાનંદ' પુસ્તકના લેખક, ડેન્ટલ સર્જન અને દ્રઢ સનાતની ડૉ. કૌશિક ચૌધરી અલગ મત ધરાવે છે. તે કહે છે કે પહેલાના સમયમાં ઋષિ મુનિઓને પત્નીઓ હતી જ. એટલે સનાતન ધર્મમાં સ્ત્રીઓને સંતાડી દેવા જેવી વાત તો ક્યાંય હતી જ નહીં. બૌદ્ધ ધર્મ અને જૈન ધર્મમાં પણ બ્રહ્મચારી, તપસ્વીઓ અગાઉ હતા ને આજે પણ છે. આ જૈન અને બૌદ્ધ ધર્મના સાધુઓ પોતે સ્ત્રીઓથી દૂર રહેતા હતા. એવું ક્યારેય કહ્યું નહોતું કે અમે આવીએ છીએ તો સ્ત્રીઓને સંતાડી દો. ગુજરાતમાં BAPSના સાધુઓને ખોટી આદત પાડી દેવામાં આવી છે.ડૉ. કૌશિક ચૌધરી કહે છે, મેં તો ગુજરાતમાં જ એવા વિવાદો જોયા છે કે, સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુઓ પગલાં પાડવા ઘરે જવાના હોય તો સૂચના આપી દે કે, ઘરમાં માતા- દીકરી- બહેનો કે પત્નીઓ હાજર ન હોવી જોઈએ. આપણા બંધારણમાં સ્ત્રી- પુરૂષની સમાનતાની વાત છે તેનું આ સ્પષ્ટ ઉલ્લંઘન છે.એફિલ ટાવરના વિવાદમાં હું તો એવું માનું છું કે ત્યાંની પ્રજા એટલી જાગૃત છે કે ત્યાંની સ્ત્રીઓના અધિકાર માટે પુરૂષોએ પણ અવાજ ઉઠાવ્યો.

### ફ્રાન્સના મીડિયામાં મુદ્દો ગાજ્યો...




ફ્રાન્સના મોટાભાગના મીડિયામાં લખ્યું છે કે BAPS સંસ્થા ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની નજીક છે. ખાસ કરીને ફ્રાન્સ-૨૪ અખબારે લખ્યું છે કે BAPS સંસ્થા રૂઢિવાદી, હિન્દુ રાષ્ટ્રવાદી પાર્ટીના નેતા નરેન્દ્ર મોદીની નિકટની છે. ન માત્ર ફ્રાન્સનું મીડિયા, અમેરિકાના અખબાર ન્યૂયોર્ક ટાઈમ્સે તો ત્યાં સુધી લખ્યું છે કે BAPS સંસ્થા નરેન્દ્ર મોદી સાથે સંકળાયેલી છે. મોદી તેની ઘણી ઈવેન્ટમાં ભાગ લે છે. ૧૮મી સદીમાં સંગઠનની સ્થાપના થઈ હતી તે પણ મોદીના હોમ સ્ટેટ ગુજરાતમાં.BAPS સંસ્થાના ઘણા કાર્યક્રમોમાં નરેન્દ્ર મોદી હાજર રહ્યા હોય તેવા પ્રસંગો છે.મીડલ ઈસ્ટનું પહેલું BAPS સ્વામિનારાયણ મંદિર અબુધાબીમાં બન્યું. તેનું લોકાર્પણ કરવા ૧૪ ફેબ્રુઆરી ૨૦૨૪એ મોદી અબુધાબી ગયા હતા.

### સંતોએ મહિલાઓને દૂર કરતા ફ્રાન્સના નેતાઓનો વિરોધ



ફ્રાન્સમાં આવો ભેદભાવ સ્વીકાર્ય નથી

**- ઈમેન્યુઅલ ગ્રેગોયર** મેયર, પેરિસ



દેશના કાયદાથી ઉપર કોઈ ધર્મ નથી

**- ઓરોર બર્જે** મંત્રી, ઈક્વાલિટી મિનિસ્ટ્રી



ફ્રાન્સમાં મહિલાઓને ગાયબ થવાનું કહી જ ન શકે

**- યાએલ બ્રોન પિવેટ** પ્રેસિડેન્ટ, નેશનલ એસેમ્બલી



આવી ઘટના ફ્રાન્સ ક્યારેય સહન નહીં કરે

**-મરીન લે પેન** નેતા, વિરોધ પક્ષ (2027ની ચૂંટણી માટે રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર)



કોઈપણ મહિલાઓને કહી ન શકે કે તેનું સ્થાન ક્યાં છે

**-ગ્રેબિયલ અતાલે** પૂર્વ વડાપ્રધાન (2027ની ચૂંટણી માટે રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર)

# સિંગાપોરના PMનો વાર્ષિક પગાર 26 કરોડ, ભારતના PMનો 20 લાખ

## હોંગકોંગ PMનો 719,000 ડોલર : સ્વિટ્ઝરલેન્ડના રાષ્ટ્રપતિનો 606,000 ડોલર : ડોનાલ્ડ ટ્રમ્પનો 400,000 ડોલર



**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

સિંગાપોરના વડા પ્રધાન લોરેન્સ વોંગનો વાર્ષિક પગાર ૬૪ ટકા વધારીને ૩.૬ મિલિયન સિંગાપોર ડોલર એટલે કે આશરે ૨.૮૫ મિલિયન ડૉલર (ભારતીય રૂપિયામાં અંદાજે ૨૬ કરોડથી વધુ) કરવામાં આવ્યો છે। આ વધારા સાથે તેઓ વિશ્વમાં સૌથી વધુ વેતન મેળવનાર રાજકીય નેતા બની ગયા છે। ચાલો નજર કરીએ દુનિયાના ટોચના ૫ સૌથી વધુ વેતન મેળવનારા રાજકારણીઓ પર.

લોરેન્સ વોંગ (વડાપ્રધાન, સિંગાપોર): સિંગાપોરના વડાપ્રધાન આ યાદીમાં મોખરે છે। તેમનો વાર્ષિક પગાર ૩.૬ મિલિયન સિંગાપોર ડૉલર છે। સરકારી નીતિઓ મુજબ ભ્રષ્ટાચાર અટકાવવા અને શ્રેષ્ઠ પ્રતિભાઓને આકર્ષવા માટે ઉચ્ચ રાજકીય પગાર ધોરણ રાખવામાં આવે છે। તેમની વ્યક્તિગત નેટવર્થ અંદાજે ૫ મિલિયન ડૉલર હોવાનો અંદાજ છે.


જોન લી કા-ચ્યુ (ચીફ એક્ઝિક્યુટિવ, હોંગકોંગ): હોંગકોંગના પ્રમુખ આ યાદીમાં બીજા ક્રમે છે, જેમનો વાર્ષિક પગાર આશરે ૭૧૯,000 ડૉલર છે। આ પગાર અમેરિકન રાષ્ટ્રપતિ કરતા પણ ઘણો વધારે છે।

સ્વિટ્ઝર્લેન્ડના રાષ્ટ્રપતિ: સ્વિટ્ઝર્લેન્ડમાં રાષ્ટ્રપતિનું પદ વારાફરતી (રોટેશનલ) બદલાય છે। ફેડરલ કાઉન્સિલના સભ્યોમાંથી એક વાર્ષિક ધોરણે આ જવાબદારી સંભાળે છે, અને આ પદ માટેનો વાર્ષિક પગાર આશરે ૬0૬,000 ડૉલર છે।

ડોનાલ્ડ ટ્રમ્પ (રાષ્ટ્રપતિ, યુનાઈટેડ સ્ટેટ્સ): યુએસ પ્રમુખનો સત્તાવાર વાર્ષિક પગાર ૪00,000 ડૉલર છે। જોકે, પગારની દ્રષ્ટિએ તેઓ ભલે પાછળ હોય, પરંતુ તેમની કુલ સંપત્તિ (નેટવર્થ) અબજો ડૉલરમાં છે। રિયલ એસ્ટેટ અને બિઝનેસ રોકાણોને કારણે તેમની કુલ સંપત્તિ આશરે ૭ બિલિયન ડૉલર સુધી પહોંચે છે।

એન્થોની અલ્બેનીઝ (વડા પ્રધાન, ઓસ્ટ્રેલિયા): ઓસ્ટ્રેલિયાના વડા પ્રધાનનો વાર્ષિક પગાર આશરે ૩૯0,000 થી ૪00,000 ડૉલરની આસપાસ છે, જે તેમને વૈશ્વિક સ્તરે સૌથી વધુ પગાર મેળવનારા નેતાઓની યાદીમાં સામેલ કરે છે.

ભારતના વડા પ્રધાનની સ્થિતિ: આ વૈશ્વિક આંકડાઓની સરખામણીમાં ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો પગાર ઘણો સાદો છે. ભારતીય વડા પ્રધાનને માસિક આશરે ૧.૬૬ લાખ અને વાર્ષિક ધોરણે આશરે ૨0 લાખ જેટલો પગાર તથા ભથ્થાં મળે છે।



## બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સના આંકડા

# વિશ્વના ટોપ-10 અમીરોમાંથી એકપણ ભારતીય નહીં

## ઈલોન મસ્ક સૌથી અમીર, મુકેશ અંબાણી 18માં ક્રમે, તો ગૌતમ અદાણી 20માં સ્થાને પહોંચી ગયા

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

વૈશ્વિક શેરબજારોમાં જોવા મળી રહેલી ભારે ઉથલપાથલની અસર અબજોપતિઓની સંપત્તિ પર પણ પડી છે. બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સના આંકડા અનુસાર વિશ્વના સૌથી ધનિક ૧0 લોકોની યાદીમાં હાલમાં એક પણ ભારતીય ઉદ્યોગપતિનું નામ નથી. બીજી તરફ અમેરિકાની ટેકનોલોજી અને બિઝનેસ કંપનીઓ સાથે જોડાયેલા અબજોપતિઓએ ટોપ-૧0માં મોટાભાગના સ્થાનો પર કબજો જમાવ્યો છે. ટેસ્લા, સ્પેસએક્સ અને X સાથે જોડાયેલા ઈલોન મસ્ક લગભગ $૩૪૧ અબજની (Billionaires)સંપત્તિ સાથે પ્રથમ ક્રમે છે. તાજેતરના ઉછાળાને કારણે તેમની સંપત્તિમાં પણ મોટો વધારો નોંધાયો છે.

બીજા નંબરે એમેઝોનના સ્થાપક જેફ બેઝોસ છે, જેમની નેટવર્થ આશરે $૨૧૪ અબજ છે. મેટાના માર્ક ઝકરબર્ગ $૨0૮ અબજ સાથે ત્રીજા ક્રમે છે.

ઓરેકલના સહ-સ્થાપક લેરી એલિસન લગભગ $૧૯૫ અબજની(Billionaires) સંપત્તિ સાથે ચોથા ક્રમે છે. લક્ઝરી બ્રાન્ડ LVMHના બર્નાર્ડ આર્નોલ્ટ $૧૭૨ અબજ સાથે પાંચમા સ્થાને છે. તેઓ ટોપ-૧0માં સામેલ એકમાત્ર બિન-અમેરિકન ઉદ્યોગપતિ છે.

માઈક્રોસોફ્ટના સહ-સ્થાપક બિલ ગેટ્સ $૧૬૨ અબજ સાથે છઠ્ઠા ક્રમે છે.




ગૂગલના સહ-સ્થાપક લેરી પેજ $૧૫૨ અબજ સાથે સાતમા અને દિગ્ગજ રોકાણકાર વોરેન બફેટ $૧૪૮ અબજ સાથે આઠમા ક્રમે છે.

ગૂગલના અન્ય સહ-સ્થાપક સર્ગેઈ બ્રિન લગભગ $૧૪૫ અબજ સાથે નવમા સ્થાને છે. જ્યારે માઈક્રોસોફ્ટના પૂર્વ CEO અને રોકાણકાર સ્ટીવ બાલ્મર $૧૪૪ અબજ સાથે દસમા ક્રમે છે. ભારતના અગ્રણી ઉદ્યોગપતિ મુકેશ અંબાણી અને ગૌતમ અદાણીની સંપત્તિમાં ઘટાડો થતાં તેઓ ટોપ-૧0થી બહાર છે. મુકેશ અંબાણીની સંપત્તિ ઘટીને આશરે $૧0૨ અબજ થઈ હોવાનું જણાવાય છે, જેના કારણે તેઓ ૧૮મા ક્રમે પહોંચ્યા છે.

બીજી તરફ ગૌતમ અદાણીની નેટવર્થ આશરે $૯૮ અબજ સુધી ઘટી હોવાનું કહેવાય છે અને તેઓ ૨0મા સ્થાનની આસપાસ પહોંચી ગયા છે. ભારતીય શેરબજારમાં ઉતાર-ચઢાવ અને શેરોમાં થયેલા ઘટાડાની અસર બંને ઉદ્યોગપતિઓની સંપત્તિ પર જોવા મળી છે.

# ગડકરીએ કહ્યું મને શરમ આવે છે



# મુંબઈ-ગોવા હાઈ-વેનું કામ 2016માં પુરૂ થવાનું હતું, 2026માં પણ અધૂરૂ !

## ગડકરીએ કહ્યું હું ઉદ્દઘાટનમાં નહીં જાઉં: કોન્ટ્રાક્ટરોને બ્લેકલિસ્ટ કરવાનો રેકોર્ડ બનાવીશ

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ મુંબઈ-ગોવા હાઈવેના વિસ્તરણમાં થઈ રહેલા વિલંબ પર નારાજગી વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે પ્રોજેક્ટમાં એટલો વિલંબ થયો છે કે તેમને શરમ આવે છે.ગડકરીએ એમ પણ કહ્યું કે હાઈવે પૂરો થયા પછી યોજાનારા ઉદ્દઘાટન કાર્યક્રમમાં તેઓ જશે નહીં. મુંબઈ-ગોવા હાઈવેનું વિસ્તરણ લાંબા સમયથી ચાલી રહ્યું છે. ગડકરીના મતે તેનું લગભગ ૯૩-૯૪% કામ પૂર્ણ થઈ ગયું છે.મુંબઈ-ગોવા હાઈવેના લગભગ ૪૪૦ કિલોમીટર લાંબા ભાગમાં કામ પૂર્ણ થયા છતાં ઘણી જગ્યાએ ખાડા, પાણી ભરાવા, સમારકામ અને ટ્રાફિક જામ જેવી સમસ્યાઓ સામે આવી રહી છે. હાલના વરસાદ પછી નવા બનેલા કેટલાક ભાગોમાં રોડ ખરાબ થવાની ફરિયાદો પણ મળી છે.હાઈવે પર મે મહિનામાં ખારપાડા ટોલ પ્લાઝા પર ટોલ શરૂ થઈ ગયો હતો. તેમ છતાં, પ્રોજેક્ટના કેટલાક ભાગોમાં કામ અને સુધારણા ચાલુ છે. હાઈવે પર ૨૦૨૧માં બનાવવામાં આવેલો વાંદરાઓ માટેનો એક ઓવરપાસ પણ તૂટી પડ્યો છે, જેના કારણે સુરક્ષાને લઈને સવાલો ઉભા થયા છે.મુંબઈ-ગોવા હાઈવેના પહોળા કરવાનું કામ નિર્ધારિત સમય કરતાં ઘણું પાછળ ચાલી રહ્યું છે. આ પ્રોજેક્ટ અગાઉ ૨૦૧૬ સુધીમાં પૂરો થવાનો હતો, પરંતુ જમીન સંપાદન, બાંધકામ પહેલાની મંજૂરીઓ અને કોન્ટ્રાક્ટરો સંબંધિત સમસ્યાઓના કારણે કામમાં સતત વિલંબ થયો. ૨૦૨૪માં કેન્દ્ર સરકારે સંસદમાં પણ જણાવ્યું હતું કે જમીન સંપાદન અને કેટલાક કોન્ટ્રાક્ટરોની આર્થિક મુશ્કેલીઓના કારણે પ્રોજેક્ટ પ્રભાવિત થયો હતો.આ હાઈવે મુંબઈને કોંકણના રસ્તે ગોવા સાથે જોડે છે. તેનો મહારાષ્ટ્રનો ભાગ લગભગ ૪૬૦ કિલોમીટરનો છે. આ પ્રોજેક્ટનો આ માર્ગ પર્યટન અને સ્થાનિક વ્યવસાયની દ્રષ્ટિએ પણ મહત્વપૂર્ણ માનવામાં આવે છે.ગડકરીએ હાઈવેના કામમાં વિલંબ અને નબળા કામ માટે જવાબદાર કોન્ટ્રાક્ટરો અને અધિકારીઓ સામે કડક કાર્યવાહીના સંકેત આપ્યા છે. તેમણે કહ્યું કે તેઓ સૌથી વધુ કોન્ટ્રાક્ટરોને બ્લેકલિસ્ટ કરવા અને અધિકારીઓને સસ્પેન્ડ કરવાનો રેકોર્ડ બનાવવા માંગે છે. તેમનું કહેવું છે કે સમયસર અને ગુણવત્તા સાથે કામ ન કરનારાઓને છોડવામાં આવશે નહીં.

# ભાજપે મુખ્ય 7 મોરચાના પ્રભારીઓની જાહેરાત કરી

## યુવા, મહિલા, SC, OBC, કિસાન, ST અને લઘુમતી મોરચાની જવાબદારી વરિષ્ઠ નેતાઓને સોપી

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

ભારતીય જનતા પાર્ટીએ ગુરુવારે તેના ૭ મુખ્ય મોરચાના પ્રભારીઓની જાહેરાત કરી. પાર્ટીએ યુવા, મહિલા, SC, OBC, કિસાન, ST અને લઘુમતી મોરચાની જવાબદારી વરિષ્ઠ નેતાઓને સોંપી છે. સાતમાંથી સૌથી વધુ ૨ પ્રભારી મધ્યપ્રદેશના છે.પાર્ટી અનુસાર, હરીશ દ્વિવેદીને યુવા મોરચા અને ડી. પુરંદેશ્વરીને મહિલા મોરચાના પ્રભારી બનાવવામાં આવ્યા છે. જ્યારે, સતીશ પૂનિયાને ST મોરચાની જવાબદારી સોંપવામાં આવી છે. BJP એ સંજય ભાટિયાને SC મોરચા અને વૈજયંત પાંડાને OBC મોરચાના પ્રભારી નિયુક્ત કર્યા છે. જ્યારે, લાલ સિંહ આર્યાને કિસાન મોરચા અને ગજેન્દ્ર પટેલને લઘુમતી મોરચાના પ્રભારી બનાવવામાં આવ્યા છે. આ તમામ મોરચાઓની કાર્યકારિણી બનાવવા, પ્રદેશોના પ્રભારી નક્કી કરવા અને રાજ્યોમાં મોરચાની ટીમ તૈયાર કરવામાં મદદ કરશે. તમામ મોરચા પ્રભારીઓને સંબંધિત મોરચા અધ્યક્ષો સાથે વાતચીત કરીને આ કામ શરૂ કરવાના નિર્દેશ આપવામાં આવ્યા છે.હરીશ દ્વિવેદી, ડી. પુરંદેશ્વરી, સતીશ પૂનિયા, સંજય ભાટિયા, બેજયંત પાંડા, લાલ સિંહ આર્ય, ગજેન્દ્ર સિંહ પટેલને મોરચા પ્રભારીઓ બનાવવામાં આવ્યા છે.

### ચૂંટણી પહેલા ઉત્તરપ્રદેશમાં ભાજપનો ખાનગી સર્વે

# UPમાં 128 ધારાસભ્યોની ટિકિટ કપાશે ?

## ભાજપે સ્થાનિક ધારાસભ્યોના કામકાજ–લોકપ્રિયતાનો સર્વે કરી જનતાનો મૂડ જાણવાની કોશિશ કરી

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણીમાં હવે ૬ મહિનાથી ઓછો સમય બાકી રહ્યો છે. ત્યારે ૧૦ વર્ષથી સત્તારૂઢ યોગી આદિત્યનાથની આગેવાનીવાળી ભાજપ સરકાર સામે હેટ્રિક લગાવવાનો પડકાર છે. ભાજપે સ્થાનિક ધારાસભ્યોના કામકાજ અને લોકપ્રિયતાનો સરવે કરવાની જનતાનો મૂડ જાણવાની કોશિશ કરી છે. જેમાં ૨૦૨૪માં લોકસભા ચૂંટણીના ઝટકાથી શીખ મેળવીને ભાજપે ૪૦૩ વિધાનસભા સીટ પર ગોપનીય અને બહુસ્તરીય આંતરિક સરવે કરાવ્યો છે.આ સરવે રિપોર્ટે રાજકારણમાં હડકંપ મચાવ્યો છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, સરવે રિપોર્ટમાં યુપીમાં અંદાજે ૧૨૫થી ૧૨૮ હાલના ધારાસભ્યો સામે તેમના જ મતવિસ્તારમાં જબરદસ્ત એન્ટી-ઈન્કમ્બસી જોવા મળી છે. સ્પષ્ટ રીતે કહીએ તો, અંદાજે ભાજપના ૧૨૮ હાલના ધારાસભ્યોનું પત્તું કપાય તેવી શક્યતા છે. પશ્ચિમ યુપીથી લઈને પૂર્વ સુધી મંત્રીઓથી માંડીને દિગ્ગજ ધારાસભ્યોનું નામ આ રેડ લિસ્ટમાં સામેલ છે. ભાજપે યુપીને સંગઠન પ્રમાણે ૬ ભાગમાં વિભાજિત કર્યું છે. જેમાં કયા વિસ્તારમાંથી કોની ટિકિટ કપાશે, તે આંકડા ચોંકાવનારા છે. યુપી વિધાનસભા ચૂંટણી ૨૦૨૭ને લોકસભા ૨૦૨૯ પહેલાની સેમિફાઈનલ ગણવામાં આવી રહી છે.

# ગુજરાતમાં 161 બ્રિજ અત્યંત બિસ્માર અને ભયજનક હાલતમાં

## તમામ ભયજનક બ્રિજ પરથી ભારે વાહનોની અવરજવર પર તાત્કાલિક રોક લગાવી

સિટી ન્યૂઝ@ગાંધીનગર

રાજ્યમાં નાના, મોટા અને મધ્યમ કદના મળીને કુલ ૧૬૧ પુલો અત્યંત બિસ્માર અને ખખડધજ હાલતમાં હોવાનો ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છે. નાગરિકોની સુરક્ષાને સર્વોચ્ચ અગ્રતા આપતા, રાજ્ય સરકાર દ્વારા આ તમામ ભયજનક બ્રિજ પરથી ભારે વાહનોની અવરજવર પર તાત્કાલિક અસરથી રોક લગાવી દેવામાં આવી છે. અગાઉ ગંભીરા બ્રિજ તૂટી પડવાની દુર્ઘટના બન્યા બાદ રાજ્ય સરકાર હરકતમાં આવી હતી. તંત્ર દ્વારા તમામ પુલોની સ્થિતિની ઝીણવટભરી ચકાસણી કરવાના કડક આદેશો આપવામાં આવ્યા હતા, જેના પરિણામે આ ગંભીર બાબત સામે આવી છે. રાજ્યના માર્ગ અને મકાન



વિભાગ દ્વારા વિધાનસભામાં સત્તાવાર રીતે સ્વીકાર કરવામાં આવ્યો છે કે રાજ્યભરના ૫૮ મોટા, ૬૭ મધ્યમ અને ૩૬ નાના પુલો હાલ અત્યંત જોખમી સ્થિતિમાં છે. આ તમામ ૧૬૧ પુલો પરથી વાહનવ્યવહાર ચાલુ રાખવો મુસાફરોના જીવ માટે અત્યંત જોખમી સાબિત થઈ શકે તેમ છે. આંકડાકીય વિગતો મુજબ અમદાવાદ જિલ્લામાં કુલ ૧૯૯ પુલો અને વડોદરા જિલ્લામાં ૨૩૮ પુલો આવેલા છે. આ તમામ પુલોનું ટેકનિકલ ઈન્સ્પેક્શન કરવામાં આવતા તેમાંથી આશરે પાંચ જેટલા પુલો ભારે ક્ષતિગ્રસ્ત હોવાનું માલૂમ પડ્યું છે.બ્રિજ સરવેની કામગીરી પૂર્ણ થયા બાદ સરકાર તરફથી આ અંગે સ્પષ્ટ ખુલાસો કરવામાં આવ્યો છે. રાજ્ય સરકારના જણાવ્યા અનુસાર, આગામી સમયમાં નાણાકીય ઉપલબ્ધતા અને તાંત્રિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને આ તમામ ભયજનક બ્રિજના સ્થાને નવા અને અત્યાધુનિક મજબૂત પુલોનું નિર્માણ કરવામાં આવશે. આ નવા બ્રિજનું નિર્માણકાર્ય પૂર્ણ ન થાય ત્યાં સુધી અકસ્માતો નિવારવા માટે તમામ ક્ષતિગ્રસ્ત પુલો પર ભારે વાહનોની અવરજવર સંપૂર્ણપણે બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. આ નિર્ણયથી ટ્રાન્સપોર્ટરો અને સ્થાનિક વાહનચાલકોને વૈકલ્પિક રૂટનો ઉપયોગ કરવો પડશે, જેના કારણે મુસાફરીમાં થોડો વિલંબ થઈ શકે છે. પરંતુ કોઈ મોટી દુર્ઘટના ન સર્જાય તે માટે તંત્ર દ્વારા આ આકરું અને મહત્વનું પગલું ભરવામાં આવ્યું છે. રાજ્ય સરકારનું આ પગલું નાગરિકોની સલામતી સુનિશ્ચિત કરવા તરફનું એક મહત્વપૂર્ણ કદમ માનવામાં આવી રહ્યું છે.

# બંને ઈજનેરોનું સસ્પેન્શન રદ કરો: યુનિયનનું આવેદન

## નબળા કામ બદલ એજન્સીને 16 નોટિસ આપી હતી

સિટી ન્યૂઝ@ગાંધીનગર

રાજકોટના ન્યૂ રિંગ રોડ ઉપર ચાલતા ત્રણ બ્રિજ પ્રોજેક્ટના કામમાં ગંભીર ક્ષતિઓ અને બેદરકારી જણાતા મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા દ્વારા બે ઈજનેરોને સસ્પેન્ડ કરવામાં આવતા રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન એન્જિનિયર્સ યુનિયન આકરા પાણીએ થયું છે અને બન્ને ઈજનેરોનું સસ્પેન્શન તાત્કાલિક અસરથી રદ કરવા યુનિયને આવેદનપત્ર પાઠવીને માંગ કરી હતી. આ તકે આવેદનપત્ર પાઠવતી વેળાએ મ્યુનિ.કમિશનરને રજૂઆત કરતા ઈજનેરોએ જણાવ્યું હતું જે ઈજનેરને સસ્પેન્ડ કરાયા છે તેમણે સમયાંતરે એજન્સીને અવાર નવાર કડક તાકિદ કરી જ હતી અને મુખ્ય એજન્સી બેકબોનને ૧૦ તેમજ પીએમસી ડેલ્ફ એજન્સીને ૬ સહિત કુલ ૧૬-૧૬ નોટિસ ફટકારી હતી ત્યારે આ ઈજનેરોને બેદરકાર કઈ રીતે ગણી શકાય...? વિશેષમાં મ્યુનિસિપલ કમિશનરને પાઠવેલા આવેદનપત્રમાં જણાવ્યું છે કે, રાજકોટ મહાનગરપાલિકાની કામગીરીમાં વધુ ગુણવત્તા તથા કાર્યક્ષમતા આવે તેમજ એન્જીનીયરીંગ બ્રાન્ચના અધિકારી/કર્મચારીઓ ઉપરના બિનજરૂરી કાર્યબોજમાં ઘટાડો થાય અને તેમની મૂળ એન્જીનીયરીંગ કામગીરી વધુ અસરકારક રીતે થઈ શકે તે હેતુસર નીચે દર્શાવેલ પ્રશ્નો અંગે અગાઉ રજૂઆત કરવામાં આવેલ છે.આ બાબતોમાં લાગુ પડતા ગુજરાત સરકારશ્રીના સેવા નિયમો, ઠરાવો/પરિપત્રો, રિક્રુટમેન્ટ રૂલ્સ, સર્વિસ રૂલ્સ તથા રાજકોટ મહાનગરપાલિકાના મંજૂર સેવા/ભરતી નિયમો અનુસાર યોગ્ય કાર્યવાહી કરવા વિનમ્ર રજૂઆત છે.

## જન્માષ્ટમી પૂરી થતા જ મોંઘવારીનો માર: દિવાળીએ ડબ્બો 3100નો થવાની શક્યતા

# સિંગતેલમાં રૂ.50નો ભાવ વધારો ઝીંકાયો

સિટી ન્યૂઝ@ગાંધીનગર

રાજકોટમાં ખાદ્યતેલના ભાવમાં વધારો થયો છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં સિંગતેલ તથા કપાસિયા તેલનો વપરાશ ખૂબ જ મોટા પ્રમાણમાં થતો હોય છે. સિંગતેલની વાત કરીએ તો, સાતમ આઠમના તહેવારો પછી અંદાજે ૫૦ રૂપિયા જેટલો ભાવ વધારો જોવા મળ્યો છે. આ ભાવ વધારા પાછળનું મુખ્ય કારણ વરસાદની ખેંચ અને મગફળીનું ઉત્પાદન ઓછું હોવાનું માનવામાં આવી રહ્યું છે. સરકાર પાસે જે મગફળીનો સ્ટોક છે તે મધ્યમ ક્વોલિટીનો હોવાને કારણે અને નવી મગફળી હજુ પીલાણ લાયક ન હોવાથી સિંગતેલના ભાવમાં આ ઉછાળો આવ્યો છે. વેપારીના જણાવ્યા અનુસાર, દિવાળી સુધી સિંગતેલના ભાવમાં કોઈ મોટો ઘટાડો થાય તેવી શક્યતાઓ નહિવત દેખાઈ રહી છે. દિવાળીની સીઝન



સુધી સિંગતેલના ભાવ ૩૦૫૦થી ૩૧૦૦ રૂપિયા સુધી રહેવાનો અંદાજ છે. સરકાર પાસે મગફળીનો પૂરતો સ્ટોક ન હોવાને કારણે સિંગતેલની અછત સર્જાઈ શકે છે, જેના કારણે ભાવ ઊંચા જ રહેવાની સંભાવના છે. જો કે, દિવાળી પછી નવી મગફળીની આવક શરૂ થતાં જ સિંગતેલની પડતર ઊંચી હોવાથી ભાવ ઘટવાની શક્યતાઓ હાલ ઓછી છે.



# “સોનું ન ખરીદો” જેવા નિવેદનોથી કોને ફાયદો અને લાખો સ્વર્ણકાર અને કારીગરોની રોજીરોટી પર કોનો પ્રહાર?



## નાના વેપારીઓ અને કારીગરોને સીધી અસરનો દાવો; સુરક્ષા, વળતર અને વિશેષ નીતિ માટે સોની યુવા સોશિયલ ટ્રસ્ટની માંગ

### સુરક્ષા સાથે વળતરની પણ માંગ

રોજગાર ઉપરાંત તેમની સુરક્ષાનો મુદ્દો પણ ઉઠાવવામાં આવ્યો છે. વિવિધ વિસ્તારોમાં સ્વર્ણ વેપારીઓ અને કારીગરો સાથે લૂંટફાટ, હુમલા અને અન્ય ગંભીર ઘટનાઓ બનતી હોવાનો ઉલ્લેખ કરી આવા બનાવો પર અસરકારક નિયંત્રણની માંગ કરવામાં આવી છે. લૂંટ કે હુમલામાં મૃત્યુ પામતા સ્વર્ણકારોના પરિવારોને યોગ્ય વળતર અને તાત્કાલિક સહાય મળે તે માટે વિશેષ નીતિ બનાવવાની પણ રજૂઆત કરાઈ છે. આવા બનાવોમાં પરિવારના એકમાત્ર કમાવનારનું મૃત્યુ થતાં બાળકોના શિક્ષણ, પરિવારના ભરણપોષણ અને ભવિષ્ય સામે ગંભીર સંકટ ઊભું થાય છે.

### સરકાર સમક્ષ 6 મુદ્દાની રજૂઆત

સોની યુવા સોશિયલ ટ્રસ્ટે કેન્દ્ર અને રાજ્ય સરકાર સમક્ષ નાના સ્વર્ણકારો તથા કારીગરોની રોજીરોટી બચાવવા અસરકારક પગલાં લેવા, સોનાના વ્યવસાયને અસર કરતા નીતિગત નિર્ણયો વખતે કારીગરોના હિતને ધ્યાનમાં લેવા, સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત કરવા, લૂંટ-હુમલાની ઘટનાઓ પર કડક કાર્યવાહી અને અસરકારક નિયંત્રણ લાવવા, મૃત સ્વર્ણકારોના પરિવારોને યોગ્ય વળતર તથા તાત્કાલિક સહાય આપવા અને પેઢીઓથી ચાલી આવતી ભારતીય સ્વદેશી સુવર્ણકલા જાળવવા વિશેષ યોજનાઓ બનાવવાની માંગ કરી છે.

### સવાલ હવે માત્ર સોનાનો નથી

જીજ્ઞેશ વાગડીયાએ જણાવ્યું હતું કે, “સવાલ હવે માત્ર સોનાનો નથી, પરંતુ હજારો પરિવારોના ભવિષ્યનો છે. સોનાને ચમક આપનારા લાખો હાથ આજે સુરક્ષા, સન્માન અને રોજગારની માંગ કરી રહ્યા છે. હુનરને બચાવવા સમયસર પગલાં નહીં લેવાય તો આવતીકાલે શોરૂમમાં સોનું તો ચમકતું હશે, પરંતુ તેને ઘડનારા કારીગર કદાચ ત્યાં જોવા નહીં મળે.”

**સિટી ન્યૂઝ@રાજકોટ**

સોનાની ખરીદી ન કરવા અથવા તેને નિરુત્સાહિત કરતા નિવેદનોની સીધી અસર નાના સ્વર્ણકારો, વેપારીઓ અને કારીગરોની રોજીરોટી પર પડતી હોવાનો મુદ્દો શ્રી સોની યુવા સોશિયલ ટ્રસ્ટના પ્રમુખ જીજ્ઞેશ વાગડીયાએ ઉઠાવ્યો છે. તેમણે જણાવ્યું હતું કે પેઢી દર પેઢી ભારતીય સુવર્ણકલા અને કારીગરીને જીવંત રાખતા લાખો કારીગરો આજે વધતી આર્થિક અસુરક્ષા, ઘટતી માંગ અને રોજગારની અનિશ્ચિતતાનો સામનો કરી રહ્યા છે.

જીજ્ઞેશ વાગડીયાએ જણાવ્યું હતું કે મોટા શોરૂમ પાસે મૂડી, રોકાણ અને અન્ય વ્યવસાયના વિકલ્પો હોય છે, પરંતુ નાના કારીગરનું સમગ્ર જીવન રોજની કમાણી પર આધારિત હોય છે. સોનાની માંગમાં ઘટાડો થાય ત્યારે તેની સૌથી પહેલી અને સીધી અસર ધમણ, રેતી, હથોડી તથા વિવિધ સાધનો સાથે કામ કરતા કારીગર પર પડે છે.

પેઢીઓથી આ વ્યવસાય સાથે જોડાયેલા કારીગરો માટે અન્ય ક્ષેત્રમાં રોજગાર મેળવવો પણ સરળ નથી. તેમની ઉંમર, અનુભવ, પારિવારિક જવાબદારીઓ અને પરંપરાગત કૌશલ્ય તેમને આ વ્યવસાય સાથે જોડાયેલા રાખે છે. કામમાં ઘટાડો થાય અથવા કામ બંધ થાય તો પરિવારના દૈનિક ખર્ચ, બાળકોના શિક્ષણ, ઘરભાડું અને સારવાર જેવા પ્રશ્નો વધુ ગંભીર બની શકે છે.

વાગડીયાએ જણાવ્યું હતું કે જે કારીગરોના હુનર વિના સોનું આભૂષણનું સ્વરૂપ ધારણ કરી શકતું નથી, તેમના રોજગાર અને ભવિષ્ય અંગે ગંભીરતાથી વિચારવાની જરૂર છે. તેમણે કહ્યું કે આ કોઈ વ્યક્તિ કે સંસ્થા વિરુદ્ધ નફરતનો અવાજ નથી, પરંતુ સ્વર્ણકાર સમાજના હુનર, રોજગાર, સન્માન અને અસ્તિત્વને બચાવવાની ન્યાયસંગત અપીલ છે.

તેમણે ઉમેર્યું હતું કે સ્વર્ણકાર સમાજે પેઢીઓથી રાજકારણ કરતાં પોતાના હુનર અને ઓજારોને વધુ મહત્વ આપ્યું છે. સત્તાના કોરિડોરમાં ભાગીદારી માટે આગ્રહ ન રાખનાર આ સમાજના રોજગાર સામે પ્રશ્નો ઊભા થયા છે ત્યારે તેના અવાજને નીતિ નિર્માણ સુધી પહોંચાડવાની જરૂરિયાત છે.

# પર્યુષણનો આજે ત્રીજો દિવસ



## પર્યુષણ પર્વમાં 280 વિદ્યાર્થી 8 દિવસ સાધુ જીવન જીવશે સ્નાન નહીં, પગરખા-ફોનનો ત્યાગ કરશે

### મોબાઈલની જગ્યાએ પ્રતિક્રમણ સુવિધાની જગ્યાએ સંયમ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

સ્કૂલમાં વિદ્યાર્થીઓ પુસ્તકો, મોબાઇલ, શૂઝ અને સુવિધાઓ વચ્ચે દિવસ પસાર કરતા હોય છે પરંતુ પર્યુષણ પર્વમાં તપોવન સંસ્કારધામના ૨૮૦ વિદ્યાર્થીની દિનચર્યા બદલાઈ જાય છે.

ઈંગ્લીશ મિડિયમમાં ભણતા આ વિદ્યાર્થીઓ ૮ દિવસ સુધી સાધુ જેવી સંયમી જીવનશૈલી અપનાવે છે. આ સમયમાં વિદ્યાર્થીઓ સ્નાન નથી કરતા, ચપ્પલ નથી પહેરતા, મોબાઇલથી સંપૂર્ણ અંતર રાખે છે અને જમીન પર સૂએ છે.

પર્યુષણમાં વિદ્યાર્થીઓ ભૌતિક સુખ-સુવિધાઓ અને મોહમાયાથી દૂર રહીને આધ્યાત્મિક પ્રવૃત્તિઓ સાથે જોડાય છે. સવાર-સાંજ પ્રતિક્રમણ, સામાયિક, ધાર્મિક અભ્યાસ, કલ્પસૂત્રનું શ્રવણ અને પ્રભુ ભક્તિ દિનચર્યાનો ભાગ બને છે.

અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓએ અઠ્ઠાઈ તપનો સંકલ્પ પણ લીધો

ભવ્યકીર્તિ મહારાજ સાહેબે કહ્યું કે પર્યુષણ દરમિયાન તપોવનના વિદ્યાર્થીઓ માટે સૌથી કઠિન પડકારોમાં એક છે, ખાણીપીણી પર નિયંત્રણ. ૮ દિવસ સુધી ભોજનનો સંપૂર્ણ ત્યાગ કરીને ૨૦ વિદ્યાર્થીઓ અઠ્ઠાઈ કરવાનો સંકલ્પ લઈ રહ્યા છે.

સંસ્થાના અગ્રણી હિમાંશુ શાહના જણાવ્યા અનુસાર પર્યુષણમાં તપોવનના વિદ્યાર્થીઓની દિનચર્યા સંપૂર્ણપણે બદલાઈ જાય છે. સામાન્ય દિવસોમાં અભ્યાસ, મોબાઈલ, મનોરંજન અને વિવિધ સુવિધાઓ સાથે જીવતા વિદ્યાર્થીઓ માટે આ સમય આત્મચિંતન અને ધાર્મિક અભ્યાસને સમર્પિત રહે છે. સવારની શરૂઆતથી જ વિદ્યાર્થીઓ નિયમિત ધાર્મિક પ્રવૃત્તિઓમાં જોડાય છે. ખાસ કરીને કલ્પસૂત્રના પાઠ અને જૈન દર્શનના સિદ્ધાંતો સમજવાનો સમય ફાળવવામાં આવે છે.



### સાદગી, અહિંસા અને સંયમ, જૈન મુનિઓનો વિશ્વને સંદેશ

## જૈન મુનિઓનું જીવન આધુનિક યુગ માટે પ્રેરણાનો માર્ગ

**ગ્લોબલ વોર્મિંગ, પ્રદુષણ, પર્યાવરણીય સંકટો સામે વિશ્વ લડી રહ્યું છે ત્યારે 2600 વર્ષ પહેલા તીર્થંકર ભગવાન મહાવીરે આપેલી અહિંસક જીવનશૈલી પ્રકૃતિની રક્ષાનો શ્રેષ્ઠ માર્ગ પૂરો પાડે છે**



**સિટી ન્યૂઝ@રાજકોટ**

'પ્રિયમ'ના તખલ્લુસ સાથે લખતા પૂજ્ય જિનપ્રેમવિજયજી મહારાજના પુસ્તક 'જૈન સાધુ અને પર્યાવરણ'માં પહેલી જ લાઇનમાં આ વાક્ય આવે છે. આજના પડકારો સામે ટકી રહેવા માટે આ પુસ્તકની વાતો ટૉર્ચલાઇટ બનીને નવી દિશા આપવાનું કામ કરી શકે છે. આજે એકવીસમી સદીમાં આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સના જમાનામાં જ્યાં બધું જ લાઇટનિંગ સ્પીડ સાથે આગળ વધી રહ્યું છે ત્યારે જૈન સાધુ આજે પણ પગપાળા વિહાર કરે. બે જોડી વસ્ત્ર, ભોજનનાં લાકડાનાં બનેલાં અમુક વાસણો જેને તેઓ પાત્રા કહે છે એ અને જીવદયાના પાલનમાં સહાય બને એવાં કેટલાંક ઉપકરણો અને પુસ્તકો. ભગવાન વીરની શ્રમણ-પરંપરામાં પંચમહાવ્રતનું પાલન કમ્પલ્સરી છે. હિંસા ન કરવી, ખોટું ન બોલવું, ચોરી ન કરવી, બ્રહ્મચર્યનું પાલન કરવું અને અપરિગ્રહ એટલે જરૂરિયાત ઓછી રાખીને વસ્તુઓનો સંગ્રહ ન કરવો. પહેલા મહાવ્રતના પાલનમાં જ પ્રકૃતિનું સંવર્ધન છે. જીવદયાના સંસ્કાર અને આચરણમાં જ નેચર-કન્ઝર્વેશન સમાયેલું છે. ભયંકર તડકામાં વગર ચંપલે જૈન સાધુ ચાલશે પણ બાજુમાં જ રહેલા લીલાછમ ઘાસ પર પગમાં થતી બળતરાથી બચવા નહીં ચાલે. આમાં એ ઘાસમાં રહેલા વનસ્પતિકાયના જીવ માટેની દયા છે. અહીં પૂજ્ય પંન્યાસ કૃતપુણ્યવિજયજી મહારાજસાહેબ કહે છે, 'જૈન શ્રમણ-પરંપરામાં પ્રથમ મહાવ્રત પ્રાણાતિપાત વિરમણ એટલે કે સંપૂર્ણ અહિંસા છે. પ્રકૃતિનાં તત્ત્વો એ જ જીવ છે. છ કાયના જીવોની રક્ષા એ સાધુનો ધર્મ છે. પૃથ્વીકાય એટલે કે માટી, ધાતુ; અપકાય એટલે કે પાણી; તેઉકાય એટલે કે અગ્નિ અથવા વીજળી; વાઉકાય એટલે કે હવા અથવા પવન; વનસ્પતિકાય એટલે ઝાડ, છોડવા, ઘાસ, લીલ અને ત્રસકાય એટલે કે નરી આંખે જોઈ શકાય એવા હાલતા-ચાલતા તમામ જીવ. આ છએ કાયના જીવોની રક્ષા કરવાની પ્રતિજ્ઞા હોય છે.

### 7 ગોલ્ડન પ્રિન્સિપલ્સ


- મિનિમમ રિક્વાયરમેન્ટ એટલે કે ઓછામાં ઓછી વસ્તુઓથી ચલાવી લેવાની ટેવ કેળવવી.
- મૅક્સિમમ યુટિલિટી એટલે કે દરેક વસ્તુનો પૂરેપૂરો ઉપયોગ કરવો.
- અનમોટિવેટેડ નેસેસિટીથી બચવું એટલે કે દેખાદેખી વગરની સહજ જરૂરિયાતોને જ પ્રાધાન્ય આપવું.
- નેસેસિટિટી-બેઝ્ડ ચૉઈસ હોવી જોઈએ, શોખ-બેઝ્ડ નહીં. માત્ર અનિવાર્યતાના આધારે ખરીદી કરવી.
- મલ્ટિપલ યુઝ એટલે કે એક વસ્તુને ફેંક્યા વગર વારંવાર વાપરવી.
- મલ્ટિ-પર્પઝ યુઝ એટલે કે એક જ વસ્તુનાં વિવિધ પાસાંઓમાં ઉપયોગ શોધવા.
- મલ્ટિ-પર્પઝ યુઝ એટલે કે સાધનોને એકબીજા સાથે વહેંચીને વાપરવાં.

# જાડેજાને વિચાર આવ્યો ઘરડો ટેરરિસ્ટ હોય, પછી યાદ આવ્યું કે તે પોતે પોલીસ અધિકારી હોવા છતાં એક આમ હિંદુ જેવુ વિચારે છે

ઈન્સપેક્ટર જાડેજા ફિરોજચાચા ને લઈ ક્રાઈમ બ્રાન્ચ પહોંચ્યા અને કારમાંથી તેમને હાથ પકડી ઉતાર્યા ત્યારે ત્યાં હાજર પોલીસવાળા માની રહ્યા હતા કે કોઈ મોટો શિકાર જાડેજા સાહેબે પકડયો છે. પણ બીજી જ ક્ષણે એવો વિચાર પણ આવતો કે આવો ઘરડો ટેરેરીસ્ટ થોડો હોય. પોલીસ પણ આખરે તો હિન્દુ જ હતી. તરત ત્રીજો વિચાર પણ આવી જતો આ મીયાઓનો કોઈ ભરોસો નહીં. નાનો છોકરો હોય કે ઘરડો આ બધા બહુ કટ્ટર જ હોય છે. જો કે જાડેજા ના મનમાં ક્રાઈમ બ્રાન્ચ આવતા ઘણી બધી સ્પષ્ટતા આપમેળે આવવા લાગી હતી. તેમણે કારમાં ફિરોજચાચા ને એક પણ પ્રશ્ન પુછ્યો ન્હોતો પણ ચાચાની બાજુમાં બેસી તેમને ચાચા માટે કોઈ નકારાત્મક ભાવ આવતો ન્હોતો.ચાચાને ડીસીપી સિન્હા ની ચેમ્બર બહાર બેસાડ્યા અને ડીસીપી ના કમાન્ડોને પુછ્યુ સાહેબ શુ કરે છે? કમાન્ડોએ કહ્યુ હજી હમણાં જ સાહેબ જમવા બેઠા છે. જાડેજા એ તરત પોતાની કાંડા ઘડીયાળ સામે જોયુ પોણા નવ થવા આવ્યા હતા. સિન્હા સાહેબ રાતે મોટા ભાગે ઘરે જઈને જ જમતા હતા પણ આજે તેમણે ટિફિન મંગાવી લીધુ તેનો અર્થ તેઓ નાઈટ કરવાના હશે અને ડીસીપી નાઈટ NIght કરે તો સ્ટાફે પણ નાઈટ કરવી જ પડે. જાડેજાએ વિચાર કર્યો અને પછી કમાન્ડોને કહ્યુ સારૂ આ ચાચાને પાણી આપો અને ચ્હાનું કહી દો. સાહેબ જમી લે એટલે મને બોલાવજો, આટલુ કહી જાડેજા પોતાની ચેમ્બરમાં જતા રહ્યા હતા. જાડેજા પોતાની ચેમ્બરમાં જઈ વિચાર કરવા લાગ્યા જો ખરેખર આ ચાચા આખી ઘટના સાથે સંકળાયેલા નથી તો ટેરેરીસ્ટ કોણ હતા? પહેલા તો ફિરોજ ના નામનો ઉલ્લેખ થયો ત્યારે લાગ્યુ કે બસ હવે ગણતરીના કલાકમાં કેસ ઉકેલાઈ જશે, પણ ચાચાને જોઈ નિરાશા થઈ હતી અને તેમને કંઈ પણ પુછ્યા વગર એવુ લાગી રહ્યુ હતું કે ચાચા પાસે કંઈ ખાસ વિગત મળવાની શક્યતા નથી. ૧૦ મિનિટમાં જ કમાન્ડો આવ્યો અને કહ્યુ સર સાહેબનું જમવાનું થઈ ગયુ છે. જાડેજા એકદમ ખુરશીમાંથી ઉઠ્યા અને ડીસીપી ની ચેમ્બરમાં દાખલ થયા. જાડેજા ને જોતા ડીસીપી સિન્હા એ પુછ્યુ ફિરોજ કો ઉઠા લાયે? મિલા કે નહીં? જાડેજાના ચહેરા ઉપર થોડો સંકોચ આવ્યો. તેમણે કહ્યુ મિલા સર લેકીન




ફિરોજ એક બુઢા આદમી હૈ, ડીસીપી ના કપાળની રેખાઓ સાંકડી થઈ, તેમણે ફરી પુછ્યુ બુઢા આદમી? જાડેજાએ કહ્યુ જી સર, ડીસીપી એ માથા ઉપર ફરી રહેલા પંખા સામે સામે જોયુ અને પછી જાડેજા સામે જોતા કહ્યુ ઠીક કોઈ બાત નહીં લે આઓ ઉન્હે.જાડેજા ચેમ્બરી બહાર નિકળ્યા ત્યારે ચાચા તેમના માટે આવી રહેલી ચ્હા પી રહ્યા હતા. જાડેજા ને જોતા ચાચા કપ નીચે મુકવા ગયા. જાડેજાએ કહ્યુ કોઈ વાંધો નહીં ચાચા ચ્હા પી લો. ચાચાએ ફરી ચ્હાનો કપ મોંઢે માંડ્યો અને બે ચુસકી ચ્હા પુરી કરી. જાડેજા એ કમાન્ડો સામે જોયુ તેણે તરત ચાચાના હાથમાંથી કપ લઈ લીધો. જાડેજાએ ચાચાને ખભાને પકડી તેમને ઉભા થવા માટે મદદ કરી અને તેમને ચેમ્બરમાં લઈ ગયા. ડીસીપી ચાચાને જોતા જ રહ્યા, ચાચાની ઉંચાઈ ૫ ફુટની હશે, પાતળો બાંધો ચહેરા ઉપર મુછ વગરની દાઢી, સફેદ લેંધો હતો. જે પગના પંજાથી ૨ ઈંચ ઉચો હતો, આછા પીળા રંગનો ઝભ્ભો હતો, તેની બાયો હાથની કોણી સુધી વાળેલી હતી. ડીસીપી જોતા જ રહ્યા, વિચાર આવ્યો આપણે જે ફિરોજ ની જરૂર હતી તે આ જ માણસ હતો? તેમણે જાડેજા સામે પ્રશ્નાર્થ નજરે જોયુ. જાડેજાએ કહ્યુ સર યાકુબનગર માં તેમનું જ મકાન છે. ડીસીપીને હજી ખાતરી કરવી હતી, તેમણે ગુજરાતીમાં જ વાત શરૂ કરતા પુછ્યુ ચાચા યાકુબનગર માં તમારૂ કોઈ મકાન છે? ચાચાએ માથુ હલાવી હા પાડી, તેમણે પુછ્યુ તમારા મકાનનો નંબર કેટલો છે? ચાચાએ એક ક્ષણ વિચાર કર્યો અને કહ્યુ સાહેબ ૫ નંબર છે. તરત ડીસીપી અને જાડેજા ની નજર એક થઈ, ડીસીપી ચાચાને ખુરશી તરફ ઈશારો કરતા કહ્યુ બેસો મારે તમારી સાથે કેટલીક વાત કરવી છે. જાડેજા એ ચાચાને ખુરશીમાં બેસવા માટે મદદ કરવા માટે ટેબલને અડીને રહેલી ખુરશી થોડી પાછી કરી અને ચાચાને બેસાડ્યા. ડીસીપી છેલ્લાં કેટલાય દિવસથી જે પ્રકારે બ્લાસ્ટ કેસ ડિટેક્ટ કરવા માટે મહેનત કરી રહ્યા હતા, તેમને યાકુબનગર પછી લાગ્યુ કે ફિરોજ મળી જાય તો તેની પાસે ઓકાવવા માટે તેની સર્વિસ કરવી પડશે, પણ ચાચા ની ઉંમર એટલી હતી કે તેમની પાસેથી તેમની વાત જાણ્યા વગર તેમની સાથે ઉંચા અવાજે વાત કરવુ પણ વાજબી ન્હોતુ.ડીસીપી એ પુછ્યુ દેખો મે આપકી



પ્રશાંત દયાળ

ઈજ્જત કરતા હું, લેકીન આપ કો મે જો પુછતા હું એકદમ સહી બતાના. ચાચાએ જાડેજા , સાહેબ સામે જોયુ કારણ તેમને ડર લાગ્યો હતો. જાડેજા એ તેમને આશ્વાસન આપતા કહ્યુ ચાચા ડરો નહીં, સાહેબ તમને પુછે તે સાચુ કહી દેજો. ડીસીપી એ પોતાની ૨ કોણીએ ટેબલ ઉપર ગોઠવી અને થોડા આગળ થતાં પુછ્યુ ચાચા તમે ઘર કોઈને ભાડે આપ્યુ હતું? ફરી ચાચાએ જાડેજા સામે જોયુ, કારણ ડીસીપી ગુજરાતીમાં ભલે બોલતા હતા પણ તેઓ હિન્દી ભાષી હોવાને કારણે તેમની ગુજરાતી સ્પષ્ટ ન્હોતી.

જાડેજાએ ફરી તે જ પ્રશ્ન સમજાવતા પુછ્યુ તમારૂ યાકુબનગર નું ઘર કોઈને ભાડે આપ્યુ હતું?ચાચાએ ડીસીપી સામે જોતા કહ્યુ સાહેબ યાકુબનગર માં તો કોણ ભાડે રહેવા આવે? આ વાક્ય સાંભળી ડીસીપી ના ચહેરા ઉપર ગુસ્સો દોડી આવ્યો, પણ તેમણે પોતાની ઉપર નિયંત્રણ રાખ્યો અને સવાલ જુદી રીતે પુછ્યો. તો પછી છેલ્લાં અઠવાડીયા, ૧૫ દિવસ કે પછી મહિનાથી તમારા ઘરમાં કોઈ રહેતુ હતું? હવે ચાચાને આખી વાત સમજાઈ. તેમણે કહ્યુ હા સાહેબ કોઈ રહેવા તો આવ્યા હતા પણ તે કોણ છે તેની મને ખબર નથી. ડીસીપી ગુસ્સામાં જોવા લાગ્યા હતા. ચાચાએ ફરી જાડેજા સામે જોયુ અને બોલ્યા વગર જાણે એવુ પુછી રહ્યા હતા કે હું કઈ ખોટુ બોલ્યો, જાડેજા એ પુછ્યુ ચાચા તમારા ઘરમાં કોઈ રહેવા આવે અને તમને ખબર ના હોય કે કોણ રહેતુ હતું, મને લાગે છે હવે તમે વાજબી જવાબ આપતા નથી. જાડેજાનો હમણાં સુધીનો મૃદુ અવાજ કઠોર થયો હતો.ચાચા પણ બદલાયેલા અવાજને સમજી ગયા હતા, તેમણે જાડેજા સામે હાથ જોડતા કહ્યુ સાહેબ સાચુ કહુ છુ, કોણ રહેતુ હતું તેની મને ખબર નથી પણ હૈદરાબાદવાળા નસિરૂદ્દીન આવ્યા હતા અને તેમણે મને કહ્યુ કે આપણા છોકરાઓ ૧૫ દિવસ માટે અમદાવાદ આવવાના છે, તમારૂ ઘર ખાલી છે તો તેમને આપો. ડીસીપી એકદમ ટટ્ટાર થઈ ગયા તેમણે તરત પોતાની સામે પડેલા કાગળ ઉપર નસીરૂઉદ્દનું નામ લખ્યુ અને ચાચા સામે જોયુ ચાચાએ વાતને સ્પષ્ટ કરતા કહ્યુ નસીરૂદ્દીનને હું પહેલા ક્યારેય મળ્યો ન્હોતો, હા તેમનો વીડિયો Video જોતો હતો, તેઓ અમારી જમાતના છે, તે મહિના પહેલા મારે ઘરે આવ્યા ત્યારે હું ખુબ રાજી થયો હતો, તેઓ ઈસ્લામના સારા જાણકાર છે. ડીસીપી એ જાડેજા સામે જોયુ અને તેમને બેસવાનો ઈશારો કર્યો. જાડેજા ચાચાની બાજુની ખુરશીમાં બેઠા, ચાચાએ ફરી વાતને આગળ વધારતા કહ્યુ નસીરૂદ્દીને મને પંદર ૧૫ દિવસ માટેનું ભાડુ આપવાનું પણ કહ્યુ હતું, પણ મેં કહ્યુ જમાત માટેનું કામ હોય તો ભાડુ થોડુ લેવાય. ડીસીપી એ ટેબલ ઉપર પડેલા સિગરેટના પાકિટમાંથી સિગરેટ કાઢી અને કશ ખેંચ્યો જાણે તે સિગરેટનાં ધુમાડોમાં સત્ય શોધવાનો પ્રયત્ન કરી રહ્યા હતા. (ક્રમશઃ)

## ગુરૂકુળમાં ફરજ બજાવતા રઘુભાઈ ચૌહાણની ત્રણ વર્ષ પૂર્વે હત્યા કરવામાં આવી હતી

# સોનગઢ ગુરૂકુળ હત્યા કેસમાં આરોપી યુનુસ શેખને આજીવન કેદની સજા

### હત્યા એ પૂર્વ આયોજિત ષડયંત્ર હોવાથી ચકચારી કેસમાં ભાવનગર ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટનો મહત્વપૂર્ણ ચૂકાદો

**સિટી ન્યૂઝ@ભાવનગર**

ભાવનગર જિલ્લાના સિહોર તાલુકાના સોનગઢ ગામે આવેલા ગુરુકુળમાં ફરજ બજાવતા આધેડ રઘુભાઈ અરજણભાઈ ચૌહાણની ત્રણ વર્ષ પૂર્વે કરવામાં આવેલી નિર્મમ હત્યાના ચકચારી કેસમાં ભાવનગર ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટે મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. અદાલતે મુખ્ય આરોપી યુનુસ ઓસમાણભાઈ શેખ સામે હત્યાનો ગુનો સાબિત ગણી તેને આજીવન કારાવાસ (લાઈફ ઈમ્પ્રિઝનમેન્ટ) અને રોકડ દંડની કડક સજા ફટકારી છે. જૂની અદાવત અને આર્થિક અદેખાઈમાં કાયદાના સંઘર્ષમાં આવેલા એક કિશોરની મદદથી આ કાવતરું રચીને લોહીયાળ ખેલ ખેલવામાં આવ્યો હતો.

કેસની પ્રાપ્ત વિગતો મુજબ, અમરેલી જિલ્લાના ધારી તાલુકાના બોરડી ગામનો વતની આરોપી યુનુસ ઓસમાણભાઈ શેખ અને મૃતક રઘુભાઈ ચૌહાણ વચ્ચે અગાઉથી અવારનવાર માથાકૂટ અને ઝઘડા ચાલતા હતા. મૃતક સારી ગાડીઓ રાખતા હોવાથી આરોપી તેના પ્રત્યે તીવ્ર ઈર્ષ્યા અને રાગદ્વેષ રાખતો હતો. આ અદાવત રાખી યુનુસે રઘુભાઈને પતાવી દેવાનો પ્લાન ઘડ્યો હતો. આ ગુનાહિત ષડયંત્રને અંજામ આપવા તેણે જેતપુર ખાતે રહેતા એક કિશોરને પોતાની સાથે સામેલ કરી પૂર્વતૈયારી આદરી હતી. ગત 30 સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ રાત્રિના આશરે સાડા આઠ વાગ્યાના સુમારે આરોપીઓ સોનગઢ સ્થિત ગુરુકુળ ખાતે પહોંચ્યા હતા, જ્યાં રઘુભાઈ પોતાની ફરજ પર હાજર હતા. તે દરમિયાન આરોપીએ પાછળથી આવી પ્લાસ્ટિકના પાવડાના હાથા જેવા ધોકા વડે માથામાં ફટકો માર્યો હતો અને ત્યારબાદ લાકડાના હાથા તથા છરી વડે આડેધડ ઘા મારી રઘુભાઈને રહેંસી નાખ્યા હતા. હત્યા બાદ બંને જેતપુર ભાગી ગયા હતા અને લોહીવાળા કપડાં તથા હાથના મોજા પ્લાસ્ટિકની થેલીમાં ભરી ખીરસરા ગામના રસ્તે નદીના પુલ પરથી નીચે ફેંકી દઈ પુરાવાનો નાશ કર્યો હતો. સમગ્ર ઘટના અંગે મૃતકના ભાઈ દેવાયતભાઈ ચૌહાણની ફરિયાદ પરથી સોનગઢ પોલીસે આઈપીસી કલમ ૩૦૨, ૧૨૦(બી), ૨૦૧, ૩૪ હેઠળ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી હતી.



આ કેસ ભાવનગરના પ્રિન્સિપાલ સેશન્સ જજ આર.વી. બુખારીની કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ મનોજભાઈ જોષીની ધારદાર દલીલો, ૧૭ મહત્વપૂર્ણ મૌખિક સાક્ષીઓની જુબાની અને ૪૧ જેટલા દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેવામાં આવ્યા હતા. અદાલતે તમામ આરોપો પુરવાર માની આરોપી યુનુસ શેખને આઈપીસી કલમ ૩૦૨, ૧૨૦(બી), ૩૪ હેઠળ આજીવન કેદ અને ૫,૦૦૦ દંડ (દંડ ન ભરે તો વધુ ૬ માસની કેદ) તેમજ કલમ ૨૦૧ અન્વયે ૩ વર્ષની કેદ અને ૩,૦૦૦ દંડ (દંડ ન ભરે તો વધુ ૩ માસની કેદ)નો હુકમ કર્યો હતો. આ કેસમાં મૂળ ફરિયાદી પક્ષે વિથ પ્રોસિક્યુશન એડવોકેટ તરીકે આશીત ભટ્ટ રોકાયા હતા.

## વૃધ્ધનો બીમારીથી કંટાળી ગળાફાંસો ખાઈ આપઘાત

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના રેલનગરમાં અમૃત હેરીટિજ વીલા બ્લોક નં. ૭૩ ખાતે રહેતાં ધરમશીભાઇ કેશાભાઇ અમીપરા (ઉ.વ.૭૨) નામના વૃધ્ધે રાતે ઘરના હોલમાં પંખામાં મફલર બાંધી ગળાફાંસો ખાઇ લેતાં ૧૦૮ બોલાવાઇ હતી. પરંતુ તેના તબિબે તેમને મૃત જાહેર કરતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. બનાવની જાણ થતાં પ્ર.નગર પોલીસે કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડયો હતો. આપઘાત કરી લેનારા ધરમશીભાઇ ત્રણ ભાઇ અને ત્રણ બહેનમાં મોટા હતાં અને નિવૃત જીવન જીવતા હતાં. તેમને સંતાનમાં ત્રણ દિકરી અને એક દિકરો છે. પગના દુખાવાથી તેમજ ડાયાબીટીશ સહિતની બિમારીથી કંટાળી જઇ પગલુ ભર્યાનું સગાએ પોલીસની પ્રાથમિક પુછતાછમાં જણાવ્યું હતું. મોભીના મૃત્યુથી અમીપરા પરિવારમાં શોક છવાઇ ગયો છે.

## અનાજની કોઠીમાં મૂકેલા 2.75 લાખના સોનાના દાગીનાની થઈ ચોરી

### હડમતિયાના ગોલિડાનો બનાવઃ પોલીસમાં ફરિયાદ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના હડમતિયા ગોલીડામાં ઘરમાં અનાજ ભરવાની કોઠીની અંદર ગોદડાં નીચે કાપડની થેલીમાં રાખેલા રૂ.૨.૭૫ લાખની કિંમતના સોનાના દાગીનાની ચોરી થતાં આજી ડેમ પોલીસ મથકમાં અજાણ્યા શખ્સ સામે ફરિયાદ નોંધાઈ છે.

હડમતિયા ગોલિડા ગામના કનુભાઈ વાઘેલા(ઉ.વ.૪૫) એ નોંધાવેલી ફરિયાદ મુજબ, ૩૧ ઓગસ્ટથી ૩ સપ્ટેમ્બર દરમિયાન તેમના ઘરમાંથી દાગીના ચોરાયા હતા. ફરિયાદમાં જણાવ્યા મુજબ, ચોરાયેલા દાગીનામાં ચાર જોડી એટલે કે ૮ નંગ સોનાની બૂટી, બે સોનાની વીંટી અને એક સોનાનો ઓમનો સમાવેશ થાય છે. તમામ દાગીનાનું કુલ વજન આશરે ૨૩ ગ્રામનું હતું. કાનુબાઈના દાગીનાની કુલ કિંમત આશરે રૂ.૨.૭૫ લાખ હતી. ઘરમાંથી દાગીના ક્યારે અને કેવી રીતે ચોરાયા તે અંગે માલૂમ ન હોવાથી કનુભાઈએ આજી ડેમ પોલીસ મથકના અજાણ્યા શખ્સ સામે ગુનો નોંધાવ્યો છે.

## પત્નીએ દારૂ પીવાની ના પાડતા પતિનો આપઘાત

**સિટી ન્યૂઝ@રાજકોટ**

હરિપર પાળમાં રહેતાં પોપટભાઇ સોમાભાઇ પરમાર (ઉ.વ.૪૩)એ સાંજે આઠેક વાગ્યે રૂમમાં લાકડાની આડીમાં સાડી બાંધી દેહ લટકાવી દેતાં બેભાન હાલતમાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે યુનિવર્સિટી પોલીસને કરતાં હેડકોન્સ. કરણભાઇ મારૂએ જરૂરી કાર્યવાહી કરી હતી. આપઘાત કરનાર પોપટભાઇ ચાર બહેન અને ત્રણ ભાઈમાં નાના હતાં. સંતાનમાં એક દિકરી અને બે દિકરા છે. પોપટભાઇ ગાડીમાંથી માલ સામાન ઉતારવાની મજૂરી કરતાં હતાં. હાલમાં તેને પગમાં ગાંઠ થઇ હોઇ દુખાવો પણ થતો હતો. આ વચ્ચે તે સાંજે ઘરે દારૂ પીને આવતાં પત્નિએ તબીયત સારી ન હોઇ દારૂ ન પીવાય તેમ કહી ઠપકો આપ્યો હતો. બાદમાં પોપટભાઇ પોતે રૂમમાં સુવા જાય છે, જમવાનું બને એટલે ઉઠાડજો તેમ કહી રૂમમાં ગયા હતાં.

# 27 હજારની લાંચ લેતા ચોટીલા પોલીસનો હેડ કોન્સ્ટેબલ ઝડપાયો

## જુગારના કેસમાં આરોપીઓના જામીન કરાવવા લાંચ માંગી; ACB રાજકોટની ટીમે રંગેહાથ ઝડપી લીધો

સિટી ન્યૂઝ@ચોટીલા

ચોટીલા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ હેડ કોન્સ્ટેબલ જયસુખભાઈ જાગાભાઈ જીડિયા (ઉં.વ. ૩૦)ને ૨૭,૦૦૦ની લાંચ લેતા ACB રાજકોટ એકમે રંગેહાથ ઝડપી પાડ્યા છે.

ચોટીલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદીના ગામના કેટલાક લોકો સામે જુગારનો ગુનો નોંધાયો હતો. આ કેસમાં આરોપીઓના જામીન કરાવવા માટે હેડ



કોન્સ્ટેબલે ફરિયાદી પાસેથી ૨૭,૦૦૦ની લાંચ માંગી હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે.

લાંચ આપવા ઈચ્છા ન હોવાથી ફરિયાદીએ ACBના ટોલ ફ્રી નંબર પર સંપર્ક કરી ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે ACBએ ૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ છટકાનું આયોજન કર્યું હતું.

છટકા દરમિયાન ચોટીલા પોલીસ સ્ટેશનના કંપાઉન્ડમાં પાછળના ભાગે ડી-સ્ટાફ ઓફિસના દરવાજા સામે જાહેર સ્થળે હેડ કોન્સ્ટેબલે ફરિયાદી પાસેથી ૨૭,૦૦૦ની લાંચ સ્વીકારી હતી. ACBની ટીમે લાંચની સમગ્ર રકમ રિકવર કરી આરોપીને ઝડપી પાડ્યો હતો.

સમગ્ર ટ્રેપની કાર્યવાહી ACB રાજકોટ એકમના ફિલ્ડ પોલીસ ઈન્સ્પેક્ટર આર.કે. સોલંકીના માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવી હતી. લાંચ પ્રકરણમાં ACB દ્વારા આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.



# NDPS કેસમાં નાસતો ફરતો આરોપી રાજકોટ રેલવે સ્ટેશનથી ઝડપાયો

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ રેલવે પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા NDPS એક્ટના ગુનામાં નાસતો ફરતો આરોપી હરમસિંહ લલકસિંહ (ઉં.વ. ૨૫, રહે. તેદુરા, જિલ્લો બાંદા, ઉત્તરપ્રદેશ)ને રાજકોટ રેલવે LCBની ટીમે ઝડપી પાડ્યો છે. આરોપી વતન જવા માટે રાજકોટ રેલવે સ્ટેશન આવવાનો હોવાની ચોક્કસ બાતમી મળતાં પોલીસે સ્ટેશન પર વોચ ગોઠવી હતી.રાજકોટ રેલવે સ્ટેશન પર LCBની ટીમ પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન પોલીસ કોન્સ્ટેબલ હસમુખ રાઘવભાઈને મળેલી બાતમીના આધારે ટીમે સ્ટેશનના વિવિધ સ્થળોએ નજર રાખી હતી. આ દરમિયાન હરમસિંહ સ્ટેશન પર પહોંચતાં જ પોલીસે તેને ઓળખી ઝડપી લીધો હતો.

પોલીસ તપાસમાં સામે આવ્યું હતું કે હરમસિંહ રાજકોટ રેલવે પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા NDPS એક્ટના ગુનામાં નાસતો ફરતો હતો. આ ગુનામાં NDPS એક્ટની કલમ ૮(C), ૨૦(B)(૨)(B) અને ૨૯ મુજબ કાર્યવાહી કરવામાં આવી છે.

આરોપીને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ ૩૫(૧)(જ) હેઠળ અટક કરી આગળની કાયદેસરની કાર્યવાહી માટે રાજકોટ રેલવે પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે.

આ કાર્યવાહી PSI જે.એમ. પરમારના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી. ટીમમાં ASI હરપાલસિંહ સરદારસિંહ, HC પૃથ્વીરાજસિંહ જયવંતસિંહ તથા PC હસમુખ રાઘવભાઈ, ભુપતભાઈ કાનાભાઈ, જયેશભાઈ નાથાભાઈ અને દિવ્યરાજસિંહ વાઘુભા સહિતના પોલીસ કર્મચારીઓ જોડાયા હતા.




**વતન જવા ટ્રેન પકડવા આવ્યો હતો; LCB પશ્ચિમ રેલવેની ટીમે બાતમીના આધારે ઝડપી લીધો**

# ગોંડલના આઈકોનિક મેળામાં પરપ્રાંતીય યુવકની છરી ઝીકી હત્યા, પિતરાઈને ઈજા

## ફોટોફ્રેમના પૈસા બાબતે બબાલ : પોલીસે ગુનો નોંધી પાંચ હત્યારાઓની કરી ધરપકડ

સિટી ન્યૂઝ@ગોંડલ

ગોંડલના આઈકોનિક રોડ પર આયોજિત ખાનગી લોકમેળામાં ઉત્તરપ્રદેશના પ્રયાગરાજ (સુલેમસરાઈ)ના વતની સુજલ ઉર્ફે સની શ્રીરામ શર્મા, તેના પિતરાઈ ભાઈઓ રમાશંકર ઉર્ફે દીપક બર્મન અને વિશાલ નરેન્દ્ર શર્મા સાથે મેળાના રાઈડ્સ અને સ્ટોલ વિભાગમાં ફોટો ફ્રેમનો સ્ટોલ ચલાવતા હતા.૯ સપ્ટેમ્બરની રાત્રે ફ્રેમના ભાવતાલ મુદ્દે સ્થાનિક શખસો સાથે તકરાર થઈ હતી. વિવાદ વધતા આરોપી રાહુલ રાજુ ડોડિયાએ છરી વડે હુમલો કર્યો હતો.૨૫ વર્ષીય રમાશંકર ઉર્ફે દીપક બરમનને છાતીના ભાગે છરીનો ઘા વાગતા સ્થળ પર જ મૃત્યુ થયું હતું .જ્યારે વિશાલ નરેન્દ્ર શર્માને જમણી બાજુના પડખામાં છરી વાગતા ગંભીર હાલતમાં પ્રથમ ગોંડલ અને ત્યારબાદ રાજકોટ વધુ સારવાર અર્થે ખસેડાયો છે.બનાવની જાણ થતાં જ રાજકોટ જિલ્લા SP વિજયસિંહ ગુર્જર, ગોંડલ DYSP કે.જી. ઝાલા, B-ડિવિઝન PI જી.એસ. ગઢવી તથા PSI વી.કે. સુરાણી સહિતનો પોલીસકાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો નાસી છૂટેલા મુખ્ય આરોપી રાહુલ રાજુ ડોડીયાને પોલીસે નજીકના કોમ્પલેક્સમાંથી ઝડપી લીધો હતો આ ઉપરાંત હત્યામાં સંડોવાયેલા અન્ય ચાર આરોપીઓ ગોંડલના વોરા કોટડા રોડ પર રહેતા સમીર અકબર સુમરા, અલ્ફાજ રફીક શેખ, નવાજ ઈરફાન દોઢીયા અને અસફાખ મજીદ જુનેજાની ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી પીઆઇ ગઢવીએ જણાવ્યુ હતું કે, આરોપીઓની પુછપરછમાં ફોટો ફ્રેમનાં ભાવતાલ અંગે જગડો થતા ઉશ્કેરાઈ જઈ આરોપીએ છરીનો ઘા કર્યો હોવાની કબુલાત આપી છે આ ખાનગી લોકમેળો ૨ સપ્ટેમ્બર ૨૦૨૬થી શરૂ થયો હતો. બનાવ બન્યો તે રાત્રે મેળાનો ૮મો દિવસ હતો અને સ્થળ પર અંદાજે ૬૦૦ લોકોની ઉપસ્થિતિ હતી. મેળામાં બે અલગ-અલગ એન્ટ્રી પોઈન્ટ રાખવામાં આવ્યા હતા, જેમાંથી એક 'જલપરી શો' માટે અને બીજો રાઈડ્સ તથા સ્ટોલ વિભાગ માટે હતો. હુમલાની આ ઘટના રાઈડ્સ અને સ્ટોલ વિભાગના મુખ્ય ગેટ નજીક બની હતી.

# ચિંકારાના શિકારના ગંભીર ગુનામાં આરોપીના જામીન મંજૂર




## મૃત ચિંકારા, હથિયાર અને દારૂગોળો મળ્યાના કેસમાં ટ્રાયલ દરમિયાન આરોપો પુરવાર થવાના બાકી હોવાની કોર્ટે નોંધ લીધી

સિટી ન્યૂઝ@જસદણ

જસદણ રેન્જ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ચિંકારા શિકારના કેસમાં આરોપી વલ્લભભાઈ મકાલભાઈ કમળબિયા (ઉં.વ. ૪૮, રહે. મોઢુકા, તા. વિંછીયા, જિ. રાજકોટ)ને રાજકોટ સેશન્સ કોર્ટે રેગ્યુલર જામીન મંજૂર કર્યા છે. ૫ જુલાઈ, ૨૦૨૬ના રોજ ઉમથ રિઝર્વ ફોરેસ્ટ વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન વન વિભાગના સ્ટાફે આરોપીને એક મૃત નર ચિંકારા સાથે ઝડપી પાડ્યો હોવાની કેસની હકીકત છે.

કેસ મુજબ આરોપી પાસેથી મૃત ચિંકારા ઉપરાંત હાથબનાવટની બંદૂક, છરી અને દારૂગોળો સહિતનો મુદ્દામાલ મળી આવ્યો હતો. આ મામલે વન્ય પ્રાણી સંરક્ષણ ધારા, ૧૯૭૨ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો અને આરોપીની ધરપકડ કરવામાં આવી હતી.

ધરપકડ બાદ તપાસ અધિકારીએ આરોપીના રિમાન્ડની માંગણી કરી હતી, પરંતુ ટ્રાયલ કોર્ટે રિમાન્ડ અરજી નામંજૂર કરી હતી. આ હુકમ સામે રાજ્ય સરકારે અપિલ કોર્ટમાં ક્રિ.આર. નં. ૧૯૨/૨૦૨૬ દાખલ કરી હતી, જે ૧૪ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ફગાવી દેવામાં આવી હતી.

ધરપકડ બાદ સતત જ્યુડિશિયલ કસ્ટડીમાં રહેલા આરોપીએ પોતાના વકીલ મારફતે સેશન્સ કોર્ટમાં રેગ્યુલર જામીન અરજી કરી હતી. બંને પક્ષોની રજૂઆતો સાંભળ્યા બાદ કોર્ટે નોંધ્યું હતું કે આરોપીના કબજેથી મૃત ચિંકારા અને હથિયારો મળી આવ્યાના આક્ષેપો ટ્રાયલ દરમિયાન પુરવાર થવાના બાકી છે.

કોર્ટે વધુમાં નોંધ્યું હતું કે કેસની ટ્રાયલ પૂર્ણ થતાં નોંધપાત્ર સમય લાગી શકે છે. કેસના સમગ્ર સંજોગો, આરોપીની ભૂમિકા, ગુનાની ગંભીરતા, સંભવિત સજા તેમજ વ્યક્તિગત સ્વતંત્રતાના અધિકારને ધ્યાને લઈ સેશન્સ કોર્ટે આરોપીને રેગ્યુલર જામીન મંજૂર કરવાનો હુકમ કર્યો હતો.

આરોપી તરફથી રાજકોટના ધારાશાસ્ત્રી રાજદીપ એમ. દાસાણી, જયભારત ધામેચા, સંજય રામાનુજ, અજયસિંહ ગોહિલ અને જયદીપ ગીડાએ કોર્ટમાં રજૂઆત કરી હતી. સહાયક તરીકે વી.કે. સરૈયા, શિવમ વાડોદરિયા અને રોનિત ચૌહાણ રોકાયેલા હતા.

# રાજકોટમાં જુદા-જુદા ચાર સ્થળે દરોડામાં જુગાર રમતા 29 ઝડપાયા

સિટી ન્યૂઝ@રાજકોટ

શહેરના યુનિવર્સિટી રોડ પર આવેલી હોટલ સાઈન એવન્યુમાં ત્રીજા માળે રૂમમાં જુગાર રમતા સંચાલક અને વેપારીઓ સહિત સાતને ક્રાઇમ બ્રાંચે પકડી લીધા હતા, તેમજ બીજા અલગ-અલગ ત્રણ વિસ્તારમાંથી ૨૨ શખ્સોને પોલીસે પકડી લીધા હતા. રેડ દરમિયાન રૂમમાંથી ૭૨ હજારની રોકડ સહિતની મત્તા કબ્જે. રાજકોટની હોટલમાંથી પેકડાયેલા સંચાલક વનરાજ ગીડા(રહે.જાનકી વાટીકા, શેરી નં.૨, રેલનગર), વેપારી રવિરાજ રાઠોડ (રહે.શિવનગર, શેરી નં.૨, પીડીએમ કોલેજની પાછળ), હસમુખ ટીલાવત (રહે.ઉમરાળી ગામ,તા.જેતપુર), જયદીપ ગીડા (રહે.રેલનગર, જાનકીવાટીકા, શેરી નં.૨), એસ્ટેટ બ્રોકર નયન સેજપાલ (રહે.નાનામવા રોડ પર, શાસ્ત્રીનગર અજમેરા), વેપારી શુભમગીરી ગોસ્વામી (રહે.નાનામવા રોડ પર, કોઝી કોટી એપાર્ટમેન્ટ) અને વેપારી હિતેષ સાવલીયા (રહે.પુષ્કરધામ સોસાયટી, શેરી નં.૫)નો સમાવેશ થાય છે. બીજા દરોડામાં આનંદનગરના ક્વાર્ટરમાં જુગાર રમતા ક્વાર્ટર માલિકપ્રકાશ ભોજાણી, સઈદ રફાઈ (રહે. સાગર સોસાયટી), ગીરીશ રાધનપરા

### » હોટલમાં જુગાર રમતા સંચાલક અને વેપારીઓ સહિત સાતની ધરપકડ

(રહે.આનંદનગર ક્વાર્ટર), નયન પંડયા (રહે.મવડી ગામ), મલેશ રાણપરીયા (રહે.ગુંદાવાડી, શેરી નં. ૨૪), યતીન ગજેરા (રહે.દેવપરા, શેરી નં.૨) અને ધર્મેન્દ્ર ફીચડીયા (રહે. આનંદનગર ક્વાર્ટર)ને (રહે.કોઠારિયા ગામ) અને ધર્મેશ પરમાર (રહે.કોઠારિયા સોલવન્ટ)ને રૂા. ૨૭ હજારની રોકડ સાથે પીસીબીએ પકડી લીધા હતા. રૂા.૧૦ હજારની રોકડ સાથે ભક્તિનગર પોલીસે પકડી લીધા હતા. ત્રીજા દરોડામાં ગઢકા ગામે જોહેરમાં જુગાર રમતા ભવાન ગઢીયા, ધર્મેશ કલોલા, કલ્પેશ ભંડેરી (રહે. પરસાણાનગર), અતુલ દોંગા (રહે. ભવાનપાર્ક-૨), મિલન શેખડા ચોથા દરોડામાં કણકોટ રોડ પર મકાનમાં જુગાર રમતા મકાન માલિક ઉષાગૌરી સોલંકી, મનિષાબેન સાગઠીયા, લાલજી રાઠોડ, યોગેશ ચાવડા, પ્રકાશ માધડ, રવિ બગડા, પ્રીન્સગીરી ગૌસ્વામી, નૈતીક મહેરીયા અને કાન્તી બગડાને રૂા.૨૭ હજારની રોકડ સાથે તાલુકા પોલીસે પકડી લીધા હતા.



# વસુંધરામાં જૂની અદાવતે લોહિયાળ સ્વરૂપ ધારણ કર્યું

## બે જૂથો વચ્ચે સશસ્ત્ર અથડામણમાં ભરવાડ યુવાનનું મોત; 4થી 5 ઘાયલ, એકની હાલત ગંભીર

સિટી ન્યૂઝ@રાજકોટ

વાંકાનેર તાલુકાના વસુંધરા ગામે જૂની અદાવતની દાઝમાં બે જૂથો વચ્ચે સશસ્ત્ર અથડામણ થતાં એક યુવાનનું મોત નીપજ્યું છે. જૂની વેરઝેરને લઈને શરૂ થયેલી બોલાચાલી બાદ મામલો ઉગ્ર બન્યો હતો અને બંને પક્ષના લોકો તીક્ષ્ણ હથિયારો સાથે સામસામે આવી જતા લોહિયાળ ધીંગાણું સર્જાયું હતું. મળતી વિગતો મુજબ વસુંધરા ગામે જૂની અદાવતને લઈને બે જૂથો વચ્ચે બોલાચાલી થઈ હતી. દરમિયાન મામલો બિચકતાં વિરમભાઈ સામતભાઈ સરૈયા નામના ભરવાડ યુવાન પર તીક્ષ્ણ હથિયારથી હુમલો કરવામાં આવ્યો હતો. ગંભીર ઈજાઓના પગલે વિરમભાઈનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. અથડામણમાં બંને પક્ષના અન્ય ૪થી ૫ લોકોને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. સારવાર હેઠળના એક ઈજાગ્રસ્તની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાની ગંભીરતાને પગલે વાંકાનેર તાલુકા પોલીસનો મોટો કાફલો તાત્કાલિક વસુંધરા ગામે પહોંચ્યો હતો. ગામમાં વધુ કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને શાંતિ જળવાઈ રહે તે માટે પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. પોલીસે ગુનો નોંધી સમગ્ર બનાવ અંગે તપાસ હાથ ધરી છે.

### રાજકોટના 'કોઈનમેન' નરેન્દ્ર સોરઠીયાની અદભુત કલા

# લાલબાગચા રાજા માટે રાજકોટના ભક્તે બનાવ્યો 40 ફૂટનો નોટોવાળો ખેસ

**1 રૂપિયાથી લઈને 500 રૂપિયાની આર્ટિફિશિયલ ચલણી નોટોથી 40 ફૂટનો મખમલી રજવાડી ખેસ તૈયાર કરાયો**

**એકલા હાથે 3 મહિનાની અથાક મહેનત બાદ 25 ફૂટ લાંબો મખમલનો હાર પણ બાપ્પાના ચરણે અર્પણ**


**છેલ્લા 33 વર્ષથી બાપ્પાના દર્શને જતા નરેન્દ્રભાઈની આ ભક્તિને રાજકોટના વિવિધ અગ્રણીઓએ બિરદાવી**

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ગણેશોત્સવનો માહોલ દેશભરમાં છવાયેલો છે ત્યારે રાજકોટ માટે એક અત્યંત ગૌરવવંતી અને ભક્તિમય ઘટના સામે આવી છે. મુંબઈના સૌથી પ્રખ્યાત અને કરોડો લોકોની આસ્થાના કેન્દ્ર સમાન 'લાલબાગચા રાજા' (મુંબઈ કા રાજા) ગણપતિ બાપ્પા માટે રાજકોટના એક ભક્તે અદભુત શણગાર તૈયાર કર્યો છે. રાજકોટમાં 'કોઈનમેન' તરીકે જાણીતા નરેન્દ્ર સોરઠીયાએ પોતાની અજોડ કલા અને અતૂટ ભક્તિભાવથી લાલબાગચા રાજા માટે આર્ટિફિશિયલ ભારતીય ચલણી નોટોથી મઢેલો એક વિશાળ રજવાડી મખમલનો ખેસ અને હાર બનાવ્યો છે, જે સમગ્ર મુંબઈમાં આકર્ષણનું કેન્દ્ર બનવા જઈ રહ્યો છે.

કોઈનમેન નરેન્દ્ર સોરઠીયાએ બાપ્પાના શણગાર માટે કોઈ કસર છોડી નથી. તેમણે ૧ રૂપિયાથી લઈને ૫૦૦ રૂપિયા સુધીની આર્ટિફિશિયલ






(કૃત્રિમ) ભારતીય ચલણી નોટોનો ઉપયોગ કરીને ૪૦ ફૂટ લાંબો અત્યંત આકર્ષક મખમલનો ખેસ તૈયાર કર્યો છે. આ ઉપરાંત, ૨૫ ફૂટ લાંબો મખમલનો ભવ્ય હાર પણ બનાવ્યો છે. આ શણગાર સંપૂર્ણપણે 'રજવાડી' લુક આપે તે રીતે બારીકાઈથી ડિઝાઈન કરવામાં આવ્યો છે.

સૌથી આશ્ચર્યજનક અને પ્રેરણાદાયી બાબત એ છે કે, આટલો વિશાળ અને ભારે શણગાર બનાવવા માટે નરેન્દ્રભાઈએ કોઈની મદદ લીધી નથી. તેમણે સતત ૩ મહિના સુધી એકલા હાથે રાત-દિવસ જાગીને પૂર્ણ ભક્તિભાવ સાથે આ મખમલી ખેસ અને હારનું નિર્માણ કર્યું છે.

નરેન્દ્ર સોરઠીયા છેલ્લા ૩૩ વર્ષથી નિયમિતપણે મુંબઈ જઈને લાલબાગચા રાજાના દર્શનનો લાભ લે છે. તેમની આ નિસ્વાર્થ ભક્તિનું જ પરિણામ છે કે મુંબઈના રાજાને તેમનો આ શણગાર અર્પણ થઈ રહ્યો છે. ગત વર્ષે પણ ગણપતિ બાપ્પાને આ મખમલી ખેસ પહેરાવવામાં આવ્યો હતો અને તેની ભવ્યતાને જોતા આ વર્ષે પણ લાલબાગચા રાજા રાજકોટના આ ભક્ત દ્વારા બનાવેલો અદભુત શણગાર ધારણ કરશે. આ ઘટના માત્ર નરેન્દ્રભાઈ માટે જ નહીં, પરંતુ સમગ્ર રાજકોટ માટે ગૌરવ સમાન છે.

## રાજકોટના અગ્રણીઓએ કોઈનમેનને પાઠવી ભવ્ય શુભકામનાઓ

એક સામાન્ય ભક્ત દ્વારા કરવામાં આવેલા આ ભગીરથ અને અદભુત કાર્યની ચોમેર પ્રશંસા થઈ રહી છે. બાપ્પા માટે આટલો સુંદર શણગાર બનાવવા બદલ નરેન્દ્રભાઈ સોરઠીયાને રાજકોટના વિવિધ સામાજિક અને શ્રેષ્ઠી અગ્રણીઓ દ્વારા હાર્દિક શુભકામનાઓ પાઠવવામાં આવી છે. જેમાં શ્રી સોની યુવા સોશિયલ ટ્રસ્ટના પ્રમુખ જીજ્ઞેશ વાગડીયા, સમાજ અગ્રણી મુકેશભાઈ તન્ના, યોગીનભાઈ છનીયારા, ગૌરાંગભાઈ માઠક અને નવનાત વણિક સમાજના પ્રમુખ પ્રશાંતભાઈ શાહનો સમાવેશ થાય છે. આ તમામ આગેવાનોએ નરેન્દ્રભાઈની ભક્તિ અને કલાને બિરદાવી તેમને ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છાઓ આપી હતી.



# પર્યુષણનો પ્રારંભ બીજાથી નહીં, પોતાની જાતથી કરીએ



## બીજાની ભૂલ શોધવી સરળ છે, પોતાની ભૂલ ઓળખવી એ સાચી સાધના છે : ધીરગુરુદેવ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

આપણે આખું વર્ષ ઘણીવાર બીજાની ભૂલો શોધવામાં પસાર કરીએ છીએ. કોણે મારી સાથે શું કર્યું? કોણે મને શું કહ્યું? કોની ભૂલ હતી? કોણે મારું માન ન રાખ્યું? આવા પ્રશ્નો આપણા મનમાં વારંવાર ઊભા થાય છે. પરંતુ પર્યુષણ પર્વ આપણને આ પ્રશ્નોની દિશા બદલવાનો અવસર આપે છે.

પર્યુષણ આપણને પૂછે છે કે મેં કોને દુખ પહોંચાડ્યું? મેં કોનું મન દુભાવ્યું? મારા ક્રોધથી કોને તકલીફ થઈ? મારા અભિમાનથી મેં કોને તુચ્છ ગણ્યા? મેં ક્યાં છળ-કપટ કર્યું? એટલે પર્યુષણ બહાર નહીં, પરંતુ અંદર જોવાનું પર્વ છે. આ પર્વ આત્મચિંતન, આત્મનિરીક્ષણ અને આત્મસુધારણાની પ્રેરણા આપે છે.

બીજાની ભૂલ આપણને ખૂબ ઝડપથી દેખાઈ જાય છે. કોઈ ગુસ્સો કરે તો આપણે કહીએ કે તેને બહુ ગુસ્સો આવે છે. કોઈ પોતાની વાતને વધારે મહત્વ આપે તો તેને અહંકારી ગણીએ. કોઈ વાત છુપાવે તો તેને કપટી કહી દઈએ. પરંતુ શું આપણે પોતાના ક્રોધ, અહંકાર, માયા અને લોભને એટલી જ સરળતાથી ઓળખી શકીએ?

બીજાને ઓળખવું સરળ છે, પરંતુ પોતાની જાતને ઓળખવી એ સાચી સાધના છે. પર્યુષણ આપણને બહારથી ભીતર તરફ જોવાની તક આપે છે. આ પર્વ દરમિયાન આપણે બીજાના વર્તનનું મૂલ્યાંકન કરવાને બદલે પોતાના વિચારો, વાણી અને વર્તનનું નિરીક્ષણ કરવું જોઈએ. તેથી બીજાનું નિરીક્ષણ ઓછું કરી પોતાનું નિરીક્ષણ શરૂ કરવું જરૂરી છે.

આપણે ઘણીવાર ઈચ્છીએ છીએ કે પરિવારના લોકો બદલાઈ જાય, મિત્રો બદલાઈ જાય અને દુનિયા બદલાઈ જાય તો આપણે ખુશ થઈ જઈશું. પરંતુ પર્યુષણનો પ્રશ્ન અલગ છેશરૂઆત મારાથી કેમ નહીં?

બીજાનો ક્રોધ આપણે તરત દૂર કરી શકતા નથી, પરંતુ આપણો ક્રોધ ઓછો કરવાનો પ્રયત્ન કરી શકીએ છીએ. બીજાનો અહંકાર દૂર કરી શકતા નથી, પરંતુ પોતાના અહંકારને ઓળખી શકીએ છીએ. બીજાનો લોભ રોકી શકતા નથી, પરંતુ પોતાની ઈચ્છાઓને મર્યાદિત કરી શકીએ છીએ. બીજાની દસ ભૂલો શોધવા કરતાં પોતાની એક ભૂલ શોધીને તેને સુધારવાનો સંકલ્પ વધુ ઉપયોગી બની શકે છે.

પોતાની જાતને ઓળખવી એટલે માત્ર પોતાની ખામીઓ જોવી નહીં, પરંતુ તેને સ્વીકારીને સુધારવાનો પુરુષાર્થ કરવો. જ્યારે વ્યક્તિ પોતાના ક્રોધનું કારણ સમજે છે, પોતાના અહંકારને ઓળખે છે અને પોતાની ઈચ્છાઓ પર નિયંત્રણ મેળવવાનો પ્રયાસ કરે છે, ત્યારે સાચી આત્મજાગૃતિનો પ્રારંભ થાય છે.

પર્યુષણ આપણને યાદ અપાવે છે કે પરિવર્તન બહારથી નહીં, અંદરથી શરૂ થાય છે. દુનિયા બદલાય તેની રાહ જોવાને બદલે આપણે પોતાની દૃષ્ટિ, વાણી અને વર્તનમાં પરિવર્તન લાવીએ તો સંબંધોમાં પણ સુમેળ અને જીવનમાં પણ શાંતિ અનુભવાય છે.

### પર્યુષણ એટલે આત્મનિરીક્ષણનું પર્વ

**બીજાને બદલવું આપણા હાથમાં નથી, પરંતુ પોતાની જાતને ઓળખવી અને બદલવાનો પુરુષાર્થ કરવો આપણા હાથમાં છે. પર્યુષણને અરીસા સમાન માનીએ તો તેમાં બીજાનો ચહેરો નહીં, પોતાનો ચહેરો દેખાય છે. આ અરીસો આપણને પોતાની અંદરની ખામીઓ, સંસ્કારો અને સંભાવનાઓ સાથે પરિચિત કરાવે છે.**

**પર્યુષણ શીખવે છે સ્વમાં જવાની રીત,**
**પર્યુષણ આપે છે સ્વમાં જીવવાની શીખ.**
**અરે સુધારક જગત કે, મત કર ચિંતા યાર!**
**દિલ હી તેરા જગત હૈ, પહેલા ઈસે સુધાર!**





# સ્ટર્લિંગ હોસ્પિટલમાં સૌરાષ્ટ્રની મોટી ઈમરજન્સી કેર સુવિધા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ અને સમગ્ર સૌરાષ્ટ્રમાં ઈમરજન્સી તથા ક્રિટિકલ કેર સેવાઓને વધુ મજબૂત બનાવવાના હેતુથી સ્ટર્લિંગ હોસ્પિટલ્સ, રાજકોટ ખાતે નવી ઈમરજન્સી કેર સુવિધા શરૂ કરવામાં આવી છે. ગોલ્ડન અવરને ધ્યાનમાં રાખીને તૈયાર કરાયેલી આ સુવિધામાં ગંભીર તબીબી સ્થિતિ, હૃદયરોગ, સ્ટ્રોક, ટ્રોમા અને અન્ય જીવલેણ પરિસ્થિતિમાં ઝડપી મૂલ્યાંકન તથા સારવારની વ્યવસ્થા કરવામાં આવી છે. સુવિધાનું ઉદ્ઘાટન રાજકોટ મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર દક્ષાબેન વસાણીના હસ્તે હોસ્પિટલના તબીબી તથા વરિષ્ઠ નેતૃત્વની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. ઈમરજન્સી સ્થિતિમાં દરેક મિનિટ મહત્વપૂર્ણ હોવાથી દર્દીને પ્રાથમિક મૂલ્યાંકનથી લઈને સ્થિતિ સ્થિર કરવાની સારવાર અને જરૂરી નિષ્ણાત સારવાર સુધી ઝડપી પહોંચ મળે તે રીતે વિભાગ તૈયાર કરાયો છે. નવા ઈમરજન્સી વિભાગમાં ગંભીર હૃદયરોગ, સ્ટ્રોક અને ન્યુરોલોજીકલ ઈમરજન્સી, ગંભીર ટ્રોમા, ઓર્થોપેડિક ઈમરજન્સી સહિતની પરિસ્થિતિઓનું સંચાલન કરવાની વ્યવસ્થા છે. ઈમરજન્સી અને ક્રિટિકલ કેરમાં પ્રશિક્ષિત નર્સિંગ સ્ટાફ, ACLS એમ્બ્યુલન્સ અને વ્યાપક એમ્બ્યુલન્સ નેટવર્કની સુવિધા પણ ઉપલબ્ધ છે.CT સ્કેન અને MRI જેવી નિદાન સુવિધાઓના સહયોગથી ગંભીર કેસોમાં સમયસર ઈમેર્જિંગ અને તબીબી નિર્ણય લેવામાં મદદ મળશે. કાર્ડિયોલોજી, ન્યુરોલોજી, ઓર્થોપેડિક્સ, ટ્રોમા સહિત વિવિધ તબીબી શાખાના નિષ્ણાતોનો સહયોગ પણ ઉપલબ્ધ રહેશે.સ્ટર્લિંગ હોસ્પિટલમાં રાજકોટ ઉપરાંત ધોરાજી, અમરેલી, જામનગર, જૂનાગઢ, મોરબી, સુરેન્દ્રનગર અને પોરબંદર સહિતના વિસ્તારોમાંથી દર્દીઓ સારવાર માટે આવે છે. હોસ્પિટલના જણાવ્યા મુજબ રાજકોટની આસપાસના આશરે ૧૦૦ કિલોમીટર વિસ્તારમાં તેની તૃતીયકક્ષાની સારવારની પહોંચ છે.સ્ટર્લિંગ હોસ્પિટલ્સના ઝોનલ ડિરેક્ટર ડૉ. અજય ડોગરાએ જણાવ્યું હતું કે નવી ઈમરજન્સી સુવિધામાં અદ્યતન ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ટેકનોલોજી અને વિવિધ તબીબી નિષ્ણાતોની કુશળતાને એકસાથે લાવવામાં આવી છે. MD અને CEO સંતોષ મરાઠેએ જણાવ્યું હતું કે રાજકોટ તથા આસપાસના વિસ્તારોમાંથી આવતા દર્દીઓને એક જ છત હેઠળ ઝડપી મૂલ્યાંકન, સ્થિતિ સ્થિર કરવાની સારવાર અને વિશિષ્ટ તૃતીયકક્ષાની સારવાર મળી રહે તે દિશામાં આ સુવિધા મહત્વપૂર્ણ છે. ડેપ્યુટી મેયર દક્ષાબેન વસાણીએ પણ રાજકોટના આરોગ્યસંભાળ માળખા માટે આધુનિક ઈમરજન્સી સુવિધાને મહત્વપૂર્ણ ગણાવી હતી.

# નવ નાત વણિક સમાજની યુવા ટીમે સંગઠન વિસ્તરણનો શંખનાદ કર્યો




## ગુજરાત પ્રદેશ યુવા શાખા 10 ડિસેમ્બર સુધી 504 પ્રતિનિધિઓની ટીમ બનાવશે; 1 લાખ નવા સભ્યો જોડવાનો લક્ષ્યાંક

સિટી ન્યૂઝ@રાજકોટ

નવ નાત વણિક સમાજ દ્વારા ગુજરાત પ્રદેશ યુવા શાખાની રચના કરવામાં આવી છે. નવી નિયુક્ત યુવા ટીમે રાજકોટના પ્રેસ અને મીડિયા જગતના તંત્રીશ્રીઓ તથા પ્રતિનિધિઓ સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી. આ પ્રસંગે સમાજના સંસ્થાપક તથા રાષ્ટ્રીય પ્રમુખ પ્રશાંતભાઈ શાહ સહિત યુવા ટીમના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

પ્રશાંતભાઈ શાહે મીડિયા જગતનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયાના સહયોગથી નવ નાત વણિક સમાજ આજે આશરે ૧,૮૦,૦૦૦ સભ્યો ધરાવતું વિશાળ સંગઠન બન્યું છે. યુવા શક્તિને સંગઠિત કરી સમાજલક્ષી કાર્યો તરફ પ્રેરિત કરવાના હેતુથી ગુજરાત પ્રદેશ યુવા શાખાની રચના કરવામાં આવી છે.

ગુજરાત પ્રદેશ યુવા શાખાના અધ્યક્ષ તરીકે મોનિલભાઈ શાહ, મહામંત્રી તરીકે ધવલભાઈ શાહ અને સોશિયલ-મીડિયા ઈન્ચાર્જ તરીકે રવિભાઈ દોશીની નિમણૂક કરવામાં આવી છે. યુવા ટીમે મીડિયા પ્રતિનિધિઓ સાથે આગામી આયોજન અંગે ચર્ચા કરી સંગઠનની વિવિધ પ્રવૃત્તિઓની માહિતી આપી હતી.

ગુજરાત પ્રદેશ યુવા શાખા દ્વારા ૧૦ ડિસેમ્બર, ૨૦૨૬ સુધીમાં ગુજરાતના તમામ જિલ્લા, ઝોન અને પ્રદેશ સ્તરે કુલ ૫૦૪ પ્રતિનિધિઓની સશક્ત ટીમ તૈયાર કરવાનો સંકલ્પ કરવામાં આવ્યો છે. આ ટીમના માધ્યમથી ગુજરાતભરના યુવાનોને સંગઠિત કરી વણિક સમાજમાં આશરે ૧ લાખ નવા સભ્યો જોડવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

યુવા શાખા આગામી સમયમાં મેડિકલ કેમ્પ, બ્લડ ડોનેશન કેમ્પ, યુવા રાજકીય જાગૃતિ શિબિર, રોજગાર અભિયાન, વેવિશાળ મેળો, મેડિકલ સહાય, જીવદયા, શૈક્ષણિક સહાય તથા યુવાનો માટે માર્ગદર્શન અને વિકાસલક્ષી કાર્યક્રમો યોજશે.

નવ નાત વણિક સમાજ દ્વારા અત્યાર સુધી સમાજલક્ષી કાર્યોને જનજન સુધી પહોંચાડવામાં મળેલા મીડિયા સહયોગ બદલ તંત્રીશ્રીઓ, પત્રકારો અને મીડિયા પ્રતિનિધિઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. ભવિષ્યમાં પણ સમાજલક્ષી કાર્યોને વ્યાપક પ્રચાર-પ્રસાર મળે તે માટે સહયોગની અપેક્ષા વ્યક્ત કરવામાં આવી હતી.

શુભેચ્છા મુલાકાતમાં મોનિલભાઈ શાહ, ધવલભાઈ શાહ, રવિભાઈ દોશી, હર્ષભાઈ મેહતા, શ્રેયાંશભાઈ શેઠ, ફલકભાઈ અજમેરા અને રિધમભાઈ ધોળકિયા ઉપસ્થિત રહ્યા હતા.

# પર્યુષણ પર્વ એ મેળો નથી મેળવડો છે આત્મસ્વરૂપ સાથે મિલાપ થાય

## કલ્પસૂત્રના સંદેશ સાથે અજરામર સંઘમાં પર્વોત્સવ; ભગવાન મહાવીરના ૨૭ તત્ત્વોની ભાવસભર વાચનાથી શ્રોતાઓ ભાવવિભોર

સિટી ન્યૂઝ@રાજકોટ



રાજકોટના અજરામર સ્થાનકવાસી જૈન સંઘમાં આચાર્ય સાધના સમ્રાટ ગુરુદેવ ભાવચંદ્રજી સ્વામીની નિશ્રામાં પર્યુષણ પર્વની ભક્તિભાવપૂર્વક ઉજવણી ચાલી રહી છે. પર્વના ત્રીજા દિવસે કલ્પસૂત્રની ઉછામણીનો લાભ સિદ્ધિ તપસ્વિની મીરાબેન અલ્પેશભાઈ ગુસલીયાના હસ્તે લેવામાં આવ્યો હતો. વ્યાખ્યાનના પ્રારંભે નમ્રતાબેન ઉમંગભાઈની ઉપસ્થિતિમાં કલ્પસૂત્ર શ્રી ચિંતનચંદ્રજી સ્વામીને વહોરાવવામાં આવ્યું હતું.પ્રવચનના પ્રારંભમાં ગુરુદેવ ભાવચંદ્રજી સ્વામીએ જણાવ્યું હતું કે, પર્યુષણ પર્વ કોઈ લૌકિક મેળો નથી, પરંતુ આત્મસ્વરૂપ સાથે મિલાપ કરવાનો પાવન મેળવડો છે. મેળામાં ભીડ હોય છે, જ્યારે મેળવડામાં ભાવ હોય છે. ધર્મસાધના માટે તેમણે દર્પણ, અર્પણ અને સમર્પણની ત્રિપદી સમજાવી હતી. સાથે જ ભગવાન મહાવીર સ્વામીના ૨૭ તત્ત્વોની કલ્પસૂત્રના માધ્યમથી ભાવસભર વાચના કરવામાં આવી હતી. શાંત અને આધ્યાત્મિક વાતાવરણમાં સેંકડો શ્રોતાઓએ પ્રવચનનો લાભ લઈ ધર્મભાવનામાં લીન થયા હતા.

આજે બપોરે ૩.૩૦ કલાકે ઓમકાર ભાવ સાધના આરાધિકા સાધ્વીરત્ના ઓમકારશ્રીજી આચાર્યના માસખમણ તપની અનુમોદના કરવામાં આવશે. આ નિમિત્તે અજરામર સ્થાનકવાસી જૈન સંઘના મહિલા મંડળોની બહેનો દ્વારા તપસ્યા ગીતોની ભાવસભર સાંજીનું આયોજન કરવામાં આવ્યું છે.

સંઘ પ્રમુખ મધુકાન્તભાઈએ પર્વની ક્ષમાપના સાથે સાંજે યોજાનારા પ્રતિક્રમણમાં નાના-મોટા સૌને પરિવાર સાથે ઉપસ્થિત રહેવા પ્રેરણા કરી હતી. આજના પ્રવચનની પ્રભાવનાનો લાભ નયનાબેન અશ્વીનીકુમાર શાહે લીધો હતો.શનિવાર તા. ૧૨ સપ્ટેમ્બરે સવારે ભગવાન મહાવીર સ્વામીના



જન્મવાંચન સાથે ત્રિશલાદેવીના ૧૪ શુભ સ્વપ્નોની ઉછામણી યોજાશે. આ અત્યંત પાવન અને શુભ પ્રસંગે શ્રી સંઘના દર્શન કરાવવા લાભાર્થીઓને અગ્રસર રહેવા કમલેશભાઈ શાહે પ્રેરણા કરી હતી.



# ગોંડલમાં ભાજપની સેવા સંકલ્પ અભિયાનની જિલ્લા કાર્યશાળા

## 17 સપ્ટેમ્બરથી 17 ઓક્ટોબર સુધી જિલ્લામાં વિવિધ 13 કાર્યક્રમો યોજાશે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

માર્કેટિંગ યાર્ડ, ગોંડલ ખાતે રાજકોટ જિલ્લા ભાજપ દ્વારા સેવા સંકલ્પ અભિયાન-૨૦૨૬ અંતર્ગત જિલ્લા કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા અને પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરના માર્ગદર્શન હેઠળ યોજાયેલી કાર્યશાળામાં પ્રદેશ વક્તા પ્રશાંત વાળા, જિલ્લા સંગઠન પ્રભારી ભરત આર્ય, જિલ્લા ભાજપ અધ્યક્ષ અલ્પેશ ઢોલરીયા તથા મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજા અને વલ્લભ ઝાંપડીયા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યશાળામાં જિલ્લા હોદેદારો, મોરચાના પ્રમુખ-મહામંત્રીઓ, મંડલના પ્રભારી, પ્રમુખ-મહામંત્રીઓ, જિલ્લા-તાલુકા પંચાયત તથા નગરપાલિકાના ચૂંટાયેલા સભ્યો અને વિવિધ કાર્યક્રમોના ઇન્ચાર્જ-સહ ઇન્ચાર્જ સહિત મોટી સંખ્યામાં કાર્યકરો જોડાયા હતા. પ્રદેશ વક્તા પ્રશાંત વાળાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૨૫ વર્ષના જાહેર જીવન અને દેશના વિકાસ માટેની કામગીરી અંગે માર્ગદર્શન આપ્યું હતું. આત્મનિર્ભર સંરક્ષણ, ઔદ્યોગિક અને શૈક્ષણિક ક્ષેત્રે થયેલા વિકાસ તેમજ લોકઉપયોગી યોજનાઓની માહિતી લોકો સુધી પહોંચાડવા વિવિધ કાર્યક્રમો યોજાશે તેમ જણાવ્યું હતું. જિલ્લા ભાજપ અધ્યક્ષ અલ્પેશ ઢોલરીયાએ જણાવ્યું હતું કે ૧૭ સપ્ટેમ્બરથી ૧૭ ઓક્ટોબર સુધી રાજકોટ જિલ્લામાં સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાશે. આ અંગે કાર્યક્રમોના ઇન્ચાર્જ અને સહ-ઇન્ચાર્જને જરૂરી માહિતી તથા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. અભિયાન અંતર્ગત આર્શીવાદનો દીવડો, ૨૫ કરોડ બાળકોના સપનાનું ભારત, નમો સેવા ગાથા, આંગણવાડી ઉત્સવ, પરિવર્તનની વાર્તા, વિકસિત ભારત સંકલ્પ યાત્રા, સેવા જ્યોત યાત્રા, વડનગરથી વારાણસી, સેવા મેરા યોગદાન, સેવા સેતુ અભિયાન, રંગોળી રાષ્ટ્ર, રાષ્ટ્રીય ઇનોવેશન ચેલેન્જ અને જનસેવક મહાકુંભ સહિતના ૧૩ કાર્યક્રમો યોજાશે. કાર્યક્રમનું સંચાલન જિલ્લા મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજાએ, સ્વાગત જિલ્લા ઇન્ચાર્જ ડો. દીપક પીપળીયાએ તથા આભારવિધિ જિલ્લા મહામંત્રી વલ્લભ ઝાંપડીયાએ કરી હતી.

# રાજકોટમાં પર્યુષણ પર્વ વચ્ચે સદર બજારમાં પોલીસ ચેકિંગ દરમિયાન ધડાકો

» ત્રણ મકાનની બહાર જાહેરમાં પશુઓની કતલ કરી માંસ વેંચતા સાત ઝડપાયા

» 150 કિલો માંસ મળી આવ્યું : જાહેરનામા ભંગ અને પશુ પ્રત્યે ક્રૂરતા આચરવા બદલ ગુના

**સિટી ન્યૂઝ@રાજકોટ**

પર્યુષણ પર્વ ચાલી રહ્યું છે ત્યારે સદરબજાર ખાટકીવાસ વિસ્તારમાં ત્રણ મકાનમાં ચાલતા ગેરકાયદે કતલખાના પર પોલીસે દરોડો પાડી મહિલા સહિત આઠ શખ્સોને ઝડપી તેના વિરુદ્ધ પશુઓ પ્રત્યે ક્રૂરતા આચરવા અંગે પ્ર.નગર પોલીસે જાહેરનામા ભંગ અને પશુઓ પ્રત્યે ઘાતકીપણાની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. સદરબજાર ૧ ખાટકીવાસમાં ચેકિંગ હાથ ધર્યુ હતું. ચેકિંગ ૧ દરમિયાન અલગ-અલગ મકાનોની બહાર તથા ફળિયામાં જાહેરમાં પશુઓની કતલ થયેલા જુદા-જુદા અંગોના ટુકડા જોવા મળ્યા હતાં. આ જગ્યાએ પશુઓનું ગેરકાયદે - કતલ કરવામાં આવતુ હોવાનું જાણવા મળતા પોલીસે એક મહિલા સહિત સાત -શખ્સોને પકડી પુછપરછ હાથ ધરી હતી પકડાયેલા શખ્સોમાં આ જ વિસ્તારનો ઈકબાલ ઈસ્માઈલભાઈ તરકબાણ, જંગલેશ્વર મેઈનરોડ પર, અંકુર સોસાયટીનો બનાન હારૂનભાઈ લીંગડીયા, ફીરોઝ ફકીરમહંમદભાઈ બેલીમ, સાજીદ મહંમદભાઈ બેલીમ, હેમદ હુસેનભાઈ શેખ, કાસમ હુસેનભાઈ ચૌહાણ અને જરીનાબેન જમાલભાઈ ચૌહાણનો સમાવેશ થાય છે આ શખ્સો પોતાના ઘરોના ફળિયામાં તથા શેરીમાં જાહેરમાં પશુઓની કતલ અને માંસની હેરીફેરી કરતા હોવાનું જાણવા મળ્યુ હતું. તપાસ દરમિયાન ત્યાં પડેલી એક સી.એન.જી રિક્ષામાં પડેલા પ્લાસ્ટિકના કોથળામાંથી આશરે ૧૦૦થી ૧૫૦ કિલો માંસનો જથ્થો મળી આવ્યો હતો અને એક મકાનમાંથી આશરે ૩૦૦ કિલો માંસનો જથ્થો મળી આવ્યો હતો. જ્યારે મકાન માલિક રજાક આમદભાઈ ખાટકી હાજર ન હતો. ત્રણેય મકાનોમાં કતલ થયેલા પશુઓના અલગ-અલગ અંગો તેમજ ચામડાનો ઢગલો જોવા મળ્યો હતો. તેમજ જરીનાબેનના મકાનમાંથી આશરે ૫૦૦ કિલો માંસનો જથ્થો મળી આવ્યો હતો. જેથી પોલીસે મહિલા સહિત આઠેય શખ્સો વિરૂદ્ધ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

# કાશી વિશ્વનાથ ધુન મંડળની 80મી વર્ષગાંઠે ભવ્ય સંતવાણી

## 11 સપ્ટેમ્બરે મહાપૂજા, વરઘોડો, મહાપ્રસાદ અને મહાઆરતી સહિત ધાર્મિક કાર્યક્રમોનું આયોજન

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના ભીલવાસ વિસ્તારમાં ૧૦૦ વર્ષ જૂના શ્રી કાશી વિશ્વનાથ મહાદેવજીના સાનિધ્યમાં શ્રી કાશી વિશ્વનાથ ભીલ ધુન મંડળની ૮૦મી વર્ષગાંઠની ઉજવણી નિમિત્તે ૧૧ સપ્ટેમ્બરે વિવિધ ધાર્મિક અને સેવાકીય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. ધુન મંડળ છેલ્લા ૭૯ વર્ષથી શિવજીની ભક્તિ અને સેવામાં કાર્યરત છે.



શ્રાવણ વદ અમાસના દિવસે સવારે ૪.૩૦ કલાકે મહાપૂજા યોજાશે. સવારે ૯ કલાકે શ્રી કાશી વિશ્વનાથ મહાદેવજીની વરઘોડી મંદિરથી નીકળશે. વરઘોડી જયશ્રી રોકડીયા હનુમાન મંદિર, મોટી ટાંકી ચોક, લીમડા ચોક, શ્રી પંચનાથ મહાદેવ મંદિર, હરિહર ચોક અને ફુલછાબ ચોક થઈને સવારે ૧૧.૩૦ કલાકે શ્રી કાશી વિશ્વનાથ મંદિરે પહોંચશે. બપોરે ૧૨ કલાકે મહાઆરતી બાદ ભક્તો, મહેમાનો અને સભ્યો મહાપ્રસાદનો લાભ લેશે.

સાંજે ૬ કલાકે શ્રૃંગાર દર્શન, ૭ કલાકે મહાઆરતી અને રાત્રે ૯.૩૦ કલાકે ભવ્ય સંતવાણીનું આયોજન કરાયું છે. સુપ્રસિદ્ધ સંતવાણી આરાધક પિયુષ મિસ્ત્રી એન્ડ ગ્રુપ સંતવાણી રજૂ કરશે.

ધુન મંડળની ૮૦મી વર્ષગાંઠને યાદગાર બનાવવા તમામ સભ્યો દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ભક્તિ, ભોજન અને ભજનના ત્રિવેણી સંગમ સમાન આ ધાર્મિક આયોજનમાં રાજકોટની ધર્મપ્રેમી જનતાને ઉપસ્થિત રહેવા ધુન મંડળના સભ્યો દ્વારા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# રાજકોટમાં શનિવારે વિજ્ઞાન જાથાની માર્ચ ફોર સાયન્સ રેલી

## ન્યુ પરિમલ સ્કૂલથી રેલી નીકળશે; KKV હોલ પાસે ધરણા યોજાશે, વિજ્ઞાન પોસ્ટર સાથે સૂત્રોચ્ચાર

સિટી ન્યૂઝ@રાજકોટ

આંતરરાષ્ટ્રીય માર્ચ ફોર સાયન્સ-૨૦૨૬ અંતર્ગત જન વિજ્ઞાન જાથા દ્વારા શનિવારે તા.૧૨ સપ્ટેમ્બરે રાજકોટમાં વિજ્ઞાન રેલી અને ધરણાનું આયોજન કરવામાં આવ્યું છે. સવારે ૧૦.૩૦ વાગ્યે ન્યુ પરિમલ સ્કૂલથી રેલી નીકળશે અને કે.કે.વી. હોલ પાસે બંને બાજુ ધરણા યોજાશે. રેલી અને ધરણા દરમિયાન વિજ્ઞાનપ્રેમીઓ, વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા જાગૃત નાગરિકો મોટી સંખ્યામાં જોડાશે. કાર્યક્રમનો હેતુ વિજ્ઞાનને લોકભોગ્ય બનાવવાનો અને સમાજમાં વૈજ્ઞાનિક વિચારસરણી અંગે જાગૃતિ ફેલાવવાનો છે.



કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો, વિજ્ઞાનપ્રેમીઓ અને જાગૃત નાગરિકો વિજ્ઞાન આધારિત પોસ્ટર સાથે જોડાઈ સૂત્રોચ્ચાર કરશે. વિજ્ઞાનના મૂળભૂત સંશોધન માટે વધુ ભંડોળ ફાળવવા, વૈજ્ઞાનિક અભિગમને પ્રોત્સાહન આપવા અને સમાજમાં વૈજ્ઞાનિક વિચારસરણીનો વ્યાપ વધારવાની માંગ કરવામાં આવશે. અંધશ્રદ્ધા, ભ્રમણા અને અવૈજ્ઞાનિક માન્યતાઓના પ્રચાર સામે પણ જાગૃતિ ફેલાવવામાં આવશે.

જાથાના આગેવાનોના જણાવ્યા મુજબ, વિજ્ઞાન અને વૈજ્ઞાનિક સંશોધન સામે વધી રહેલા પ્રહારો તથા અવૈજ્ઞાનિક વિચારોના પ્રચારથી સમાજ અને દેશના વિકાસને નુકસાન થઈ શકે છે. તેથી નીતિ ઘડતર, શિક્ષણ અને જાહેર જીવનમાં વૈજ્ઞાનિક દૃષ્ટિકોણને પ્રાથમિકતા આપવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવશે.

જન વિજ્ઞાન જાથા દ્વારા વનનાશ અટકાવવા, જંગલની જમીનના વ્યાપારી ઉપયોગ સામે અસરકારક પગલાં લેવા તથા પર્યાવરણનું જતન કરવા રજૂઆત કરવામાં આવશે. આ ઉપરાંત શિક્ષણ અને સંશોધન માટે પૂરતું ભંડોળ ફાળવવા, વિદ્યાર્થીઓ પર વધતો આર્થિક બોજ ઘટાડવા અને વિજ્ઞાન આધારિત નીતિઓ ઘડવાની માંગ પણ ઉઠાવવામાં આવશે.

જાથાના આગેવાનોના જણાવ્યા મુજબ, પર્યાવરણમાં વધતું અસંતુલન, તાપમાનમાં ફેરફાર, અતિવૃષ્ટિ, પૂર, દુષ્કાળ, ભૂસ્ખલન અને દરિયાની સપાટીમાં વધારો જેવી સમસ્યાઓ સામે વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી નીતિઓ ઘડવાની જરૂર છે. પર્યાવરણના અસંતુલનને કારણે પશુ, પક્ષી અને વનસ્પતિની અનેક પ્રજાતિઓ પર પણ ગંભીર અસર થઈ રહી છે. માનવ કલ્યાણ અને પર્યાવરણ સુરક્ષા માટે વિજ્ઞાનને લોકભોગ્ય બનાવવાનો આ કાર્યક્રમનો મુખ્ય હેતુ છે.

### વિદ્યાર્થીઓ વિજ્ઞાન સાંકળ બનાવશે

ન્યુ પરિમલ સ્કૂલના વિદ્યાર્થીઓ અને શૈક્ષણિક સ્ટાફ સહિતના લોકો કાર્યક્રમમાં જોડાશે. વિદ્યાર્થીઓ ધરણા દરમિયાન વિજ્ઞાન સાંકળ બનાવી પોતાની અભિવ્યક્તિ રજૂ કરશે. જન વિજ્ઞાન જાથાના રાજ્ય ચેરમેન-એડવોકેટ જયંત પંડ્યા સહિતના કાર્યકરો અને વિજ્ઞાનપ્રેમીઓ ઉપસ્થિત રહેશે. કાર્યક્રમમાં સંશોધન અને વિકાસ, શિક્ષણ, આરોગ્ય, પર્યાવરણ તથા વૈજ્ઞાનિક અભિગમના વ્યાપને લગતી વિવિધ માંગણીઓ રજૂ કરવામાં આવશે.




# રાજકોટ લોકમેળાના મંચે નવોદિત કલાકારોની કલાને મળ્યું નવું આકાશ

## રેસકોર્ષ ગ્રાઉન્ડમાં સાંસ્કૃતિક કાર્યક્રમોમાં હજારો લોકોએ માણી લોકસંગીત, રાસ-ગરબા અને લોકનૃત્યની રંગત

સિટી ન્યૂઝ@રાજકોટ

રેસકોર્ષ ગ્રાઉન્ડ ખાતે યોજાયેલા વિરાસત થી વિકાસ લોકમેળામાં રમત ગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કચેરી, રાજકોટ દ્વારા દરરોજ બપોરે ૨.૩૦થી રાત્રે ૧૦.૩૦ સુધી વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. હજારો લોકોએ લોકસંગીત, લોકસાહિત્ય, સુગમ સંગીત, લોકનૃત્ય, રાસ અને ગરબાની રજૂઆતો માણી હતી.આ વખતે અનેક નવોદિત કલાકારોને રાજકોટની જનતા સમક્ષ પોતાની કલા રજૂ કરવાની તક મળી હતી. તેમાં અમરદાન ગઢવી, મયુરીબા પારેડી અને તુલસીબેન રાઠોડ સહિતના યુવા કલાકારોનો સમાવેશ થાય છે.

ખાસ કરીને માત્ર ૬ વર્ષના બાળ કલાકાર યુવાંશ બારોટે લોકગીતો, દુહા-છંદ અને સપાખરું રજૂ કરી ઉપસ્થિતોની દાદ મેળવી હતી. ઉર્વી મજીઠિયા, કુશ મારૂ, વંશ ચૌહાણ, રાજવીબા રાણા, શ્રેયા આશર અને આયુષ રાંધનપુરાએ પણ પોતાની આગવી કલા રજૂ કરી હતી.

રમત ગમત અને યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી દ્વારા ઉભરતા કલાકારોને મોટું મંચ મળે અને તેમની કલા રાજકોટની જનતા સુધી પહોંચે તે માટે આ પ્રયાસ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમોને સફળ બનાવવા જિલ્લા યુવા વિકાસ અધિકારી હિતેશ દિહોરા અને તેમની ટીમે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું સંચાલન દિનેશ બાલાસરા અને જગદેવસિંહ જાડેજાએ કર્યું હતું.

# કુવાડવામાં પારિવારિક ઝઘડામાં નાના ભાઈએ મોટાભાઈને છરી ઝીંકી દીધી

સિટી ન્યૂઝ@રાજકોટ

તાલુકાના કુવાડવા ગામે યુવાન પર તેના જ સગા નાના ભાઈએ છરીથી હુમલો કરી હાથમાં ઘા ઝીંકી દેતાં તે લોહીલુહાણ થઈ જતાં સારવાર લેવી પડી છે. આ બનાવમાં કુવાડવા રોડ પોલીસે કુવાડવા ગામ ખાતે હરી ઓમ ચોક પાસે રહેતા અને ડ્રાઈવિંગ કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા નિતેશ નાથાભાઈ લઢેર (ઉ.વ. ૨૭)ની ફરિયાદ પરથી તેના નાના ભાઈ દશરથ નાથાભાઈ લઢેર વિરુધ્ધ ગુનો નોંધ્યો છે. નિતેશ સાંજે સાડા ચારેક વાગ્યે પત્નિ સાથે ઘરે હતો ત્યારે સગો ભાઈ દશરથ લઢેર તેના ઘરે આવ્યો હતો. કોઈ પણ કારણ વગર બોલાચાલી કરી ઝઘડો કરવા લાગ્યો હતો. આથી નિતેશે તેને મારી સાથે ઝઘડો ન કર તેમ કહેતાં તે વધુ ઉશ્કેરાયો હતો અને નેફામાંથી છરી કાઢી હુમલો કરતાં નિતેશે હાથ આડો રાખતાં જમણી હથેળીમાં ઘા લાગી જતાં લોહીલુહાણ થઈ ગયો હતો. હુમલો કરી દશરથે ભાગી ગયો હતો. પત્નિ નિતેશને કુવાડવા હોસ્પિટલ લઈ જતાં ટાંકા લેવાયા હતાં. પીએસઆઈ આર. કે. સામુદ્રેએ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. નિતેશ ડ્રાઈવીંગ કરી ગુજરાન ચલાવે છે તે ચાર ભાઈ અને એક બહેનમાં મોટો છે.

# સ્વ.પ્રવિણસિંહજી જાડેજા (સોળિયા)ની પુણ્યતિથિએ 251 બોટલ રક્ત એકત્ર

## સિવિલ હોસ્પિટલના દર્દીઓ માટે શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશન અને રાજકોટ વોલન્ટરી બ્લડ બેંકનો સેવાભાવી રક્તદાન કેમ્પ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા જરૂરિયાતમંદ દર્દીઓના લાભાર્થે સ્વ. પ્રવીણસિંહજી ઉમેદસિંહજી જાડેજા (સોળિયા)ની દ્વિતીય વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે વિશાળ મહારક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશન તથા રાજકોટ વોલન્ટરી બ્લડ બેંકના સંયુક્ત સહયોગથી યોજાયેલા આ સેવાકીય કેમ્પમાં રક્તદાતાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ કુલ ૨૫૧ બોટલ અમૂલ્ય રક્ત એકત્ર કરાવ્યું હતું.

વર્તમાન ચોમાસાની સીઝનમાં રક્તની વધતી જરૂરિયાતને ધ્યાનમાં રાખીને આ કેમ્પ યોજાયો હતો. રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સમગ્ર સૌરાષ્ટ્રમાંથી દર્દીઓ નિશુલ્ક સારવાર માટે આવતા હોવાથી વિવિધ બ્લડ ગ્રુપની સતત જરૂરિયાત રહે છે. જરૂરિયાતમંદ દર્દીઓને સમયસર અને નિશુલ્ક રક્ત મળી રહે તે માટે સમાજના વધુમાં વધુ લોકો રક્તદાન કરે તેવી અપીલ કરવામાં આવી હતી.



રક્તદાન દ્વારા અનેક અમૂલ્ય માનવજીંદગીઓ બચાવવામાં સહભાગી બનવાની તક મળે છે. નિયમિત રક્તદાનથી હોસ્પિટલમાં રક્તનો પૂરતો જથ્થો જળવાઈ રહે છે અને અકસ્માતગ્રસ્તો, પ્રસૂતિ દરમિયાનની તાત્કાલિક જરૂરિયાત ધરાવતી મહિલાઓ તથા ગંભીર બીમારીથી પીડાતા દર્દીઓને સમયસર સારવાર મળી શકે છે.

### અન્ય સેવાકાર્યો માટે પણ અપીલ

જન્મદિવસ, પુણ્યતિથિ, સ્મૃતિદિવસ અથવા અન્ય સામાજિક પ્રસંગોએ રક્તદાન કેમ્પનું આયોજન કરી સમાજસેવામાં યોગદાન આપવા અપીલ કરવામાં આવી છે. રક્તદાન ઉપરાંત રાજકોટ સિવિલ હોસ્પિટલના લાભાર્થે ચક્ષુદાન, અંગદાન, સ્કીનદાન તથા જીવદયાના વિવિધ સેવાકાર્યો માટે પણ લોકો આગળ આવે તેવી વિનંતી કરવામાં આવી છે. આ પ્રકારના સેવાકાર્યો માટે શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણીનો ૯૪૨૮૨ ૦૦૬૬૦ પર સંપર્ક કરી શકાય છે. મહારક્તદાન કેમ્પમાં બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી રક્તદાન કરનાર તમામ રક્તદાતાઓનો શ્રી પ્રવીણસિંહજી (સોળિયા) હરભમજીરાજ ગરાસિયા છાત્રાલય ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળ, રાજકોટ તથા શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણીએ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

# રાજકોટમાં પુરવઠા નિગમના નિવૃત કર્મચારી સાથે 15 લાખની ઠગાઈ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

**થાનગઢના ખાખરાથળ ગામનાં શખ્સ સામે છેતરપિંડીની ફરિયાદ**

શહેરના રૈયા રોડ પર કીડવાઈનગર પાસે શિવમ પાર્કમાં રહેતા પુરવઠા નિગમના નિવૃત ચંદ્રસિંહ બચુભા ચુડાસમા ઉ.૬૩ને થાનગઢના ખાખરાથળ ગામના આરોપી શૈલેષ રવજીભાઈ ઘીયાડએ ભાગીદારીમાં ધંધો કરવાનું કહી મશીનરી ખરીદ કરવાના બહાને ૧૫ લાખ લઈ લીધા બાદ ધંધામાં નાણા નહીં રોકી છેતરપીંડી કર્યાની તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.ફરિયાદમાં ચંદ્રસિંહે જણાવ્યું કે, આશરે પાંચેક વર્ષ પહેલા તે બાલાજી હોલ પાસે આવેલી હોટલે બેઠા હતા. ત્યારે મિત્ર કિશોરભાઈ મારફતે આરોપી શૈલેષ સાથે ઓળખાણ થઈ હતી. વર્ષ ૨૦૨૪માં આરોપી શૈલેષે કહ્યું કે, તમારે કોઈ જગ્યાએ રૂપિયાનું રોકાણ કરવું હોય અને સારૂ વળતર મેળવવુ હોય તો થાનગઢના અભેપર ગામે જમીન ભાગીદારીમાં લીઝ માટે ભાડે રાખેલ છે. અને તેમાં બેલાની લીઝ મંજૂર થયેલ છે. અને તેમાં બેલા કાઢવા માટે મશીનરી વસાવીને પથ્થર કાઢવામાં આવક થશે તેમાં ૫૦ ટકા ભાગીદારીની વાત કરી વિશ્વાસ કેળવ્યો હતો. જેથી તેણે આરોપી શૈલેષને કટકે-કટકે ૧૫ લાખ કામગીરી શરૂ કરવા માટે આપ્યા હતા. થોડા દિવસ પછી તે જગ્યા ઉપર ગયા ત્યારે આરોપીએ કોઈ મશીનરી લીધી ન હતી અને તેની ભાગીદારી પણ ન હોવાની ખબર પડી હતી. આથી તેણે આરોપી શૈલેષને પૈસા પરત આપવાનું કહેતા રૂપિયા પરત ન આપી છેતરપીંડી કરી હતી બનાવ અંગે તાલુકા પોલીસે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

### અવસાન નોંધ

**રાજકોટ :** કમલેશભાઈ ધનેશ્વરભાઈ વ્યાસ (ઉ.વ. ૭૧)તે સ્વ. ધનેશ્વરભાઈ કલ્યાણજીભાઈ વ્યાસના પુત્ર, સ્વ. જયંતભાઈ, સ્વ. રમેશભાઈ, સ્વ. આશ્વનભાઈના નાના ભાઈ, પ્રતિમાબેન કમલેશભાઈ વ્યાસ (બ્રહ્મ સમાજ અગ્રણી)ના પતિ, દિપલ, વત્સા અને આનંદના પિતાશ્રી, ભાવેશ તથા સ્વ. હેમાંગના કાકાનું તા. ૭-૯-૨૦૨૬ ના રોજ અવસાન થયેલ છે તેમનું બેસણું તા. ૧૦-૯-૨૦૨૬ ગુરૂવારના રોજ સાંજે ૪ થી ૬ નાગર બોર્ડીંગ, વિરાણી સ્કુલ સામે, વિરાણી ચોક, રાજકોટ ખાતે રાખેલ છે.


**॥ દુઃખદ અવસાન બેસણું ॥**



**સ્વ. હિરેનભાઇ રમેશભાઇ સિધ્ધપુરા**

સ્વ. તા. ૦૭-૦૯-૨૦૨૬ શ્રાવણ વદ-૧૧ ને સોમવાર

દિલગીરી સાથ જણાવવાનું કે સ્વ. રમેશભાઈ નરોતમભાઈ સિધ્ધપુરાના સુપુત્ર અને નલિનભાઈ તથા બકુલભાઈ ના ભત્રીજા

**સ્વ. હિરેનભાઇ રમેશભાઇ સિધ્ધપુરા** (ઉ.વર્ષ - ૨૯)

સંવત ૨૦૮૨ શ્રાવણ વદ-૧૧ ને સોમવાર તા. ૦૭-૦૯-૨૬ ને સોમવાર ના રોજ **સ્વર્ગવાસ** પામેલ છે. પરમકૃપાળુ પરમાત્મા એમના દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રભુને પ્રાર્થના...

**॥ બેસણું ॥**

તારીખ : ૧૧-૦૯-૨૦૨૬, શુકવાર    સમય : સાંજે ૪-૦૦ થી ૬-૦૦ કલાક

સ્થળ : **શ્રી લક્ષ્મીનારાયણ વિલા,**
નારાયણ નગર, શેરી નં.-૧, ત્રિશુલ ચોક, રાજકોટ.

**॥ લિ. ॥**

સ્વ. રમેશભાઈ નરોતમભાઈ સિધ્ધપુરા (પિતા)
સ્વ. નલીનભાઈ નરોતમભાઈ સિધ્ધપુરા (કાકા) મો. : ૯૦૮૧૧ ૧૪૩૪૪
બકુલભાઈ નરોતમભાઈ સિધ્ધપુરા (કાકા) મો. : ૯૮૨૪૫ ૧૭૧૯૫
જયવીર હિરેનભાઈ સિધ્ધપુરા (પુત્ર),
જયરાજ હિરેનભાઈ સિધ્ધપુરા (પુત્ર)
કાર્તિકભાઈ રમેશભાઈ મારૂ (જમાઈ) મો. : ૯૫૫૮૮ ૧૯૭૦૦
હેમાંગભાઈ શશીકાન્તભાઈ પઢારીયા (જમાઈ) મો. : ૯૭૧૨૩ ૯૭૧૧૩

**'પિયર પક્ષનું બેસણું'** સાથે રાખેલ છે.

સંજયભાઇ રૂગનાથભાઇ મિસ્ત્રી - ૮૩૨૦૬ ૧૯૭૭૯




# ઘાનાના મંત્રીની GIFT Cityમાં Swetark Groupની મુલાકાતે

**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

ગાંધીનગરના GIFT City સ્થિત Swetark Group of Companiesના મુખ્યાલય ખાતે Republic of Ghanaના Investment & Tourism મંત્રી Kwasi Agyemang Gyan-Tutuની વિશેષ મુલાકાત યોજાઈ હતી. તેમની સાથે Youth Employment Agencyના Deputy CEO Abubakari Sana Abdul Kudus પણ ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રતિષ્ઠિત મુલાકાત દરમિયાન Ghana અને Swetark Group વચ્ચે રોકાણ, વેપાર, પ્રવાસન, બિઝનેસ ડેવલપમેન્ટ, નાણાકીય સહયોગ, રોજગાર અને સ્કિલ ડેવલપમેન્ટ જેવા મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં લાંબા ગાળાની ભાગીદારી અંગે વિસ્તૃત, હકારાત્મક અને પરિણામલક્ષી ચર્ચા કરવામાં આવી હતી.

બંને પક્ષોએ પરસ્પરની ક્ષમતાઓ, સંસાધનો અને વૈશ્વિક જોડાણોને એકસાથે લાવી નવી વ્યાપારિક તકો ઊભી કરવા અંગે વિચારવિમર્શ કર્યો હતો. ખાસ કરીને Ghana-India વચ્ચે મૂડીપ્રવાહ, વેપાર વિસ્તરણ, પ્રવાસન વિકાસ અને યુવાનો માટે રોજગાર સર્જનના ક્ષેત્રોમાં સહયોગ વધારવા પર ભાર મૂકાયો હતો. Swetark Group દ્વારા

## રોકાણ, વેપાર, પ્રવાસન, રોજગાર અને નાણાકીય સહયોગ ક્ષેત્રે Ghana–India સંબંધોને નવી દિશા આપતી વિસ્તૃત ચર્ચા

વિકસાવવામાં આવી રહેલા Global Financial & Business Ecosystem અંગે ઘાનાના પ્રતિનિધિમંડળને માહિતી આપવામાં આવી હતી. GIFT IFSC મારફતે આંતરરાષ્ટ્રીય મૂડી અને રોકાણને જોડવાની ક્ષમતા, વૈશ્વિક તથા પ્રાદેશિક રોકાણ માળખાં અને cross-border business opportunities અંગે પણ વિગતવાર ચર્ચા થઈ હતી. આ ઉપરાંત, વિવિધ વ્યવસાયોના વિકાસ માટે Swetark Group દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવતી multidisciplinary professional support system, નાણાકીય માર્ગદર્શન અને આંતરરાષ્ટ્રીય બિઝનેસ કનેક્ટ અંગે પણ રજૂઆત કરવામાં આવી હતી. બંને પક્ષોએ વ્યાપારિક સંભાવનાઓને વાસ્તવિક પ્રોજેક્ટ્સ, રોકાણ, રોજગાર અને આર્થિક વિકાસની પહેલોમાં પરિવર્તિત કરવા માટે સંભવિત માર્ગો પર ચર્ચા કરી હતી.

## Ghana–India સહયોગને નવી દિશામાં મહત્વપૂર્ણ પગલું


મુલાકાત દરમિયાન થયેલી ચર્ચાઓ અત્યંત હકારાત્મક રહી હતી. Ghana અને Swetark Group વચ્ચે ભવિષ્યમાં વિવિધ ક્ષેત્રોમાં સહયોગ વધારવા માટે મજબૂત આધાર ઊભો થયો છે. ખાનગી ક્ષેત્ર, સંસ્થાકીય સહયોગ અને GIFT Cityના વૈશ્વિક નાણાકીય પ્લેટફોર્મ મારફતે બંને દેશો વચ્ચે નવી આર્થિક, રોકાણલક્ષી અને વ્યાપારિક તકો ઊભી કરવાની દિશામાં આ મુલાકાત મહત્વપૂર્ણ પગલું બની શકે છે. Swetark Group તરફથી CA Swetang Pandya Chairman & Group CEO, Dr. Dinesh Brahmbhatt Global Economic Adviser, Adv. CS Kamendu Joshi Legal Head, Chandresh Panchal Global Business Head તથા Jay Joshi Business Development Head સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. Swetark Group માટે ઘાનાના માનનીય મંત્રીશ્રી અને પ્રતિનિધિમંડળનું GIFT City સ્થિત મુખ્યાલય ખાતે સ્વાગત કરવું ગૌરવપૂર્ણ અવસર રહ્યો હતો. આ મુલાકાતથી Ghana-India વચ્ચે રોકાણ, વેપાર, પ્રવાસન, રોજગાર અને વ્યાપારિક સહયોગના નવા દ્વાર ખૂલવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

### મુથુટપપ્પાચન ફાઉન્ડેશન, "મીશન સ્માઈલ"ના સૌજન્યથી

# ગોકુલ હોસ્પિટલ ખાતે તા.19થી 22 તુટેલા હોઠ અને તાળવાની વિના મુલ્યે સર્જરી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

દર વર્ષની જેમ આ વર્ષે પણ વિદ્યાનગર મેઈન રોડ, મનહર પ્લોટ, રાજકોટ ખાતે આવેલ ગોકુલ હોસ્પિટલ ખાતે આગામી તારીખ ૧૯ થી ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન મુથુટપપ્પાચન ફાઉન્ડેશન અને મીશન સ્માઈલના સૌજન્યથી તુટેલા હોઠ અને તાળવાની વિના મુલ્યે સર્જરી કરવાનો કેમ્પ રાખેલ છે. જેમાં બહારગામના દર્દીઓને આવવા જવાનું ભાડુ અને રહેવા જમવાની સગવડતા પણ વિના મુલ્યે કરી આપવામાં આવશે. દર્દીઓને શસ્ત્રક્રિયા પહેલાની દવાઓ પણ ફ્રી આપવામાં આવશે. જેનો લાભ લેવા ઈચ્છતા દર્દીઓએ આ નંબર 70444 24477 ઉપર રજીસ્ટ્રેશન કરવવાનું રહેશે. તેમ ગોકુલ હોસ્પિટલની એક યાદીમાં જણાવાયુ છે.



# મુકેશ મેરજાની 38મી જન્મદિવસ ઉજવણી બની માનવતાનો ઉત્સવ

## બા નું ઘરની નિરાધાર માતાઓ સાથે જન્મદિવસ ઉજવશે; ભોજન, કપડાં, દવાઓ અને છપ્પન ભોગનું આયોજન

**સિટી ન્યૂઝ@રાજકોટ**

માનવ સેવા એ જ પ્રભુ સેવાના ભાવ સાથે સેવાકાર્ય કરતા મુકેશ મેરજા સતત ૩૮મી વખત પોતાનો જન્મદિવસ રાજકોટના બા નું ઘર નિરાધાર મહિલા આશ્રમની માતાઓ સાથે ઉજવશે.

જન્મદિવસ નિમિત્તે આશ્રમની માતાઓ માટે આખા દિવસના ભોજનનો ખર્ચ, કપડાં, દવાઓ તથા જરૂરી વસ્તુઓનું દાન કરવામાં આવશે. વિવિધ વાનગીઓ તૈયાર કરી છપ્પન ભોગ અર્પણ કર્યા બાદ તમામ માતાઓને



ભોજન કરાવવામાં આવશે.

મુકેશ મેરજા માત્ર દાન પૂરતું સીમિત ન રહેતા માતાઓ સાથે સમય વિતાવી તેમની સાથે વાતચીત કરી સુખ-દુખ જાણશે અને આશીર્વાદ મેળવશે. તેમના મતે જરૂરિયાતમંદોના ચહેરા પર સ્મિત લાવવું જ જન્મદિવસની સાચી ઉજવણી છે.બા નું ઘરમાં નિરાધાર અને ત્યજી દેવાયેલા લોકોને નિશુલ્ક આશ્રય, ભોજન, સંભાળ અને જરૂરી આરોગ્ય સેવાઓ આપવામાં આવે છે. દસ્તાવેજો વિનાના લોકો ઉપરાંત બિનવારસદાર, બહેરા-મૂંગા, માનસિક રીતે અસ્વસ્થ તથા વિવિધ શારીરિક-માનસિક તકલીફ ધરાવતા લોકોને પણ અહીં માનવતાપૂર્વક આશ્રય મળે છે.મુકેશ મેરજાની ૩૮મી સેવા-સમર્પિત જન્મદિવસ ઉજવણી સમાજને પોતાની ખુશી જરૂરિયાતમંદો સાથે વહેંચવાનો સંદેશ આપે છે.




## આજના કંપની વિશેના નવીનતમ સમાચાર

- દિલીપ બિલ્ડકોન લિ.ને પેટ્રોલિયમ એન્ડ નેચરલ ગેસ રેગ્યુલેટરી બોર્ડ પાસેથી રૂ.૧,૮૦૦ કરોડનો ઓર્ડર મળ્યો છે.
- એન્વિરો ઈન્ફ્રા એન્જિનિયર્સ લિ.ની સ્ટેપ ડાઉન સબસિડિયરી સુયોગ ઉર્જાને વિન્ડ ઈપીસી પ્રોજેક્ટ માટે ટાટા પાવર રિન્યુએબલ એનર્જી પાસેથી રૂ.૨૨૪.૧૯ કરોડનો ઓર્ડર મળ્યો છે.
- શક્તિ પમ્પ્સ (ઈન્ડિયા) લિ.ને મહારાષ્ટ્ર સ્ટેટ ઈલેક્ટ્રિસિટી ડિસ્ટ્રીબ્યુશન કંપની લિ. પાસેથી રૂ.૨૧૬.૬૪ કરોડનો વર્ક ઓર્ડર મળ્યો છે.
- ઈએમએસ લિ.ને નેશનલ હાઈવેઝ ઓથોરિટી ઓફ ઈન્ડિયા પાસેથી આશરે રૂ.૨૮.૩૮ કરોડનો ઓર્ડર મળ્યો છે.
- પાવર મેક પ્રોજેક્ટ્સ લિ.એ જણાવ્યું છે કે કંપનીને વેદાંતા પાવર લિ. પાસેથી વેદાંતા પાવર લિ.ના શક્તિ થર્મલ પ્લાન્ટ, છત્તીસગઢ કોટ આધારિત થર્મલ પાવર પ્લાન્ટ ખાતે ૬૦૦ મેગાવોટના બે એન્ડ-ટુ-એન્ડ આધારિત સંચાલન અને જાળવણી માટે રૂ.૯૭૦ કરોડનો ઓર્ડર મળ્યો છે.

**IPO DETAILS**

| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
|---|---|---|---|---|---|
| GLASS WALL SYSTEMS (INDIA) | 08/9 | 10/9 | 172 - 182 | 82 | 14,924 |
| PRASOL CHEMICALS | 08/9 | 10/9 | 643 - 676 | 22 | 14,872 |
| KANOHAR ELECTRICALS | 08/9 | 10/9 | 601 - 632 | 23 | 14,536 |
| KARAMTARA ENGINEERING | 09/9 | 11/9 | 241 - 254 | 59 | 14,986 |
| LCC PROJECTS | 09/9 | 11/9 | 139 - 146 | 102 | 14,892 |
| STEAMHOUSE INDIA | 09/9 | 11/9 | 77 - 81 | 185 | 14,985 |
| MANIPAL PAYMENT & IDENTITY SOLUTIONS | 09/9 | 11/9 | 322 - 339 | 44 | 14,916 |
| ASSET RECONSTRUCTION CO. (INDIA) | 09/9 | 11/9 | 132 - 139 | 107 | 14,873 |
| RENTOMOJO | 09/9 | 11/9 | 384 - 404 | 37 | 14,948 |
| VEEGALAND DEVELOPERS | 10/9 | 15/9 | 130 - 140 | 107 | 14,980 |
| MANIKA PLASTECH | 11/9 | 16/9 | 40 - 43 | 348 | 14,964 |
| JINDAL SUPREME (INDIA) | 16/9 | 18/9 | 88 - 93 | 161 | 14,973 |

**SME DETAILS**

| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
|---|---|---|---|---|---|
| AMTECH ESTERS | 09/9 | 11/9 | 71 - 75 | 3200 | 2,40,000 |
| VINOD TEXWORLD | 09/9 | 11/9 | 94 | 2400 | 2,25,600 |
| INFRAX RENEWABLE | 09/9 | 11/9 | 104 | 2400 | 2,49,600 |
| PANCHATV BHARAT | 10/9 | 15/9 | 140 | 2000 | 2,80,000 |
| RAKSAN TRANSFORMERS | 10/9 | 15/9 | 258 - 273 | 800 | 2,18,400 |
| OM GALAXY | 10/9 | 15/9 | 85 - 90 | 3200 | 2,88,000 |
| MAHARAJA & SPEEDEX INDIA | 10/9 | 15/9 | 177 - 186 | 1200 | 2,23,200 |
| CENTURY BUSINESS MEDIA | 11/9 | 16/9 | 70 - 74 | 3200 | 2,36,800 |
| INJECTO POLYMERS | 11/9 | 16/9 | 90 - 100 | 2400 | 2,40,000 |
| QUANTO AGROWORLD | 15/9 | 17/9 | 67 | 4000 | 2,68,000 |
| SHAKTI POLYTARP | 15/9 | 17/9 | 56 - 59 | 4000 | 2,36,000 |

DISCLAIMER: અમે સેબીના રજિસ્ટર્ડ ઇન્વેસ્ટમેન્ટ એડવાઇઝર નથી અને અહીં અમે લે–વેંચની કોઇ સલાહ આપી રહ્યા નથી. આ લખાણ માત્ર માર્ગદર્શન પરતું છે. રોકાણ કરતાં પહેલાં આપનાં રજિસ્ટર્ડ ઇન્વેસ્ટમેન્ટ સલાહકારની સલાહ લેવી.

**સિટી ન્યૂઝ**

સૌરાષ્ટ્રનો ધબકાર...

# તમારી સમસ્યા હવે છુપાશે નહીં!

## તમારી કોલોની – તમારો વોર્ડ – તમારો હક

**લાઈટ બંધ રહે છે?**




**ગંદુ પાણી આવે છે?**



**રસ્તા તૂટેલા છે?**



**ગંદકી અને સફાઈની સમસ્યા છે?**



**હવે સીધી ફરિયાદ કરો – "સિટી ન્યૂઝ રાજકોટ" સુધી!**

તમારી સમસ્યાનો ફોટો / વિડિયો મોકલો

અમે તેને સંબંધિત અધિકારીઓ સુધી પહોંચાડશું

**ચૂંટણી હોય કે ન હોય – "સિટી ન્યૂઝ" હંમેશાં રાજકોટની પડખે!**



WhatsApp કરો: **+91 81409 88883**

રાજકોટ

**સ્વચ્છ અને સુવિધાયુક્ત રાજકોટ માટે આપનો સહકાર જરૂરી**